કુમાર

અંક ૧૨

માગશર ઉગતી પ્રજાનું માસિક ૧૯૮૬



કનુ દેસાઇનાં

૧૭ છાયાચિત્રો

મંદિરેથી
કુહડી
પાંડુ–માદ્રી
શકુન્તલા
વસંત
પડતી રાત્રે રણમાં
પ્રતિબિમ્બ
આમ્રપલ્લવી
મંગલ કલા
કચ–દેવયાની
પ્રભાતનો ઉઘાડ
સાન્ધ્ય છાયા
કુણાલ
ગ્રામ્ય માતા
બુદ્ધ–સુજાતા
વૃષ્ટિ
સાયં–સંગીત

વિદ્વાન કલાવિવેચક શ્રી નાનાલાલ ચમનલાલ મહેતાની પ્રસ્તાવના સાથે.

૧૧"×૧૩"ના માપના મોટા જાડા રંગીન માઉન્ટ ઉપર ચોડેલાં અને મનોહારી વિવિધરંગી છપાઈમાં બબ્બે રંગથી છાપેલાં આ ચિત્રો આલ્બમમાં રહી તમારા ઘરને કાયમી આનંદ આપશે; અગર ઇચ્છશો તો છૂટાં કરી તરત તમે ફ્રેમ પણ કરી શકશો.

ઘરનો અણમોલ શણગાર

મિત્રો સારૂ સુંદર ભેટ

રૂ. બે (પો. જુદું)

કુમાર કાર્યાલય . . અમદાવાદ

કુમાર
માગશર ૧૯૯૬
અંક ૭૨

સુધારો

આ અંકમાં પૃ. ૪૮૦ પછીનાં બાળવિભાગથી શરૂ થતાં આઠ પાનાં ઉપર ભુલથી ૪૭૭ થી ૪૮૪ ની પૃષ્ઠસંખ્યા છપાએલી છે; તેને બદલે ૪૮૧થી ૪૮૮ જોઇએ.

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

'કુમાર'માં પ્રગટ થતા કોઇપણ લખાણ, ચિત્ર કે ફોટોગ્રાફનો ઉપયોગ કૉપીરાઇટની રૂએ તંત્રીની પરવાનગી વિના કોઇથી થઇ શકે નહિ. તેમ કરનાર તેને માટે જવાબદાર તથા જોખમદાર ગણાશે.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ: તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨



ચન્દ્રશેખર

(ભગવાન શંકર)

ચિત્રકાર : શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

માગશર ૧૯૮૬ના 'કુમાર'નું મુખચિત્ર

આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક

કુમાર

માગશર
૧૯૮૬

નિરધાર

[દ્રુતવિલંબિત]

રજની ! આ તુજ કાજળના થરો
મુજ ઝીણો દીપ ઝંખવી ના શકે,
તિમિરમાં ડગલાં ભરતો મને
પવન કે ઘન આવરી ના શકે.

ગિરિવરો ! રચી દુર્ગની માળ શું
શિખરથી અવરોધી મને શકો ?
પ્રબળ પાંખ થકી નભ વીંધતો
ઉડીશ પંથ મહીં બસ એકલો.

જળનિધિ ! વનરાજ શી ગર્જના
નહિ જ ખાળી શકે મુજ જોમને,
ઉછળતી ભરતી મહીં ઉપડું
અનમ નાવ નમાવી ન કો શકે.

ચુ. ડા. પાટડિયા





હિંદુસ્તાનની વડી ધારાસભાએ હમણાં લગ્નમર્યાદાનો કાયદો પસાર કર્યો તેથી દેશમાં ચારે તરફ કોલાહલ મચી રહ્યો છે, પણ દેશનાં કુમાર કુમારીઓને તો એ ઉત્સવનો પ્રસંગ છે. આવો કાયદો થયા વિના કદિ આ દેશનાં સ્ત્રીપુરુષો પોતાનાં બાળકોનું હિત સમજીને તેમનાં લગ્ન પાછાં ઠેલત જ નહિ. આજ સુધીમાં કરોડો છોકરા છોકરીઓનાં જીવન તેમની અજ્ઞાન રુઢિઓને લીધે જ રોળાઇ ગયાં છે તેનો ખ્યાલ કરી શકીએ તો આ કાયદાની કીમત સમજી શકીએ.

આજ સુધી લગ્નની મર્યાદા નહિ હોવાથી કેટલાં કુમાર-કુમારીઓને અકાળે સંસાર શરૂ કરવો પડ્યો અને તેને લીધે કેટલાંના અભ્યાસ ધુળ મળ્યા તથા શરીરે ક્ષય લાગુ પડ્યો; કેટલી કુમળી બાળકીઓને જીંદગીભરના વૈધવ્યની સાંકળો પડી અને કેટલા નિર્વંશ થયા, તથા કેટલી હિણકમાક નિર્માલ્ય પ્રજા વધી એ બધાનો વિચાર કરીએ તો ભારતવર્ષને અધોગતિની હદે લાવી મુકનાર આ એક જ ભયંકર પ્રણાલિ હતી એમ લાગ્યા વિના રહેતું નથી. એને આજની ઘડી સુધી નિભાવી રાખનારા ધર્માચાર્યો, ગુરુઓ અને પુરોહિતોએ ધર્મની સાધારણ બાબતો માટે કુટિલ ઝગડાઓ કર્યાં કર્યા છે પરંતુ આવી અધોગતિ કરનારી રુઢિપરંપરાને વિષે તો નીચી મુંડીએ પેટ ભર્યા કરી અભરાઇ પર ધુળ ખાતી શ્રુતિઓના આધારો જ શોધ્યા કર્યા છે. નજર આગળ લાગેલ દાવાનળમાં સળગતી બાળપ્રજા માટે તેમનામાં લાગણીનો છાંટો કે દયાનો અંશ સરખો પ્રગટ્યો નથી. તેમને ખાતે તો એ નિર્દોષ પ્રજાના ભયંકર શાપો જ જમે થાય.

પ્રાચીન ભારતમાં આવાં લગ્નો કરના-

ઈંડું કાચલાની અંદર સજીવ હોય છે. જીવનબળ વધતાંની સાથે કાચલું આપોઆપ તુટી જાય છે. યુવકો પણ જીવનબળ વધારે એટલે પરાધીનતાનું કાચલું આપોઆપ તુટી જશે.
(ડૉ. હરિપ્રસાદ દેસાઈ)

રા કે કરાવનારાઓને માટે શી શિક્ષા થઇ શકે તે તો એ ભૂતકાળની પોથીઓને પૂજનારા પોતે જ શોધી કાઢે તો સારૂં. શંકરનું ત્રંબક ધનુષ્ય તોડનાર તથા પરશુરામનો ગર્વ ઉતારનાર રઘુવીર રામની કે કંસના મલ્લોની જોડે કુસ્તી કરનાર શ્રીકૃષ્ણની અથવા સ્વયંવર કરતી રાજપુત્રીઓની કે બારબાર વર્ષ સુધી અખંડ અભ્યાસ અને વિદ્યાની ઉપાસના પછી પણ આજીવન બ્રહ્મચર્યનાં વ્રત પાળનારાઓની વાતો સંભળાવનારા એ બ્રાહ્મણો પોતે જ લગ્નભાવનાથી પતિત થઇને શે મુખે સનાતન ધર્મનો દિગ્વિજય ઉચ્ચારી શકતા હશે તે આશ્ચર્ય છે!

અને માબાપો પણ ઓછાં જવાબદાર નથી. કેટલા યે વિદ્યાર્થીઓએ અભ્યાસનાં છેલ્લાં એકાદ બે વર્ષો પુરાં કરીને લગ્ન કરવા ધાર્યું હશે, પણ તેમનાં માબાપોની ઉતાવળે અને લગ્નવયની મર્યાદાએ તેમના અભિલાષોને ઘેર્યા હશે. એવાઓની સાક્ષી આ કાયદાની સંપૂર્ણ તરફેણ કરશે. હું પોતે જ્યારે મારા લગ્નના દિવસો યાદ કરૂં છું ત્યારે એમ જ લાગે છે કે એ બે વર્ષો પણ મારૂં એકાકી જીવન ભોગવવાની તક મળી હોત તો મારા વિકાસ અને અભ્યાસમાં અનેકગણો તફાવત પડી જાત.

વળી એ લગ્નોમાં વરકન્યાની જાત પસંદગીની તો વાત જ શી? પણ એ ઝુંબેશ તો હવે જ શરૂ થશે અને લગ્ન માટે યુવક યુવતી સમજણવાળી ઉમરે પહોંચતાં તેઓનાં યુવાનીનાં પૂર, સ્વભાવ તથા વિદ્યાનાં કજોડાં ઉપર અચુક ધસારો લાવવાનાં જ. સમાજે તેની અકળામણ ખમવા માટે હવે તૈયાર થઇ રહેવું. આ કાયદો કુમાર કુમારીનાં મુક્તિદ્વારનું પ્રથમ પગથિયું માત્ર છે.

'કુમાર' આજ છ વર્ષથી દેશના વિદ્યાર્થીઓ તથા યુવાનોની મહેચ્છાનો આદર અને પ્રતિષ્ઠા સ્થાપી રહ્યું છે. તેના કાર્યમાં સહકાર તથા સહાનુભૂતિ આપી રહેલા હજારો વાંચકોના હૃદયમાંથી અમને જે પ્રોત્સાહન અને પ્રતિધ્વનિ સદા ગુંજ્યાં કર્યા છે તેને જ લીધે નિરાશા અને નિરુત્સાહની અનેક ક્ષણો તથા પ્રસંગો વટાવીને પણ અમે આગળ જવાની અનેકવિધ તૈયારી કરી છે. કુમારજીવનને અનુકૂળ અને પ્રેરક એવી વિવિધ લેખસામગ્રી અને ચિત્રો ઉપરાંત કેટલીક સક્રિય હીલચાલ અને પત્રવ્યવહાર વગેરે માટે પણ અમે સાધનો અને માણસો વધારવા માંડ્યાં છે. એમ છતાં મોટાં યંત્રોને અભાવે જોઇએ તેટલું સરતાપણું લાવી શકાતું નથી, એ વાત અમને હમેશાં સાલ્યા કરી છે. છતાં ઈશ્વરકૃપાએ અમારો પુરુષાર્થ સફળ થશે તો એકાદ વર્ષના આંતરામાં કુમારને બહુવ્યાપી કરવા માટે લવાજમ ઓછું કરવાની અથવા ચાલુ લવાજમે વધુ વાંચન તથા ચિત્રો આપવાની યોજના પાર પાડીશું એમ લાગે છે. એ સમય આવે ત્યાં સુધી અમારા પ્રત્યે પક્ષપાત ધરાવતા સુજ્ઞ વાચકોને તેમનો સહકાર ને આશ્રય ચાલુ રાખવા વિજ્ઞપ્તિ કરીને આ વર્ષ પુરૂં કરી સાતમા વર્ષની પ્રવૃત્તિ હાથ પર લઇએ છીએ.

સાતમું સોપાન

આવતે વર્ષે 'કુમાર' કેવું હશે ?

આવતા વર્ષથી કુમાર પોતાની પ્રગતિને સાતમે પગથિયે પગ માંડશે. છેલ્લાં છ વર્ષથી 'કુમાર'ના પહેલેથી બોંતેર અંક સુધી જેઓ તેનો લાગટ પરિચય રાખતા આવ્યા છે એવા પ્રત્યેક વાચકની પ્રતીતિ થઇ હશે કે 'કુમાર' ઉત્તરોતર પોતાના એક પછી એક અંકને વધારે સભર અને સુંદર બનાવતું આવ્યું છે. વર્ષોવર્ષ તેની સામગ્રી વધુ સંગીન અને સમૃધ્ધ બનાવવાના પ્રયાસો થતા જ આવ્યા છે, અને 'કુમારનો આવતો અંક કેવો હશે?' એ પ્રકારની આતુર જિજ્ઞાસા તેની નિત્યની નવીનતા તથા વિવિધતાએ સમગ્ર વાચક જનતાના હૃદયમાં સદા જાગૃત રાખી છે. સાથોસાથ તેની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધતી જ ગઇ છે એ પણ જાહેર વાત છે. પહેલે વર્ષે ઘણી જ અલ્પ ગ્રાહકોથી શરૂ થએલા 'કુમાર'નું સ્થાન આજે ગુજરાતનાં માસિકોની કઇ હરોળમાં છે તેનો નિર્ણય અમારે કરવો લાજિમ નથી.

'કુમાર' જેમ સમૃધ્ધ થતું જાય છે તેમ સસ્તું પણ થવું જોઇએ એ વાત અમારા હમેશના ખટકાનો વિષય છે. જોકે ત્રણ વર્ષથી તે ટગુમગુ કરીને પોતાના પગ પર ઉભું રહેતું થયું છે; તોપણ તેનો શરૂઆતનો ધક્કો હજી ઉભો છે, અને તેમાં વળી આગલા (પાંચમા) વર્ષ કરતાં આ છેલ્લું (છઠ્ઠું) વર્ષ પાછું મોળું ગયું છે. તેમ છતાં પણ જનતાના અંતરની લાગણીની સામે અમારા અંતરનો પ્રતિધ્વનિ સદા રહ્યા જ કર્યો છે, અને આ અંકની મિજલસને અંતે જણાવેલી મુરાદ બર લાવવા અમે મથીએ છીએ. 'કુમાર' સસ્તું અથવા પાનાંથી સમૃધ્ધ કરવાની એ ઇચ્છા પાર પડે એવા સંજોગો ભલે વખત અને તક પાકયે આવવાના હોય, છતાં તેને સામગ્રીથી સંગીન બનાવવાના અમારા પ્રયત્નો તો હમેશની પેઠે ચાલુ જ છે અને આવતા વર્ષને માટે અમે આકર્ષક લેખો તથા ચિત્રોની યોજનાઓ આંકી છે.

વર્ષોવર્ષની પોતાની વિચિત્રતાની પેઠે આવતે વર્ષે પણ 'કુમાર' નવીન જ પુઠાનો સ્વાંગ ધારણ કરશે. ગયા વર્ષની માફક આ વર્ષે પણ દરેક અંકમાં એકેક ત્રિરંગી ચિત્ર અપાશે, અને પુઠાની તથા અંદરની વિવિધરંગી ચિત્રપ્લેટોનું તેનું સૂચક ને આકર્ષક કલાતત્ત્વ એટલું જ અખંડ રહેશે. મુદ્રણ-રચનાનું 'કુમાર'નું હમેશનું અનોખું ને અનન્ય અંગ તો ચાલુ વિકસ્યા જ કરવાનું. અને 'કુમાર'ના લેખવિભાગો કેવો નવો રંગ તથા વિવિધતા ધારણ કરતા જશે તેની ઝાંખી પ્રતીતિ આ અંકની માધુકરી કરાવશે. 'બાળવિભાગ' માટે ગિજુભાઇનાં સુંદર શબ્દચિત્રોની સચિત્ર માળા શરૂ થશે, ને તે ઉપરાંત એમની જ લખેલી 'રખડુ ટોળી 'નો આગળનો ભાગ ચાલુ હપતે (વિવિધ ચિત્રો સાથે) આવી દેશદેશનો રોમાંચ-કારી કલ્પનારંગી પ્રવાસ કરાવશે. આ વર્ષે ફરી ચાલુ થએલો જ્ઞાનલીલાનો વિભાગ નિયમિત આવ્યા કરશે. ને છેલ્લું પાનું ? અનેકના પ્રિય એ વિભાગની સંભારસામગ્રી તો સભર ભરી છે. 'કુમાર' પાનાંથી વિસ્તારી થાય તો એની સાથે એક વિસ્તૃત ચિત્રવિભાગ શરૂ કરવાની યોજના છે; એની થોડી વાનગી આ વર્ષથી જ શરૂ થશે. 'એમને ઓળખો છો ?' નામનો એક નામાંકિત નરોનો ચિત્રપરિચય વિભાગ પણ વધવાનો છે.

દર મહીને એકેક પ્રોત્સાહક જીવનચરિત્ર આપવાની પહેલા જ અંકથી પાડેલી પ્રથા 'કુમાર' ઠેઠ સુધી અખંડ જાળવી રાખવાનું છે અને એમાં આવતા વર્ષે સંગીન ઉમેરો થશે. પહેલા ક્રાંતિવાદી ગુજરાતી નરસિંહભાઇ પટેલ, અને ભારતભરમાં અગ્રણી ક્રાંતિકાર તરીકે પૂજાતા ને પંકાતા દેશ-ભક્ત સાવરકરનો પરિચય 'કુમાર'ના વાંચનારાઓને આ વર્ષે થશે. ડૉ. રામનના લેખક પોતાની વિજ્ઞાનવીરોની લેખમાળામાં આગળ ડૉ. મહેન્દ્રલાલ સરકાર, પ્રો. રામચંદ્ર અને શ્રીનિવાસ રામાનુજમની જીવનરેખાઓ આપશે. બ્રાહ્મો ધર્મના સ્થાપક કેશવચંદ્રસેન, ફ્રેંચ વિજ્ઞાનવીર લૂઇ પાશ્ચૂર અને હિંદમાં મેલે-રિયા જંતુ વિષે અદ્દ્ભુત શોધ કરનાર રોનાલ્ડ રૉસ; મુક્તિ-ફોજના વડા જનરલ બૂથ અને હિંદી બળવાનો સેનાપતિ તાત્યાટોપી વગેરે નવી વિવિધતા આણશે. શ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ અને ડૉ. હરિપ્રસાદ દેસાઇએ પોતાના વિદ્યાર્થી જીવનના લાક્ષણિક અનુભવો 'કુમાર'ને આપવાની તૈયારી કરી છે. વ્યાયામ વિષયોના નિષ્ણાત શ્રી હરિનારાયણ આચાર્ય જગતના ચક્રવર્તી મુક્કાબાજ જૅક ડેમ્પ્સીનો રોમાંચક જીવન-પરિચય કરાવશે. શરીરસ્વાસ્થ્ય ઉપરાંત ટુંકાં પર્યટનોના પણ શ્રી આચાર્ય કેટલા શોખીન છે એની ખાતરી તો એ પોતાની વિશિષ્ટ શૈલીમાં તારંગા, બાલારામ અને ચંદ્રાવતી વગેરે સ્થળોનાં વર્ણનો આવતે વર્ષે 'ધૂળમાં ઢંકાએલાં' નામની લેખમાળામાં આપશે ત્યારે વાચકને થશે. પર્યટનોના એવા જ એક બીજા શોખીન શ્રી સુરેશ દીક્ષિત ('સૈનિક') તો આવતા જ અંકમાં તમને ગુજરાતના સૌંદર્યકેન્દ્ર સુરપાણેશ્વરનો પરિચય આપવાના છે. એ ભાઇ વનસ્પતિવિજ્ઞાનનો વિષય લઇ એમ. એ. થનાર પહેલા ગુજરાતી છે એ વાત તમે જાણતા હશો તો, 'કુમાર'માં તેઓ બહુ રમતી અને લોકભોગ્ય શૈલીમાં 'વનસ્પતિવિજ્ઞાન' નામની સચિત્ર લેખમાળા આવતા વર્ષથી શરૂ કરીને આપણી એ ભુલાએલી કુદરતી સમૃદ્ધિનો પરિચય કરાવવાના છે એ સમાચાર તમને આકર્ષક લાગશે. એ ઉપરાંત આરોગ્ય વિષયક અને ભૌગોલિક લેખો, જગતની ચાલુ વૈજ્ઞાનિક પ્રગતિને સાદી ભાષામાં સમજાવતા સચિત્ર લેખો, ટુંકી વાર્તાઓ અને નાની નાટિકાઓ, તથા વાચકો અને વિવેચકોમાં આદરપાત્ર થએલાં પોતાની લાક્ષણિક ચુંટણીનાં કાવ્યો ને ગીતો વગેરે નિયમિત આવ્યા જવાનાં. આવતા વર્ષ માટે ફોટોગ્રાફીની ત્રણ હરીફાઇઓ એકસાથે જાન્યુઆરી અંકમાં જાહેર થએલી જોશો.

ખાહેશ માત્ર એટલી છે કે વાચકો તરફથી અમને મળતો આવ્યો છે તેવો સહકાર ચાલુ રહે. એકેક ગ્રાહક બીજો એકેક વધારતા જાય તો 'કુમાર' સામગ્રી અને દળમાં બમણું બને.

સ્વાતંત્ર્યનો સૈનિક સુભાષચન્દ્ર બોઝ

કોડાલિયા એ બંગાળમાં ચોવીસ પરગણામાં આવેલું ગામ છે. કટકના સરકારી વકીલ રાય સાહેબ જાનકીનાથ બોઝનું એ મુળ ગામ. તેમને આઠ પુત્રો હતા. સુભાષચન્દ્ર બોઝ તેમાંના એક.

એમ તો આઠે પુત્રો ચમકતી પ્રતિભા ધરાવે છે. એક શરચ્ચન્દ્ર બોઝ કલકત્તાના આગળ પડતા ઍડવોકેટ છે ને ચુસ્ત સ્વરાજિસ્ટ તરીકે પ્રખ્યાત છે. બીજા એક ભાઈ ડૉ. સુનિલચન્દ્ર બોઝ એમ. ડી. છે. પિતા પણ હયાત છે. આઠે ય પુત્રોને ઉચ્ચ પ્રકારની કેળવણી આપવામાં અને પરદેશ મોકલવામાં તેમની સંસ્કારિતા ને પ્રેમ આપોઆપ જણાઇ આવે છે. માતા પણ ધર્માત્મા છે. તેમની પવિત્રતા ને ઉદાર ભાવનાની અસર સુભાષ ઉપર નાનપણમાં પુષ્કળ પડેલી છે.

૧૯૧૩માં સોળ વર્ષની વયે સુભાષચન્દ્રે કટકમા મૅટ્રિક પસાર કરી અને કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં દાખલ થયા. મૅટ્રિક્યુલેશનમાં તેઓ આખી યુનિવર્સિટીમાં બીજે નંબરે આવેલા. કુમાર વયમાં પણ પોતાનો ઘણો સમય તેઓ ગરીબ ને માંદાંની માવજત કરવામાં અને દુઃખીનાં દુઃખ કાપવામાં ગાળતા.

એ વયે તેમનું પ્રિય પુસ્તક હતું 'રામકૃષ્ણ કથામૃત.' રામકૃષ્ણ પરમહંસ તરફ એમને અઢળક ભક્તિભાવ હતો. ધાર્મિક સંવાદોમાં પણ તે ભાગ લેતા. ધીમેધીમે ધાર્મિક વૃત્તિ તરફ તેમનું મન વધુ ઢળતું ગયું અને ઇન્ટરમીડિયેટમાં હતા તે વખતે તો તે કોઇ 'ગુરુ'ની શોધમાં હરદ્વાર, કાશી, વૃન્દાવન અને એવાં બીજાં કેટલાંક ધાર્મિક સ્થળોએ ફર્યા પણ ખરા. ઘણા સાધુઓના પ્રસંગમાં આવ્યા; પરંતુ કોઇના પર અંતરની શ્રદ્ધા ચોંટી નહિ એટલે પાછા ફર્યા.

૧૯૧૫માં તેઓ બી. એ.ના વર્ગમાં આવ્યા. હાલના બંગાળના ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સી. એફ. ઑટન એ વખતે પ્રોફેસર હતા. તે ઘણા વિદ્યાર્થીઓની લાગણી દુભાવવાને માટે નામાંકિત થયા હતા, અને કૉલેજની એકાદ હડતાલના પણ કારણરૂપ હતા. તેમના ઉપર કોઇ કારણસર હુમલો કરવાના આરોપ માટે સુભાષને કૉલેજમાંથી રૂખસદ મળી. અંતે બે વર્ષ પછી ફરીથી સ્વ. સર અસુતોષ મુખરજીની ભલામણથી તે કલકત્તા યૂનિવર્સિટીમાં દાખલ થયા અને ફીલસૂફી લઇને 'સ્કૉટિશ ચર્ચ કૉલેજ'માંથી પહેલા વર્ગમાં બી. એ. પાસ થયા. ૧૯૧૯ની આખરમાં તેઓ વિલાયત ગયા અને આઇ. સી. એસ.ની પદવી મેળવી. સાથે સાથે કૅમ્બ્રિજ યૂનિવર્સિટીમાં 'મેન્ટલ અને મૉરલ સાયન્સિઝ' લઇને બી. એ.ની ઉપાધિ પણ ધારણ કરી.

હવે તેમને સિવિલ સર્વિસમાં ગૌરાંગ પ્રભુઓની સરખામણીમાં ઉભવાનો અને અંગ્રેજ સરકારના વફાદાર તથા નિમકહલાલ નોકર તરીકે હિંદમાં નોકરી કરવાનો અધિકાર મળી ચુકયો હતો. પણ આવતી કાલે શું થવાનું હતું તે કોણ જાણતું હતું?

સરકારી શાળાઓનો ત્યાગ, પરદેશી કાપડનો બહિષ્કાર ને તેની ઠામઠામ હોળીઓ, વકીલોની વકીલાતનો ત્યાગ,—આમ અસહકારનાં પૂર હિંદના એક ખુણાથી બીજા ખુણા સુધી પુર જોશમાં વહી રહ્યાં હતાં. ગાંધીજીની રણભેરી ફુંકાઇ રહી હતી. મશહૂર વકીલો હજારોની આમદાનીને ઠોકરે મારી વકીલાતનો ઝબ્બો ફગાવી રહ્યા હતા. 'બત્રીસ લક્ષણા' યુવકોનાં સમર્પણની માગણી થઇ રહી હતી, અને તેવા અસંખ્ય નવજવાનો દેશને ચરણે પોતાનાં જીવન ધરી રહ્યા હતા. પશ્ચિમનો સ્વાતંત્ર્ય પવન ખાઇ આવેલો તેજસ્વી સુભાષ આ વખતે સરકારી નોકરીમાં પગ માંડે એ કેમ બને?

સરકારની વફાદારી કરતાં દેશની સ્વતંત્રતા તેને વહાલી હતી. દેશની હાકલને શિર ઝુકાવી તેણે તરત જ દેશબંધુની સરદારી નીચે સ્વદેશસેવામાં ઝંપલાવ્યું.

પહેલાં 'બંગાળ રાષ્ટ્રીય વિદ્યાપીઠ'ના આચાર્ય તરીકે અને પછી 'રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'ના સેનાપતિ તરીકે કામ કર્યું. એવામાં સરકારની જેલની ૭ માસની મહેમાનગતી સ્વીકારવાની આવી. ત્યાંથી છુટયા પછી ૧૯૨૨માં 'ઉત્તર બંગાળના પ્રલયપૂર' વખતે એ કમિટિના મંત્રી તરીકે અત્યંત કાર્યદક્ષતા અને વ્યવસ્થાશક્તિ દાખવી રાતદિવસની રંજ ખેડી કામ કર્યું. એવામાં ડિસેમ્બર માસ આવ્યો, અને ગયાની મહાસભા વખતે દેશબંધુએ નવો સ્વરાજિસ્ટ પક્ષ ઉભો કર્યો.



શ્રી સુભાષચન્દ્ર બોઝ

સ્કેચ : રવિશંકર રાવળ

"યુવકોના બે સર્વમાન્ય સરદારો સમા સુભાષચંદ્ર બોઝ ને જવાહરલાલ નેહરૂ પોતાના વિચાર-વાણીના પ્રભાવ અને ઉદ્દીપનકારી ઉદ્‌ઘોષણાઓથી આજે સારા ભારતવર્ષને વશ કરી રહ્યા છે. સુભાષચંદ્ર ભારતવર્ષના યશસ્વી ભૂતકાળમાંથી પ્રેરણા પામી નવયુગના સર્જનનાં સોણાં સેવનારો અસામાન્ય આદર્શભક્ત છે, જ્યારે પંડિત જવાહરલાલ મૃત ભૂતકાળની ઉપેક્ષા કરીને સાંપ્રત બળોના નવા પાયા પર નવી ઈમારત ચણવાની ભાવનાની ભક્તિ કરનારો નૂતન રાજપુરુષ છે. બંને વચ્ચે ઉત્તર દક્ષિણ ધ્રુવ જેટલો દૃષ્ટિકોણનો મૂળભૂત તફાવત છતાં અથંગ પૂજ્યભાવથી ભરેલા સુભાષચંદ્ર અને અથંગ બળવાખોરીથી ઉભરાતા પંડિત જવાહરલાલની વિચારણાઓની પાછળ એક જ મનોદશા વસી રહી છે: 'યુવકને ન હોય દેશનું બંધન, ન હોય કોમ કે ધર્મની મર્યાદા: યુવક એવી બધી નાનીનાની વિચારણાઓથી પર હોય છે.'"

સુભાષચંદ્રે તેમાં ભળી ધારાસભા પ્રવેશના કાર્યક્રમને અપનાવ્યો અને પછી તો મન મુકીને હિંદની સ્વાતંત્ર્ય લડતમાં ઝુકાવ્યું.

આ જ અરસામાં દેશબંધુએ પોતાના પક્ષનો સૂર પ્રગટ કરવા 'ફૉર્વર્ડ' નામનું અંગ્રેજી દૈનિક શરૂ કર્યું. તેના કાર્યકર તંત્રી તરીકેનો બધો બોજો સુભાષ બાબુએ ઝીલી લીધો અને ટુંક મુદતમાં એને પ્રજાનું માનીતું મુખપત્ર બનાવ્યું. તે પછી કલકત્તા મ્યુનિસિપલ કૉર-

પોરેશનના 'ચીફ ઑફિસર' તરીકે માસિક માત્ર ૧૫૦૦ રૂપિયા લઇને એમણે કામ કર્યું. અહીં એમના પ્રામાણિક જીવન અને કર્મણ્યતાની લોકોને જાહેર પ્રતીતિ થઇ.

આ દરમ્યાન બીજી બાજુ અસહકારનો જુવાળ શમતો જતો હતો. એ તકનો લાભ લઇ નોકરશાહીને પોતાનો લોખંડી પંજો અજમાવવાનું ઠીક લાગ્યું. ૧૯૨૪ માં સરકારે 'બેંગાલ ઑર્ડિનન્સ'નો કાયદો બહાર પાડ્યો, એને એની રૂએ, કોઇ પણ જાતનો કેસ ચલાવ્યા સિવાય ગમે તે વ્યક્તિને પકડીને પોતે જેલમાં પુરી શકે તથા ફાવે તેટલી મુદત ગોંધી રાખે એવું શસ્ત્ર ઘડયું. દેશસેવા પ્રીત્યર્થે કામ કરતા અનેક ખાનદાન યુવકો અને પ્રતિષ્ઠિત પુરુષો આ શસ્ત્રના ભોગ થયા. સુભાષ તો એમાંથી કેમ જ બચે?

દેશબંધુનો ક્રોધ આથી ધુંધવાઇ ઉઠ્યો. નોકરશાહીનું આ શસ્ત્ર તેમને આંખમાં કણાની પેરે ખુંચ્યું 'ઑર્ડિનન્સ'ની સામે વિરોધનો પોકાર ઉઠાવવા માટે તેમણે કૉર્પોરેશનમાં સભા ભરી અને નીચે પ્રમાણે તેમણે પોતાના હૃદયની ભભુકતી જ્વાળા બહાર કાઢી: 'જો સ્વદેશપ્રેમ એ ગુનોહ હોય તો હું ગુનેહગાર છું. જો સુભાષ બોઝ ગુનેહગાર હોય તો હું પણ ગુનેહગાર છું; કૉર્પોરેશનો એકલો 'ચીફ ઑફિસર' જ નહિ પણ હું—કૉર્પોરેશનનો મૅયર પણ સરખો જ ગુનેહગાર છું.'

૧૯૨૪ના ઑક્ટોબરની ૨૫મી તારીખે સુભાષચંદ્ર બોઝ પર ગિરફતારીનું બંધન પડયું અને તેમને અલીપોર જેલમાં રાખ્યા. થોડા વખત ત્યાં રાખી મુર્શિદાબાદની બર્હામપોર જેલમાં ખસેડ્યા, અને ત્યાંથી પછી થોડા જ માસમાં બ્રહ્મદેશની પ્રખ્યાત માંડલેની જેલમાં મોકલ્યા. માંડલેની ગરમી ને એકલતાએ તેમની તબિયત પર બહુ ખરાબ અસર કરી. એક મણ જેટલું વજન ઘટી ગયું ને ક્ષયનાં ચિહ્ન જણાવા લાગ્યાં. પણ આ બધું, સુંવાળા સંસ્કારમાં ઉછરેલા એ ગર્ભશ્રીમંતના નબીરાએ મુંગે મોઢે સહન કર્યા જ કર્યું. એ જાણતા હતા કે તે વખતે દેશમાં પણ કેટલા ય દેશપુત્રો આના કરતાં યે ભયંકર યાતનાઓ ભોગવી રહ્યા હતા.

ક્ષયે ભયંકર સ્વરૂપ પકડવા માંડયુ અને ૧૯૨૭માં તો તેઓ ખાટલાવશ થયા. દેશના આગેવાનોએ અને વર્તમાનપત્રોએ આ જુલ્મની સામે પોકાર ઉઠાવ્યો, પણ કશી જ દાદ આપવામાં આવી નહિ. ઉલટું રાજદ્વારી કેદીઓના વિષયમાં સરકારે પોતાની તુમાખી અને બેદરકારી વધારવા માંડી અંતે જ્યારે સરકારી ડૉક્ટરે પણ રોગની ચિકિત્સા કરી અને તેમની સ્થિતિ ભયંકર છે એમ જાહેર કર્યું ત્યારે સરકારને જરા ચટપટી થઇ. એણે જાહેર કર્યું કે હવાફેરની ઈચ્છા હશે તો એમને સ્વિટ્ઝર્લૅડ જવા દેવામાં આવશે; પણ એમની સ્ટીમરને હિંદુસ્તાનના કિનારાના કોઇ પણ બંદરે થોભવા દેવામાં આવશે નહિ. આનો અર્થ એ થયો કે આટલી ભયંકર સ્થિતિ છતાં સરકાર એમને મુક્ત કરવા તો ઇચ્છતી જ નથી; પણ જેલમાં રહીને આ બીમાર દશામાં મૃત્યુ પામવું અથવા સ્વિટ્ઝર્લૅડની દેશપારી સ્વીકારવી એ બેમાંથી પસંદગી કરવાનું સૂચવેછે.

સુભાષ બાબુ જેવો તેજસ્વી માણસ આવું અપમાન કેમ સ્વીકારે? એમનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઉઠ્યો, અને સરકારની આ જાહેરાત વિષે એણે પોતાના ભાઇ પર લખેલા પત્રમાં ખુબ ઝાટકણી કાઢી તથા પોતાનો નિરધાર જાહેર કર્યો કે 'મિ. મોબરલીના એકેએક વાકયનું મેં મનન કર્યું છે. મને એ શરતમાં માણસાઈ નથી દેખાતી. એ અન્યાયી છે, અસ્વીકાર્ય છે. મારી જન્મભૂમિને સદાકાળને માટે છોડી દેવી એના કરતાં જેલમાં સડીસડીને મરવું મને વધારે પ્રિય લાગે છે. એવા મોતનો મને લેશમાત્ર ડર નથી. મારા આત્માને આજે પરમ સંતોષ છે કે પ્રભુએ મારા પર દેશ-કર્તવ્ય નાખી કસોટી કરવા ધારી છે. આપણા દેશનાં પાપો માટે પ્રાયશ્ચિત્ત કરવા પ્રભુએ મને પસંદ કર્યો હોય એમ લાગે છે. મારી ખાતરી છે કે હું એમાંથી પાર ઉતરીશ અને બની શકે તેટલું પ્રાયશ્ચિત્ત કરી કૃતાર્થ થઇશ તથા દેશઋણમાંથી મુક્ત થઇશ. મારી એ પણ ખાતરી છે કે અમે મરીશું પણ અમારા પ્રગટાવેલા વિચારો નહિ મરે. પ્રજાના સ્મૃતિપટ ઉપરથી તે કદિ ભુંસાવાના નથી; અને ભાવી પ્રજા અમારાં સેવેલાં સ્વપ્નોની અધિકારી બની જરૂર તેને સફળ કરશે.'

દિનપ્રતિદિન શરીર ખવાતું જતું હતું પણ અંદરની આત્મજ્યોત વધારે ને વધારે જ્વલંત બનતી જતી હતી. ભાઇઓએ, મિત્રોએ, સંબંધીઓએ હવે તેમના છુટા થવા વિષેની આશા છોડી દીધી હતી.

કલકત્તામાં ખબર પ્રસર્યા કે 'એરોન્ડા' સ્ટીમર સુભાષ બોઝને લઈને આવે છે. પલવારમાં તો માનવ મેદનીનાં ટોળેટોળાં એ દેશવીરને વધાવવા ઘાટ ઉપર ઉલટયાં. પણ સ્ટીમર તો દૂર દરિયામાં ઉભી રહી. લોકોનાં મન કંઇકંઇ આશંકાઓથી ઉભરાવા લાગ્યાં. થોડીવારે ગવર્નરની અમલદારી સ્ટીમ લૉંચમાં ગવર્નરના ખાસ ડૉકટર મેજર હિંગ્સ્ટન બીજા ડૉકટરો સાથે સ્ટીમર ઉપર જવા ઉપડયા. શરીર ફિકકું, સુકકું અને શક્તિહીન દેખાતું હતું. ત્રણ માસ ઉપર જેમણે જોએલા તે ડૉકટરો પણ આ દેખાવ જોઇ અજાયબ થયા. મેજર હિંગ્સ્ટને તથા બીજા ત્રણ પ્રખ્યાત ડૉકટરોએ તેમને તપાસ્યા.

એ રવિવારની રાત્રે તો તેઓ ઘરભેગા ન થયા, પણ બીજે દિવસે સવારે—૧૯૨૭ના મે માસની ૧૬મી તારીખે સોમવારે તેમના ભાઇને નીચે મુજબનો તાર મળ્યો. 'બંગાળ સરકારે સુભાષચન્દ્ર બોઝને છુટા કરવાનો હુકમ કર્યો છે. મહેરબાની કરી તેમને લઇ જવાની ગોઠવણ કરશો.'

આ સમાચારથી કલકત્તા ગાંડું થઇ ગયું. ઠેરઠેર સભાઓ ભરાઈ, મંદિરોમાં પ્રાર્થના થઇ, લોકોનાં હૃદય પોતાના દેશવીરને જોઇ પુલકિત થઇ ઉઠયાં. ઘેર આવીને તરત જ તેમણે નીચેનો સંદેશ બહાર પડાયો: 'હું છુટયો એટલે હવે મારી પ્રથમ ફરજ જેમ બને તેમ જલદી મારી તબિયત સુધારી લેવાની છે કે જેથી મારૂં દેશકાર્ય હું પહેલી તકે શરૂ કરી શકું. કેમકે હજી મારા અસંખ્ય સાથીઓ—બંગાળના નવજુવાન કેદીઓ દીવાલો પાછળ જે યાતનાઓ વેઠી રહ્યા છે તેનું શૂળ રાત્રિદિવસ મારા મનમાં ખટકયા કરે છે. હું આશા રાખું છું કે હું વહેલો સાજો થઇ જાઉં અને જે કાર્ય આપણે માથે ઉપાડ્યું હતું તેમાં મારા સાથીઓ જોડે સંપૂર્ણ સ્વાસ્થ્ય અને તત્પરતાથી જોડાઇ જાઉં.'

અને સ્વરાજનો એ સૈનિક ટુંક મુદતમાં પાછો સ્વાતંત્ર્ય યુદ્ધ માટે સજ્જ થઇ ગયો. તરત તે બંગાળ પ્રાંતિક સમિતિના પ્રમુખ નીમાયા. થોડા વખત પછી ભરાએલી ૧૯૨૮ની કલકત્તાની કૉંગ્રેસ વખતે સ્વયંસેવક દળના સેનાપતિ તરીકે એમણે સરસ વ્યવસ્થાશક્તિ દાખવી. એ આખું સ્વયંસેવક સૈન્ય તેમણે અંગ્રેજ સૈન્યની ઢબે તૈયાર કર્યું હતું. અને લશ્કરી



લાહોરમાં ભરાનારી મહાસભાના પ્રમુખ
ભારતના જાગૃત પ્રાણના પ્રતિનિધિ પંડિત જવાહરલાલ નેહરૂ

પોશાકમાં સજ્જ થએલા જુવાન બંગાળી સ્વયંસેવકોની વ્યવસ્થિત ટુકડીઓએ લશ્કરી બેન્ડના ઉત્તેજક સૂરો વચ્ચે સૈન્યની જે અદા, છટા અને રૂઆબથી કૉંગ્રેસના પ્રમુખ શ્રી મોતીલાલ નેહરૂને માન આપ્યું તે જોતાં સૌને ઘડીભર લાગી ગયું કે હિંદીઓ સૈનિક તરીકે તાલીમ કે વ્યવસ્થામાં ઉતરે એવા નથી.

ટુંક વખતની આટલી ખેંચાણકારક અને તેજસ્વી કારકીર્દિ પછી પણ સુભાષ બોઝનું નામ ખરેખરૂં હિંદી જનતાની જીભે રમતું થયું તે તો કલકત્તાની એ મહાસભા પછી જ. પીઢ નેતાઓના વલણ અને મોટી બહુમતી 'સંસ્થાનિક સ્વરાજ' માટેના નિર્ણય તરફ હોવા છતાં પોતાને સ્વાભાવિક એવી નિખાલસ નીડરતા અને તેજસ્વિતાથી તેમણે 'સંપૂર્ણ સ્વતંત્રતા'નો પોતાનો નિર્ણય જાહેર કર્યો, ને ગાંધીજી તથા મોતીલાલજી જેવા નેતાઓની સામે જવાહરલાલે ને તેમણે 'સંપૂર્ણ સ્વાતંત્ર્યવાદી' તરીકેનો ઝંડો ફરકાવી પોતાના જેવા ઉદ્દામ મતવાદીઓનો નવો પક્ષ ઉભો કર્યો.

ઉછળતા લોહીના, દેશના જુવાન વર્ગના તેઓ તે દિવસથી પ્રિયપાત્ર બની ગયા છે અને આજે જુવાન હિંદના જાગૃત પ્રાણના પ્રતિનિધિ જેવા, એ સુભાષ અને જવાહરલાલ બે અશ્વિનીકુમારો જેવા ભારતના યુવકને પ્રેરણાના અમી પાઇ દોરી રહ્યા છે.

નટવરલાલ દવે

પલટાતાં તેજ

[રચનાત્મક આદર્શવાદની એક નાટિકા]

દૃ. ૧

[હૉસ્ટેલની એક રૂમ: ભવ્ય નહિ, તેમ કબુતરખાના જેવી પણ નહિ. તાજો ચુનો દીધેલી દીવાલ પર ટાંગેલી દેશનેતાઓની થોડીક છબીઓ, એક ખુણામાં પડેલો નાનકડો બિસ્રો, અભરાઈ પર રઝળતી ચોપડીઓ અને બારીમાંથી ફૂંકાતા પવનને લીધે ઓરડામાં ફુદરડી ફરતા નકામા કાગળો.

વૅકેશનમાં બહારગામ જવાની તૈયારી કરતો ચંપકલાલ ટ્રંકમાં કપડાં ગોઠવે છે. એની નજર વારંવાર બારણાં ભણી દોડતી હોય છે.]

ચં: (મનમાં) બધા ચાલ્યા ગયા. (નીચે વરંડામાં નજર ઠારી) કેવું વેરાન જેવું લાગે છે! ક્યાંય તેજ નથી, આનંદ નથી. ભણકારા યે અલોપ થયા છે. (પહેરણની ઘડી પાડે છે.) હું પણ આજે જતો રહીશ. આવતી કાલની નિર્જનતા આજના કરતાં વધારે વિકરાળ હશે. (ટ્રંકને ઝડપથી બંધ કરી તાળું મારે છે.) હવે પુસ્તકો બાકી રહ્યાં. (પુસ્તકોની થેલી ઉપાડી ધુળ ખંખેરતાં) આટલાં બધાંને શું કરવાં છે? ને વળી આ અભ્યાસનો કચરો. (થેલી ઠલવે છે તેમાંથી ડઝનેક અંગ્રેજી પુસ્તકો અભરાઈ પર નાખે છે.) ઇન્દુકુમાર, તણખા, માલાદેવી, શાહજહાં . . . (વીણે છે) એક બે સારાં અંગ્રેજી પણ લઈ લઉં. ગાર્ડિનરના નિબંધો ને સૅકવિલિનાં ટુંકાં કાવ્યો; બસ. (શોધવા માંડે છે.)

[બહારથી અનિલ, લલિત ને ત્રંબક દાખલ થાય છે.]

અ: કેમ, બધું પૅક થઇ ગયું?

ચં: (ડોકું ફેરવી) કાંઇ વાંક છે? સવ્વા બે કલ્લાક થયા.

લ: (જિજ્ઞાસાથી) ચંપક, પછી કયાં જવાનું નક્કી કર્યું? રાજકોટ, તારા મામાને ત્યાં કે ક્યાંય બીજે?

ચં: (ભાવિ આનંદથી) ગામડાંઓમાં. શહેરોમાં શુ જોવું છે? લીલાંછમ ખેતર, કુવાના મીઠાં પાણી, મનરંજક શાંતિ—

ત્રં: (વચ્ચે) પુસ્તકો આટલાં જ લીધાં? છ સાત જ?

ચં: એક મહીના માટે આટલું વાંચન થોડું છે?

ત્રં: (ખુશામત કરતો હોય તેમ) થેલી ભરેલી હોય તો ઠીક લાગે. ગામડાંનાં માણસો જાણે કે કૉલેજમાં ભણે છે ને—

ચં: (તીર ફેંકતો હોય તેમ) એટલે દંભ ખાતર પણ મારે વધારે લઇ જવાં જોઇએ, એમ?

લ: કૉલેજિયન એટલે દંભ, અભિમાન, તોછડાઈ.

ત્રં: સરસ વ્યાખ્યા! (ફિક્કું હસીને) લલિત, માન્યતા કડવી થઈ ગયા પછી મીઠી નહિ થતી હોય?

લ: (અજાણ્યા તિરસ્કારથી) એક ઉપાય છે.

ચં: શો?

લ: જો કૉલેજો બંધ કરવામાં આવે.

ત્રં: માનવા જેવું નથી. (આડું જોઈ) એમાં શિક્ષણની સંસ્થાઓનો દોષ નથી.

અ: ત્યારે?

ત્રં: (સમજાવવાની રીતે) શિક્ષણપદ્ધતિનો છે.

[ત્રણે જણને તેનાં વખાણ કરવાનું મન થાય છે.]

ચં: કેટલા વાગ્યા? (ઘડિયાળમાં જોઈ) સાડા ત્રણ! (ચમકે છે) ટ્રેનને પોણી જ કલાકની વાર. (મિત્રો સામે જોઇ) તમે ત્રણે જણ સ્ટેશન ઉપર આવશો?

લ: (સાદાઈથી) હું જુદાજુદા પત્રો લખે એ સ્વાર્થે. (બધા હસે છે)

ચં: (તૈયાર થઇને) ચાલો ત્યારે. (ટોપી માટે વિચાર આવતાં) ફરી ટ્રંક ખોલવી પડશે.

[ટ્રંક ખોલે છે. કપડાંની નીચે મુકેલી ખાદીની ટોપી કાઢે છે. ત્રણે જણ નીચા વળી ટ્રંકમાંની વસ્તુઓ જોઇ લે છે.]

અ: (આશ્ચર્યથી) આ વર્ષે બધું ખાદીનું કરાવ્યું ચંપક?

ચં: (ટ્રંકને તાળું દેતો) શું ખોટું કર્યું?

ત્રં: (અટ્ટહાસ્યથી) હવે સ્વરાજ્ય વહેલું આવવાનું.

ચં: (ચંપલ પહેરતો) ચીનમાં એક કહેવત છે (સામાન બરાબર તપાસે છે) કે જ્યારે તરવારો બુઠ્ઠી થશે, કોદાળીઓ ચકચકિત થશે, અનાજના ઢગલાથી કોઠારો છલકાઇ જશે, દાક્તરો પગે ચાલીને અને વેપારીઓ પૈસો પાથરીને ગરીબોની સેવા કરશે અને (જવાની ઉતાવળમાં હોય છે) જુવાનો જીવવાનો મોહ ફગાવી દેશે ત્યારે સાચું સ્વરાજ્ય આવશે.



અચેતન સૌંદર્ય

જગતની પ્રત્યેક જડ વસ્તુમાં પણ સુપ્ત સૌંદર્ય રહેલું છે અને રસિક આંખ તે સ્થળે સ્થળે નિહાળી શકે છે. ઉપરના ચિત્રમાં સાદી નજીવી ચીજો પણ મનોહર સંયોજન અને છાયાપ્રકાશની રમણીય રચનામાં પડેલી હોઇ સુંદર સમૂહદર્શન આપે છે

ચિત્ર સરસાઇની હરીફાઇ

ઉપલા ચિત્ર ઉપરથી ૭×૧૦ ઇંચના માપના કાગળ ઉપર, ૫૩/૪×૯ ઇંચના માપની, એક જ રંગમાં સુંદર નકલ ઉતારી મોકલો. ઉંચી સરસાઈ બતાવનારાઓમાં અમે યોગ્યતા પ્રમાણે અનુક્રમે દસ ઇનામો વહેંચીશું અને તેમનાં નામ પ્રસિદ્ધ કરીશું પહેલું ઇનામ રૂ. ૭નું છે. ચિત્રો ૧૯૩૦ના ફેબ્રુઆરીની ૧લી તારીખ સુધીમાં કુમાર કાર્યાલયમાં પહોંચવાં જોઇએ.



યમુના તીરે મથુરા
[ફોટો : પંચાણભાઈ વારા]

જામનગર ફોટો કંપની વાળા શ્રી પંચાણભાઇ વારા સિદ્ધહસ્ત ફોટોગ્રાફર છે. હમણાં જ તેઓ હિંદનો પ્રવાસ કરીને બહુ સુંદર ચિત્રસામગ્રી એકઠી કરી લાવ્યા છે. 'કુમાર'ના હવે પછીના તરતના એકાદ અંકમાં એમનો એક ટુંકો લેખ જે ફોટો ચિત્રો સાથે પ્રગટ થવાનો છે તેની વાનગી રૂપે ઉપલું ચિત્ર આપ્યું છે.

[તાળીઓના ગગડાટથી ઓરડો
નાટકશાળા જેવો બની જાય છે.]

ત્રં: (જરાં સંકોચાતે સાદે) જબરો માણસ છે.

[બધા બહાર નીકળે છે. ચંપકની નજર ફરી
એકવાર ઓરડાના ખુણા શોધી વળે છે.]

દૃ.૨

[ગામડાનો જીર્ણ ચોરો; બાજુએ શંકરની જુની દે'રી, અને દે'રીને છાયા કરતો પાસે ઉભેલો પારસપીપળો. ચંપકલાલ ગામનાં છોકરાંને ભેગાં કરી અવનવી રમતો શીખવે છે. કિલકિલાટથી ચોરાનું ચોગાન ગાજી રહ્યું છે.]

ચં: તારાં ત્રણે બાણ નકામાં ગયાં બાબુ; હવે ગણપતનો વારો. (ગણપત તરફ હસીને) ગણપત!

[ગણપત ઉઠીને નજીક આવે છે ને છત્રીના તારનાં બનાવેલાં બાણ અને કમાન હાથમાં લઈ પીપળા ઉપર ટાંગેલા નિશાન તરફ તાકી બાણ છોડે છે એક, બે, ત્રણ .... તેનાં બધાં બાણ નિશાનને અડકયા વિના સરકી જાય છે. તે હતાશ થઇ જાય છે.]

ચં: (આછું હસીને) ગણપત, તું યે નાપાસ. નિશાન તાકવાનું કામ તો કોઇ રજપુતનું.

[પાસે બેઠેલા એક અજાણ્યા છોકરાના મોં પર હાસ્યની આછી ચમક ઉઠે છે. પોતાનું સુકલકડી શરીર ઉચકી તે ઉભો થાય છે. બધા હસે છે. ચંપક નાકે આંગળી મુકી બધાને શાંત થવાનું સુચવે છે.]

છોકરો: (પણછ ખેંચી નિશાન તાકીને) આમાં તે શું પાડવું છે? (પહેલે જ બાણે નિશાન પાડે છે.) આ તમારૂં નિશાન. ગઇ હુતાશણીએ હું સાચી તરવારે રમ્યો હતો.

ચં: શાબાશ, જાણે પાંડવનો અર્જુન!

[ચંપક તેની પીઠ થાબડે છે. ઘણાખરા ચંપકનો બોલ ઝીલે છે કેટલાક નાના ચેકુસો 'ભૂપત ભોંયશીંગિયો ભૂપત ભોંયશીંગિયો' એવી બુમો પાડે છે. અપમાન લાગ્યું હોય તેમ છોકરો નીચું જુએ છે.]

ચં: (માથે હાથ ફેરવી) તારૂં નામ?

છો: (શરમાઇને) ભૂપતસંગ. અમે રજપુત કહેવાઇએ. કોઇ તુંકારે બોલાવે તો અમને માઠું લાગે.

ચં: એમ? (બનાવટી રીતે) ત્યારે આજથી તમને અમે બધાં ભૂપતસંગ કહીશું ઠીક?

[ભૂપતના મોં પર હાસ્ય ફુટે છે.]

ચં: (મનમાં) લોકો કહે છે કે રજપુતી રાંડી ગઇ. જાતિનું તેજ વિલીન થઇ ગયું. એમાં કેટલુંક ખોટું છે. કોઇપણ જાતિનાં પાણી મરી નથી ગયાં. એના ઉપર ગુલામીના, અજ્ઞાનના થર ચડયા છે. તેમને સાચી સ્થિતિનું ભાન કરાવવા મશાલોની જરૂર નથી; જ્ઞાનના એકાદ તણખાની છે. એક તણખો કયારેક આખું જીવન પ્રજવલિત કરી મુકે છે. (પ્રકટ) ચાલો હવે, કાનજી અને લક્ષ્મણ તમે ગદાયુદ્ધ રમો. જાઓ બે ગદા લઇ આવો.

[એક છોકરો દોડીને દે'રીમાંથી લુગડાંના ગાભા ગંઠીને બનાવેલી બે ગદા લઇ આવે છે. કાનજી ને લક્ષ્મણ કછોટા મારી, ગદા પકડી સામસામા ઉભા રહે છે. ચંપક સીટી મારે છે; ગદાયુદ્ધ શરૂ થાય છે.]

ચં: (ઉત્સાહ આપતો) શાબાશ. લક્ષ્મણના હાથની ઝડપ ભારે છે, પણ આ કાનજી બાવડાં બળિયો લાગે છે. એ ... લક્ષ્મણની ગદા ઉડી; લક્ષ્મણ પડયો!

[લક્ષ્મણના હાથમાંથી ગદા ઉડી જાય છે ને
કાનજીની ગદાના ફટકાથી તે નીચે પડી જાય છે.
કાનજીના મોં પર અસામાન્ય વિજય છે.]

ચં: આજથી આ કાનજી આપણી ટુકડીનો ભીમસેન ને આ ભૂપતસંગ અર્જુન.

[ભૂપત ને કાનજી મલકાય છે.]

કા: (ફુલાઇને) ગઇ પુનમે મેં સીમમાંથી દીપડો તગડયો'તો. મારો મોટો ભાઇ સાવજના જ શિકાર કરતો. મારો કાકો બહારવટિયાને—

બાબુ: (તેથી હમેશની ટેવથી ચીડાતો) આ કાનજી તો પાછો એની બડાઇ નહિ મુકે. નિશાળમાં ય એના દાદા ને વડદાદાની વાતો કરતો હોય.

[કાનજીના નાકનું ટીચકું ચડે છે.]

ચં: બાબુ, તમે બધા નિશાળે જઇ શું ભણો છો?

બા: એ તો કોઈને ખબર ન પડે. માસ્તર ગોટા વાળે ને અમે માથું હલાવી 'હા હા' કરીએ.

ચં: (ઉંડો નિસાસો લઇ મનમાં) આ છોકરાઓ શું ભણે? કાલે નિશાળની મુલાકાત લીધી ત્યાં જ ખાતરી થઇ ગઇ. દસ વાગ્યે દરવાજો ઉઘડે. અગિયાર વાગ્યે માસ્તર ગોઠણ સુધી પોતડી વીંટી ઉઘાડે ડીલે ખુરશી પર બેસે. છોકરાઓ બગલાની જેમ ટાંપી રહે. માસ્તર સાહેબ લેસન ગોખવાનું કહી ટેબલ ઉપર પગ લંબાવી ત્રણ વાગ્યા સુધી ઉંઘે ને ચાર વાગ્યે કાલના લેસન આપી રજાની ઘંટડી વગાડે. (કડવું હસીને) આ શિક્ષક, આવું શિક્ષણ. બીચારા વિદ્યાર્થી-

ઓની શી વલે? (કંઇક યાદ લાવી બુમ મારે છે.) ગણુપત!

ગ: (દોડતો આવી) મને બોલાવ્યો ચંપકભાઇ?

ચં: કાલે તમારે કોઇને નિશાળે ન જવું.

ગ: (પુછવાની હીમત કરી) કેમ?

[બધા આશ્ચર્યથી તેની સામે જોઈ રહે છે.]

ચં: તમે બધા કાલે અહીં આવજો. હું તમને આગબોટોની, મીલોની, વાયરલેસોની અને વિમાનોની વાતો કરીશ.

બધા: (ગેલમાં આવી જઈ) ત્યારે તો ખુબ મજા પડશે.

[ચંપક ઉઠે છે. ધીમેધીમે સૌ વિખરાવા માંડે છે.]

૩

[ચંપક ચોરા ઉપર એકલો ફરતો હોય છે.]

ચં: (મનમાં) જોતજોતાંમાં કેટલા દિવસો ચાલ્યા ગયા? (ગણીને) પોણો મહીનો. હવે પાંચ જ દિવસ; બસ, પાંચ જ. પહેલી તારીખે તો કૉલેજ ઉઘડશે. આટલા દિવસો કેવા આનંદમાં વીત્યા? શરીર કેવું મજાનું થઇ ગયું! અને તંદુરસ્તી! (બાવડાં અને છાતી તરફ ધારીને જુએ છે) કેટલી સરસ! શહેરમાં તો માંદાસાજા મટીએ જ નહિ. કાચોપાકો ખોરાક, નળનાં દવા મેળવેલાં પાણી: અને જાજરૂની ગંદકી! (મોઢે હાથ ઢાંકી) તોબા! અહીં જીંદગી પુરી કરવી હોય તો કેવાં મજા! આખો દિવસ વગડામાં રખડવું, ઝાડે ઝાડ ઓળખવાં, પાંદડે પાંદડું પિછાની લેવું. ધણની સેના જોવી, ભરવાડની વાંસળી સાંભળવી અને ઝાડને છાંયે વાંચન અને ચિંતવન કરવું. કેટલાં નિર્મળ અને પવિત્ર દશ્યો! (જરા થંભી) પાંચ દિવસ પછી તો આ બધું સ્વપ્નાં જેવું લાગશે. એ જ કૉલેજ, એ જ ક્લાસ; એ જ કુંભારો ને એ જ ગધેડાં. (કડવું હસીને) ભૂપત, બાપુ, ગણપત, કાનજી પાછા ઢોર ચારવા જશે ને નવરાશે ભણશે; નિશાળમાં માસ્તર ઉંઘશે ને ચોરો ઉજ્જડ પડ્યો હશે; આ શંકરની દે'રી ને પીપળો ભૂત જેવા સ્થિર ઉભા હશે,—કોઇ સામું યે નહિ જુએ. કયારેક એકાદ વટેમાર્ગુ ઘડીવાર વિસમો લેશે ને પાછો રસ્તે પડશે. (ગરદન નાખી) આટલા દિવસ બધે કેવો કલ્લોલ હતો! આખો દિવસ પીપળો પાન વેર્યા કરે એમ સવારથી સાંજ સુધી છોકરાંઓનાં હાસ્ય વેરાયાં કરે. સંધ્યા ટાણે મંદિરમાં દીવા થાય કે છોકરા આરતી બોલે. (છાનો નિસાસો લઇને) શહેરમાં આમાંનું કંઇ ન મળે. મોટર ગાડીઓ અને ટ્રામની દોડધામ, યંત્રોની જેમ કામ કરતાં માણસો; આલીશાન મકાનો, ભવ્ય મંદિરો વિશાળ રસ્તાઓ;–બધું ભવ્ય. પણ એ બધી ભવ્યતા નીચે પીસાઇ જતાં માનવ શરીરો અને તણાઇ જતી દેશની લક્ષ્મી; અકસ્માત જેવી જીંદગી, ભટકતું મન, ધુળરાખ છીછરા વિચારો. (આંખો બંધ કરી) માનવતાની કેટલી કરુણ મશ્કરી! (થોડીવાર મુંગો રહી ભાનમાં આવતો હોય તેમ) બસ, પાંચ જ દિવસ. શંકરની દે'રી, પીપળો, ચોરો, કુવો (બધાં સામે મમતાભરી નજરે જોઇ) તમારાં ફરી કયારે દર્શન લખ્યાં હશે?

[વિચારગ્રસ્ત ઉભો રહે છે.]

૪

[કૉલેજમાં પ્રિન્સિપલની ઑફિસ આકર્ષક ફર્નિચર ને રૂઆબભર્યું વાતાવરણ; અને એ ભભકા પાછળ અન્તણ્યે ડોકિયાં કરી જતો દંભ, માયાવી તૃષ્ણા અને પ્રભાવ શૂન્ય શાંતિ.

ટેબલપર કોણી ટેકવી પ્રિન્સિપલ બેઠા છે. એમના કપાળ પર કરચલીઓ છે: આંખોમાં અર્થહીણ સત્તા છે. મોં પર 'હોવી જોઇએ' એવી કરડાઇ છે. સામે અદબ વાળી માથું ઉંચું રાખી ચંપકલાલ ઉભો રહે છે.]

પ્રિ: (ચશ્માંમાંથી ત્રાંસી આંખે) ચંપકલાલ તમે?

ચં: (આંખો ઢાળી) જી.

પ્રિ: (મહાપુરુષને સુલભ એવો દંભ કેળવી) કૉલેજમાં તમે હમણાં ખુબ તોફાન મચાવો છો! આમ જુઓ, (ત્રણચાર કાગળિયાં બતાવે છે) ગઇ કાલે પ્રો. મહેતાને કૉલેજમાંથી બરતરફ કરાવવાની ધમકી તમે આપી હતી?

[નજીવી વાત હોય તેમ ચંપકલાલ સસ્મિત પ્રિન્સિપાલ સામું જોઈ રહે છે.]

ચં: (ટટ્ટાર રહી) એમ કરવાની તેમણે ફરજ પાડેલી.

પ્રિ: (આંખો ઝીણી કરી) ધમકી ખાવાની ફરજ? શી વાત કરો છો?

ચં: ક્રોધની ઘેલછામાં ગઈ કાલે તેમનાથી ન સંભવે એવો ગુનોહ બની ગએલો.


પ્રિ: ક્રોધની ઘેલછામાં? શું? બરાબર બોલો.

ચં: મિ. ભટ્ટને તેમણે અઘટિત શબ્દોમાં કંઈ

કહેલું: સાંભળ્યું ન જાય એવું. અશિક્ષિતો પણ એના કરતા કંઇક મર્યાદામાં બોલે.

[પ્રિન્સિપાલની આંખો આશ્ચર્યથી ફાટી રહે છે.]

પ્રિ: (નાકે આંગળી મુકી) શ્ શ્ એ બધું ખાનગી મીટિંગોમાં; આ તો કૉલેજ છે. કૉલેજ એટલે શું તમે જાણો છો?



સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય

મનની એકાગ્રતા ને સ્થિર વ્યાયામથી કેટલો અદ્‌ભુત વિકાસ સાધી શકાય તેના દૃષ્ટાંતરૂપ બાજુનાં ચિત્રો છે. કેવળ દોઢ જ વર્ષના સતત પ્રયત્નથી કેળવાએલું રાજકોટના ભાઇ ભાનુશંકર જોશી (ઉમર ૧૭, ઉંચાઈ ૫'-૪", વજન ૧૨૮) નું અંગસૌષ્ઠવ આંખને ઠારે તેવું છે. દંડબેઠક, સ્ટ્રૅન્ડ ને ડંબબેલનો એ વધુ ઉપયોગ કરે છે. એમણે કેડ ઉપરનાં અંગોને કેળવવામાં જેટલો શ્રમ લીધો છે, તેટલો પગને કેળવવા લીધો હોત તો આખું યે શરીર કંઇ ઓર આનંદ આપત. ઉપરનાં અંગોની સરખામણીમાં પગ દોરડી જેવા દેખાતા હોવાથી શરીરની સપ્રમાણતા જણાતી નથી.

પ્રિ: (હોઠે આંગળી મુકી) અઘટિત, સાંભળ્યું ન જાય એવું? કૉલેજમાં? પ્રો. મહેતાએ?

ચં: અને એવા એ પ્રોફેસરોની દંભી સભ્યતા, પોલા વિચારો ને કૃત્રિમ આદર્શોનો ઉપયોગ અમારાં જીવન ઘડવામા?—

પ્ર: (વચ્ચે જ) વારૂ, હું તપાસ કરીશ; અને (બીજો કાગળ ઉપાડે છે) તમે ક્લાસમાં લેકચર કરો છો, સરકાર વિરુદ્ધ; એ ખરૂં?

ચં: (હાવકાઈથી) એમાં હું શું નવું કરૂં છું?

પ્રિ: એવું અહીં નહિ ચાલે: ગવર્મેન્ટ વિરૂદ્ધ એકપણ શબ્દ નહિ બોલાય, સમજ્યા?

ચં: પણ (જરા ધામેથી) સાહેબ, ગઇ કાલે તમે મજુરોની સભામાં સરકારનું તો નાક—

ચં: જી હા, શિક્ષણમંદિરોને હું પવિત્ર માનું છું. એટલી માન્યતા તેના ચાલકોમાં હશે, પણ વિદ્યાર્થીઓ તરફની તેમની ભાવના નિરાળી જ છે. શિક્ષકોને હું અમારા વિકાસના મુળ રૂપ ગણું છું: તે મુળ પોલાં હોય એમ તમે ઇચ્છો છો? અને સાહેબ, (જરા વધતા જતા તેજ અવાજે) કુટેવોમાં ખદબદતી આ પ્રાણહીન નિર્દોષ પ્રજાને બચાવવા તમે શું કરો છો!

પ્રિ: (જાગતા હોય તેમ) તમે શાના બચાવની વાત કરો છો? તેમની શારીરિક કુટેવોની? એ કામ શિક્ષકોનું નથી, તેમના વાલીઓનું છે.

ચં: પણ તમે તેઓના માનસિક આરોગ્યના જવાબદાર તો ખરા ને? કુટેવોનું જન્મસ્થાન ખરાબ વિચારો છે; એ વિચારોને તમે ન પલટાવી શકો?

પ્રિ: કૉલેજો એટલા જ માટે છે: પણ બધાનું લક્ષ્ય એક દિશા ભણી નથી હોતું. દાખલા તરીકે તમે—

ચં: (વચ્ચે) મારા વિચારો પર આખી કૉલેજ જીવતી હોત તો આજનો પ્રસંગ બનવા જ ન પામત.

પ્રિ: (છાના રોષથી) એટલે? તમે એમ માનો છો કે દરેક કૉલેજિયન---

ચં: (ધીમેથી) પ્રોફેસરોને ધમકાવે કે બળવો જગાડે એમ હું નથી કહેતો. પણ પોતાને સાચું લાગે તે નીડરપણે આચરવાનું બળ તો જરૂર મેળવે.

પ્રિ: (ટેબલ પર હાથ ઠોકી) બસ કરો, તમારા વિચારો ઉદ્ધત છે. તમારે—

ચં: (માથું પાછળ નાખી) જે થશે તે શાંતિથી ખમીશ, પણ વિદ્યાર્થીઓને તો હું જરૂર નીડર સત્યવર્તન બોધીશ; તેમની અને દેશની સ્થિતિ પણ સમજાવીશ. કહીશ કે તમારા અને રાષ્ટ્રના વિકાસોને પોષો, વિદેશી ચીજોને ફેંકી દો ને સૈનિક બનો.

પ્રિ: (હોઠ કચડી) એટલે, તમારે ગવર્મેન્ટ સ્કુલો અને કૉલેજો સામે બળવો—

ચં: (શાંતિથી) મેં એમ ક્યારે કહ્યું? હું તો ઇચ્છું છું કે શિક્ષકો વિદ્યાર્થીઓના વિચારોને ધુએ, ગુલામી દાંભિકતા છોડી ખરી પરિસ્થિતિનું ભાન કરાવે, એમના માનસિક બળોને વેગ આપે અને સ્વતંત્રતા શું છે તે સમજાવે.

પ્રિ: (ઉભા થઇ જતાં) અને, આ બધું ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓ શિક્ષકોને બનાવે, ધમકાવે અપમાનો કરે, એમ?

ચં: (વિનયની ધીરજથી) બીજો ઉપાય તમે બતાવો. તમે સરકારના નોકર છો. અમારી પાસેથી ફી લેનાર સરકાર અમારી નોકર છે. શેઠને અસંતોષ આપનાર નોકર ક્યાં સુધી ટકી શકે?

પ્રિ: (ક્રોધમાં) તમારૂં મોઢું બંધ કરો.

ચં: પૃથ્વી ગોળ ફરે છે એમ પ્રથમ કહેનારો સત્યવક્તા લોકોમાં નિંદાઇ, સત્તાધારીઓના હાથે માર્યો ગયો હતો.

પ્રિ: (આંખો લાલ કરી) બળવાખોર, ઇડિયટ . . .

ચં: (મીઠા તિરસ્કારથી) છીછરા મનમાં હતું તેટલું બધું બહાર કાઢવા માંડ્યું? આટલું વહેલું?

પ્રિ: (અકળાઈને ખુરશી પર બેસતાં) તને સીધો કરવો પડશે;—(મનમાં) ક્યા ગુન્હાઓ— ?

[ઉંડા વિચારમાં આંખો મીચી બેસી રહે છે. અચાનક કંઇક યાદ આવતું હોય તેમ ઝપાટાબંધ લખવા માંડે છે: ટેબલ નજીક ચંપકલાલ સૈનિકની જેમ ટટ્ટાર ઉભો છે. એના મોં પર ગભરાટ નથી, સ્મિત છે. આંખોમાં સ્વમાનનું તેજ ચમકી રહ્યું હોય છે.]

પ્રિ: (કાગળ ચંપકના હાથમાં આપતાં) જાઓ, રખડી ખાઓ.

ચં: (કાગળ વાંચીને) આટલી જ શિક્ષા? (પ્રિન્સિપાલને હસતા જોઇ) મને કૉલેજમાંથી ધક્કો મારી તમે કયા વિજયથી ફુલાઓ છો? (કાગળ ફાડીને ફેંકી દે છે) આજે હું અનેક બોજાના ભાર નીચેથી છુટો થાઉં છું: (જવાની તૈયારી કરતો) શિક્ષણને હું જીવનનો એક અગત્યનો આનંદ માનું છું. પણ શિક્ષકોનું એમાં ખુબ ઉંચુ ને પવિત્ર સ્થાન હોવું જોઇએ. વિદ્યાર્થીઓના આત્માને ઓળખી, તેમના સ્વભાવને માપી તેમણે તેઓનાં બુદ્ધિ, ચારિત્ર્ય અને પ્રાણને ઘડનાર આત્મશિલ્પી બનવું જોઇએ.

[પ્રિન્સિપલ કંટાળી રૂઆબમાં ઑફિસ છોડી જાય છે. ચંપકલાલ સ્થિર દૃષ્ટિથી તેમને જતા જોઇ રહે છે.]

ચં: (અચાનક કંઈ યાદ આવ્યું હોય તેમ) મને આ કોણ સાદ કરી રહ્યું છે? (આંખો મીચી) મહાદેવની દે'રી, પીપળો, ચોરો, કુવો—

[ધીમેધીમે જવા માંડે છે.]

ઈન્દુલાલ ગાંધી

આપણા જુવાનો ગાંધીજી જેવા જોઇએ

ગાંધીજી ભરજુવાનીમાં છે. તે ધમધમ નથી ચાલતા; તેમની રગેરગમાં તાજું નવું લોહી નથી ફરતું; તેમની આંખે ઝાંખપ છે; તેમની ચામડી લબડી ગઇ છે; તેમની વાણીમાં બુલંદપણું નથી;—ને છતાં તે નવજુવાન છે.

કેમકે તે અવિશ્રાંતપણે કામ કરે છે; થાક જેવી વાત સ્વીકારતા નથી; તેમનું કામ ખુટતું જ નથી; નવું કામ એ જ તેમનો વિરામ છે; તેમનું માથું ને હાથ સદા કંઇ ને કંઈ કરવામાં જ જોડાએલાં રહે છે; તેમના પગો નિશ્ચલ પડે છે; તેમની આંખે આર્ષ દૃષ્ટિ છે; તેમના લોહીમાં દેશની ધગશ છે; તેમની ચામડી દુનિયાના દુઃખે કરમાણી છે; તેમના અવાજમાં સત્ય ને સ્પષ્ટતાનું બળ છે; ખરેખર ગાંધીજી ભરજુવાનીમાં છે.

આપણા જુવાનો ગાંધીજી જેવા જોઇએ.

ગિજુભાઇ

રસિકતાનું સંરક્ષણ અને વિકાસ

[આ લેખ 'કુમાર'ના સાધારણ વાચન કરતાં જરા વધુ ગંભીર ને કેળવણીના પ્રદેશને લગતો છે; પરંતુ આજ સુધી બાળસૃષ્ટિના અદ્‌ભુત માનસને સમજવામાં આપણા પ્રૌઢ શિક્ષકો અને માતપિતાઓએ જે બેદરકારી તથા અવગણના બતાવ્યાં છે તેમાંથી તેને ઉગારી લેવામાં યુવાનો અને વિદ્યાર્થીઓ મદદગાર બને એ હેતુથી એ વિષયને અહીં સ્થાન આપ્યું છે. વિદ્યાર્થીવર્ગને બાળ જીવનથી બહુ અંતર પડી ગયું ન હોવાથી તેનાં સ્મરણો અને અનુભવો સહજ યાદ હોય છે, અને તેથી બાળ માનસ પ્રત્યે તેનામાં જલદી અનુકંપા ઉપજે છે. આ લેખના વાચન પછી તેમાં બતાવેલી દિશામાં, દેશમાં ઠામોઠામ તેવાં પ્રયોગમંદિરો થાય એ જ અમારી મહેચ્છા છે. પ્રો. સીઝૅકની શાળા જે કરી શકી તે અહીં પણ થઇ શકે એવી અમારી અચળ શ્રદ્ધા છે. એમની શાળાની રૂબરૂ મુલાકાત લેનારા બે ગુજરાતી સજ્જનોનાં નામ અત્રે જણાવીએ છીએ, કે જેથી કોઇને તે વિષે વધુ જાણવાની ઇચ્છા થાય તો લાભ લઈ શકે: શ્રી કૃષ્ણલાલ સુરજરામ વકીલ ગોપીપુરા સુરત; અને શ્રી ભોગીલાલ ઠાકર, શારદા મંદિર (એલિસ બ્રિજ) અમદાવાદ.]

આત્માની રસિકતા એ જીવનનો અમૂલો વારસો છે. જગતમાં માનવ કલ્યાણનાં જે જે મહાન કાર્યો થયાં છે તેનાં મુળ મનુષ્યની રસદાયક સ્થિતિમાંથી ઉગ્યાં છે અને જે જે ભયંકર વિગ્રહો તથા અનર્થો થયા છે તે આવી માનવ ઊર્મિઓના ઉચ્છેદ કરનારા વાતાવરણને લીધે બન્યાં છે એમ માનસશાસ્ત્રીઓ જોઇ શક્યા છે.

મનુષ્યના ઘડતરમાં જ્યારેજ્યારે આ વાત વિસરાઈ ગઇ છે ત્યારેત્યારે પરિણામમાં વિકૃતિ, જડવાદ અને સ્વાર્થલંપટતા વધ્યાં છે. આથી અત્યારના દુનિયાભરના આગેવાન કેળવણીકારોએ સ્વીકાર્યું છે કે મનુષ્યના શિક્ષણમાં ઊર્મિનું સંરક્ષણ બહુ અગત્યનું સ્થાન લે છે, અને માત્ર બુદ્ધિપ્રધાન હકીકતોનો બોજો લાદવા કરતાં ઉંચા આદર્શો તથા ઉદ્દેશો તરફ મનુષ્યને દોરવાથી આખી જનતાની ગતિ ઉચ્ચગામી બનશે એમ તેઓ માનતા થયા છે. પરિણામે આખી દુનિયાની શાળાઓમાં હવે એવાં પરિવર્તનો થવા લાગ્યાં છે કે ભવિષ્યમાં માત્ર પોપટિયા શિક્ષણ નહિ અપાતાં બાળકના સ્વભાવ તથા લક્ષણ ઉદાર બુદ્ધિથી સમજી લઇને તેને તે વિકાસ આપવાનો પ્રયત્ન પ્રધાન બનશે.

અત્યાર સુધી શાળા એટલે ઠરાવેલા પાઠ બાળકોમાં ઉતારવાનું થાણું એમ મનાતું આવ્યું છે. તેને બદલે હવે નૂતન શિક્ષણની શાળાઓમાં બાળક પોતાના યુગનાં નરનારી વચ્ચે ઉચ્ચ ભાવનાવાળું જીવન કેમ ગાળે અને યથાશક્તિ જનસેવા કરવા સાથે પોતાની ઊર્મિઓ જીવતી રાખી બુદ્ધિનો વિકાસ કેમ પામે એ વિચારવામાં આવે છે.

અત્યાર સુધી માત્ર માનસિક ઘડતરની યોજના આપણે ત્યાં હતી; બહુ બહુ તો શારીરિક તાલીમ હમણાં વધી છે; પણ તે સાથે બાળકની રસિકતા પોષવાને કલા, સંગીત ને નાટ્યના પ્રદેશોના વિહાર પણ આપવાની બાબતને હજુ સુધી ભાગ્યે જ પુરતો હિસ્સો અપાયો છે.

હાલની કેટલીક સુધરેલી હાઈસ્કુલોમાં ચિત્ર અને સંગીતના વર્ગો દાખલ કરવામાં આવ્યા છે, પણ એમાં ઘણે ભાગે અનુકરણશીલ વૃત્તિને જ ઉત્તેજન મળે છે. આપણામાંના ઘણા જણ સાક્ષી પુરશે કે કલાકોના કલાક સુધી પાટીઆ પરનાં ફ્રી હૅન્ડ ડ્રૉઇંગ ચીતરવામાં કે ભૂમિતિનાં અર્થશૂન્ય ચોસલાં ભરવામાં કેટલી નીરસતા અને કંટાળો આવે છે. સંગીતનું તો નામ લઇ શકીએ એટલી પણ પ્રવૃત્તિ કોઇક જ શાળામાં દેખાશે.

વળી આજની શાળાઓમાં જે નાટ્યપ્રયોગો ભજવાય છે તેમાં પણ કોઈ વડીલ કે શિક્ષકની ઇચ્છા જ પ્રધાનપણું ભોગવતી હોય છે. નાટકની પસંદગી, ભજવવાની યોજના બધું જ કોઇ અનુભવીની સર્વાંગ નકલ જ હોય છે. તે ક્રિયા બાળકોની હોવા છતાં તેમાં બાળકોની કલ્પના કે સ્વપ્રેરણાને અવકાશ હોતો નથી. આપણી શાળાઓના જાહેર મેળાવડાના નાટ્યપ્રયોગો આવા નમુનાઓ ખુબ પુરા પાડે છે. બાળકોની અંદર ચાલી રહેલા વિચારોને ઊર્મિઓને તેમજ આ બહારના જગતની ગોઠવણને કોઇ જાતનો સાચો સંબંધ છે કે નહિ તે પુછવામાં આવે તો બધા જવાબ દેતાં જરૂર અચકાશે.




પ્રો. સીઝકની શાળામાં ૫થી ૧૪ વર્ષની વયનાં બાળકોએ દોરેલાં ચિત્રો

પ્રો. સીઝૅકની છાયામાં કામ કરતાં બાળકોને તેમની કલ્પના મૂર્ત કરવા માટે જોઇએ તેવાં જાતજાતનાં સાધનો છુટથી વાપરવા મળે છે, અને તેમની કૃતિમાં સ્વયંભૂપણું, લાક્ષણિકતા તથા સ્વભાવજન્ય વિશષ્ટતા ખાસ દેખાય છે. પ્રો. સીઝૅક એ ચિત્રોમાં જરા પણ સુધારા કરતા નથી, પણ માત્ર વાતચિત અને ચર્ચાથી વિદ્યાર્થીને સહાય કરે છે.

બધી વિદ્યાઓમાં ગોખણ અને નિર્ણિત પાઠો આપીને અલબત્ત બાળકોને બુદ્ધિનાં પગથિયાં પર ઉંચાં ચડાવી દેવાય છે, ને પરિણામે તેઓ એક જ બીબાનાં જોઇએ તેવાં પુતળાં બની શકે છે; પણ તેમાં મનુષ્ય પોતે દબાઇ જઇ કોઇની છાપ જ માત્ર રહે છે.

પણ હવે ધીમેધીમે સૌ એટલું સ્વીકારતા થયા છે કે મનુષ્યની લાગણીઓને વિકાસ આપવાની જવાબદારી શાળાઓની જ છે અને તેની રસપ્રેરણા સાચવવાને તથા ખીલવવાને શાળામાં જ પુરતી તક મળવી જોઇએ.

આજ સુધી શાળાઓમાં જે વિષયોની કબર થઇ પડી હતી તે વિષયો હવે નવો પ્રાણ પામી માનવ જીવનમાં નુવીન રસ રેડતા થયા છે. ધીરે ધીરે લોકોની પ્રતીતિ વધતી જાય છે કે બાળકોનો રસાનુભવ વધારવાની તેમને પુષ્કળ તક અપાવી જોઇએ અને તે માટે સૌદર્યના સર્વ દરવાજા તેમને માટે સદા ઉઘાડા રાખી તેમાં તેમને વિહરવા દેવાં જોઇએ, જેથી તેમનો આત્મા આનંદથી પરિતૃપ્ત બની વિકસતો રહે.

આવી સૌદર્યની અદ્‌ભુત વાડી ખીલવનાર કેળવણીનો મહાન સુધારક એક ઑસ્ટ્રીઅન છે. તેની શાળા આજે અનેક કેળવણીકારોનું યાત્રાધામ બની રહી છે.

આજથી બાવીસ વર્ષ પહેલાં ૧૯૦૭માં હંગેરીના એક પ્રોફેસર સીઝૅકે બાળકોને કોઇપણ પ્રકારના શિક્ષણ વિના જ કળાના પાઠ આપવાની શાળા ઉઘાડી. 'શિક્ષણ વિના' એટલે 'ખરેખર કોઇપણ જાતની શિક્ષકની ડખલગીરી કે પદ્ધતિના દોર વિના જ બાળકો પોતાની મેળે શીખે' એમ જ એ ભાર દઇને કહી રહ્યા છે.

બાળકમાત્રમાં કુદરતે જ એવી એક સર્જક શક્તિ મુકી હોય છે કે જે મોટાંમાં નથી હોતી; અથવા તેમનું સાચું સર્જન અને કળામય તત્ત્વ પડેલું હોવા છતાં દબાઇ કે ઘસાઇ ગયું હોય છે. આ જ તત્ત્વો મનુષ્યને પરમાત્મા જોડે સાંધી શકે. બાળકનો એ દૈવી સંબંધ ચાલુ હોવાથી તેને જગતના આધારભૂત મુળમાંથી જે કંઇ જોઇએ તે મળી શકે એમ છે.

ઓગણીસમી સદીના અંત ભાગમાં વીએનાએ સર્જક કળાનાં આ મૂલ્ય પારખી લીધાં હતાં, અને પ્રો. સીઝૅકે પ્રથમ તો બાળકોમાં મુખ્યત્વે કળાસૃજનને વિકાસ આપવાનો વર્ગ ખોલ્યો હતો. તે વખતે તેમનો પ્રયત્ન મનુષ્યમાં સૃજનનું અસલ માનસ શોધવા પાછળ હતો; અને બાળકોમાંથી જ તેમને આ આંતરગુહાનો ભેદ મળે તેમ હતું. માણસ મોટું થતું જાય છે તેમતેમ એ ગુહાનું દ્વાર જગતના પ્રપંચોથી પુરાતું જાય છે અને છેવટે તે સૃજનશક્તિનો સંબંધ સાવ ગુમાવી બેસે છે. પછી તો તેનામાં બુદ્ધિકૌશલ્ય જ





પ્રો. સીઝૅકની બાળ કળાશાળામાંનાં વધુ ચિત્રો

એ ચિત્રોમાં કરેલી રંગોની અદ્‌ભુત જમાવટ અને જોમ, તેમજ મનુષ્ય અને પ્રાણીજીવનનું આણેલું સ્પષ્ટ નિર્દોષ દર્શન કોઈ પણ જોનારને આશ્ચર્યમુગ્ધ કરે એવાં હોય છે. એકએક ચિત્રમાં સમતોલપણું, વ્યવસ્થા અને તાલબદ્ધ યોજના કોઇ અજબ રીતે ઉતરેલાં દેખાય છે.

માત્ર રહે છે. પ્રતિભાનો પાયો મનુષ્યના આ સૃજન-પ્રદેશમાં બંધાયો હોય છે, એટલે જ પ્રતિભાવાન માનવો અને બાળકોમાં ઘણું સામ્ય હોય છે.

પ્રો. સીઝૅકના કળાવર્ગમાં કોઇ સત્તાનો દાબ નથી, કારણકે બાળકો પોતપોતાનાં કામમાં એટલો બધો રસ અને આનંદ પામે છે કે તેમાં ભંગ પડવાના ભયે બીજાની ક્રિયાઓનો વિકાસ ચાલુ રાખવા પ્રો. જાતે જ શાંતિ પકડે છે. છતાં યે પ્રો. સીઝૅક કહે છે કે, કોઇ-કોઇ વાર ત્યાં પણ શાકપીઠ જેટલો ઘોંઘાટ થઇ જાય છે. તે વખતે વ્યવસ્થા લાવવામાં સંગીતની અસર બહુ અકસીર નીવડે છે. ઘોંઘાટ વખતે મુંગામુંગા ધીમેથી સંગીત શરૂ કરી દે, અને બધા અવાજ ટપોટપ શાંત થઇ જાય. બાળકમાં રહેલો તરવરાટ અને ઉછાળો તાલબદ્ધ સંસ્કારી સંગીત સાથે યોગ્ય માર્ગ પામે છે. પ્રો. સીઝૅક આગળ કહે છે કે તમારી શાળાઓનાં રૂપ બદલી નાખો. તેને પ્રભુની સુંદર વાડી બનાવી દો કે જેથી બાળકો ત્યાં ફુલની પેઠે ખીલતાં થશે. શાળાને, માનવ આત્માને ખાંડાબાંડા કરનારાં કારખાનાંને બદલે સ્વેચ્છાથી કામ કરી રહેલી સુખી બાળસમાજ બનાવો.

બાળકોને હાલનો સમાજ નુકસાન કરે છે તે કરતાં પણ હાલની શાળાઓ બાળકોના આંતરવિકાસને વધુ છુંદી નાખવાનું કામ કરે છે. એ કહે છે કે બાળકોને પોતાની મેળે જ આગળ વધવા દો. તેમનાં અંતરમાં રહેલા દેવથી કોઇપણ પદ્ધતિ મોટી ન જ ગણાય. પ્રો. સીઝૅકના આ સિદ્ધાંતોનો જબરદસ્ત પુરાવો તેમની શાળાની મુલાકાતે જનારાઓને પ્રત્યક્ષ મળી રહે છે.

વીએના શહેરના મધ્ય ભાગમાં રિંગ નામના મોટા વર્તુલાકાર મેદાનમાં રાજ્યની હુન્નરઉદ્યોગ શાળાનું જુનું મકાન છે. ત્યા અઠવાડિયામાં બે વાર ૫ થી ૧૪ વર્ષ સુધીનાં બાળ, બાળકીઓ બે કલાક ભેગાં થાય છે. ત્યાં તેમને કોઈ કંઇ શીખવતું નથી. ત્યાં તેઓ પોતપોતાના વિચારો અને લાગણીઓ ફાવે તે સાધનોથી બતાવવાનો પ્રસંગ માત્ર મેળવે છે. આ જ આ શાળાનો મોટો હેતુ છે.

એ શાળાની મુલાકાતે તમે જાઓ તો કોઇ બાળક ચીતરતું હોય, કોઇ નમુના પાડતું હોય, કોઈ માટીના ઘાટ કરતું હોય તો કોઇ છોકરી ભરત કરતી હોય, એમ દરેક જણને કંઇક ને કંઇક કરતું જોશો. દરેક બાળક પોતાને મનપસંદ સાધનથી કામ કરે છે. વચમાં વચમાં કોઇ બાળક શિક્ષકને પુછ્યા વિના જ પિયાના પર જઇને એકાદ સૂર પણ વગાડી નાખે. પ્રો. સીઝૅક માને છે કે સંગીતથી તો કામમાં ઉત્સાહ વધે છે અને



પ્રો. સીઝેકની શાળાનું એક દૃશ્ય

સંગીતનો તાલ તથા રસ જાણ્યેઅજાણ્યે પણ કામમાં પ્રગટે છે.

કામ કરતાં છોકરાંઓને અહીં વાતો કરવાની, વિનોદ માણવાની અને ફાવે તેટલું ખડખડાટ હસવાની પણ પુરી છુટ હોય છે. એક વાર તો એક છોકરી ઘેરથી બિલાડીનું બચ્ચું લઇ આવી હતી!

પણ આ બધામાં તમે એમના અધ્યાપકને શોધો તો જલદી તેનો પત્તો ન પામો. એ સાહેબ તો, કાં તો દેશદેશના અતિથિઓને મળવાને પોતાના ખંડમાં રોકાએલા હોય કે કાં તો મોટી ઉમરના અરધોક ડઝન છોકરાઓને લઇ લાકડકામના ખંડમાં કામે લાગ્યા હોય; અથવા તો શાળાના કોઇ ખંડમાં એકાદ બાળકની પાછળ તેનું કાર્ય નિરખતા ચુપચુપ ઉભા હોય કે કાં તો એકાદ છોકરી પોતાની કલ્પનાની આકૃતિ તેને સમજાવતી હોય તે રસથી સાંભળી રહ્યા હોય. પ્રો. સીઝેકની શિક્ષણપદ્ધતિનો આ એક ભેદ છે. (જો કે તે પોતે 'પદ્ધતિ' શબ્દ જ પસંદ કરે નહિ) છોકરાંને કામ કરવાનો નમુનો શોધી આપતાં પણ તમે તેને કદિ નહિ જુઓ. ભાગ્યયોગ બની જાય તો કોઇ વાર તમે તેમને વર્ગમાં આવી વાત કરતા સાંભળો:

'કાલે ફુલોનું સરઘસ નીકળ્યું હતું તે તમે જોયું ને? ફુલોથી ભરેલી મોટરગાડીઓ ને એ બધું?' ત્યાં તો ચારે તરફથી જવાબ મળે 'અરે હા, હા;' અને વર્ગમાં એક જાતની આનંદની હવા પ્રસરી જાય. પ્રો. સીઝેક સાદી ભાષામાં એ ફુલની ગાડીઓનું એક વર્ણન આપે;—જાણે કે કોઇ પરીની વાર્તા માંડી. અને એમાં એવો રસ જમાવે કે એ પળે ખરેખર સીઝેક કવિ બની જાય. પછી છેવટે કહે, 'હવે ચાલો, આપણે ફુલનું સરઘસ ચીતરો જોઇએ; જલદી હો!'

સૌને કાગળના ટુકડા વહેંચી દેવામાં આવે અને કામ ચાલુ થાય. સીઝેક સાહેબ પોતાના ખંડમાં ચાલ્યા જાય. વખત છે ને ફુલના સરઘસમાં પોતે વિઘ્નરૂપ બને.

બાળકોની કૃતિઓ પર પ્રો. સીઝેકને ચર્ચા કરતા સાંભળવાની તો વળી ખરી મઝા છે. મહીનામાં એ પ્રસંગ ઘણી વાર આવે છે. બધાં ચિત્રો ભીંત પર લટકાવ્યા બાદ ચિત્રની ચર્ચા મંડાય છે. વર્ગમાં દૂર ઉભો રહેલો અતિથિ કવચિત તે સાંભળી જાય છે. એકકે કૃતિ એવી ન હોય કે જેમાં એકાદ પણ સારી બાબત તેને જડતી ન હોય. કોઇ ચિત્રમાં રંગ સારો લાગે, બીજામાં ગતિની મઝા લાગે તો, ત્રીજામાં બાળકના ચહેરાનો ભાવ ગમે. અને તેમની બોલવાની રીત પણ એવી સરસ હોય છે! એકાદ છોકરીના ચિત્રને જોઈ કહેશે 'અરે આ ચિત્ર પણ ઇલિસના જેવું જ સરસ મીઠું અને ભભકદાર છે!'



બાળકોથી વીંટળાએલા પ્રો. સીઝૅક

આ છોકરાંઓ કયા વર્ગમાંથી આવે છે એ જાણવાની આપણને સહજ ઇચ્છા થાય. એ બધાં બીજી નિશાળોમાં ભણતાં હોય છે. કોઇ બાળવર્ગમાંથી, કોઇ માધ્યમિક શાળામાંથી તો કોઇ હાઇસ્કુલની પ્રથમ શ્રેણીમાંથી યે અહીં આવે છે. ૫ થી ૯ વર્ષ સુધીનાં અને ૧૦ થી ૧૪ સુધીનાં છોકરાંઓ માટે પ્રો. સીઝૅકે બે વર્ગ પાડ્યા છે. એ વયથી મોટાં છોકરાં ભાગ્યે જ દેખાય છે. કોઇ આવે તો એ આ શાળાનાં જુના વિદ્યાર્થીઓ પોતાના ગુરુને પ્રેમથી મળવા આવ્યાં હોય તે. આ વિદ્યાર્થીઓ બધાં આવે છે શહેરના ગરીબ અને શ્રીમાન બન્ને વર્ગમાંથી. જોકે મોટે ભાગે ગરીબ વર્ગનાં જ વિદ્યાર્થીઓ હોય છે. એમ છતાં એ બધાં કુદરતી બક્ષિશ વાળાં તો હોય જ છે.

વળી જેટલાં આવે તેટલાં બધાં બાળકોને એક સાથે લેવાનું પ્રો. સીઝૅક ચાહે તો પણ બની શકે તેમ નથી. એટલે રીત એવી રાખી છે કે માબાપો પોતાનાં બાળકોનું કામ લાવીને તેમને બતાવે છે ને એ જોઇને જ પ્રોફેસર વિદ્યાર્થીને દાખલ કરે છે.

તેમને ફી નહિ જેવી જ આપવાની હોય છે. ગરીબને તો કશું જ આપવું પડતું નથી. કામ કરવાનો સામાન તો મફત જ અપાય છે. આ શાળાને રાજ્યની જરા યે મદદ નથી, પણ કેટલાક ખાનગી મિત્રો અને જુનિયર રેડ ક્રૉસ સોસાએટીની સહાય પર તે નભે છે. અમેરિકાએ તો જો તે પોતાને ત્યાં આવે તો, તે માગે એ શરતે જોઇએ તેટલી શાળાઓ ખોલી આપવા આમંત્રણો આપ્યાં છે; બીજા દેશો પણ તેમને ભાવપૂર્વક નોતરે છે. છતાં તે પોતે તો વીએનામાં પોતાના વિદ્યાર્થીઓની વચ્ચે જ રહેવાનું પસંદ કરે છે. તેમને તે પોતાના બરોબરીઆ ને સાથીદારો ગણે છે. આ વળી તેના કામની બીજી કુંચી છે.

બાળકોને પોતાનો પણ એકડો છે, તેમને પણ સ્વતંત્ર વિચારો હોય છે અને તેમની રીતે તે પ્રગટ કરવા આતુર હોય છે એ વાત પ્રથમ સ્વીકારનારા વર્ગમાંના પ્રો. સીઝૅક એક છે. અને બાળકોને પણ તેની કદર છે. કોઇ પુછે, 'આવી શાળાનો આશય શો? આ બાળવર્ગમાંથી બધાને કળાકારો જ બનાવવા છે?' પ્રો. સીઝૅકનો જવાબ મળે છે કે ઑસ્ટ્રિયામાં અને દુનિયામાં કળાકારો પુષ્કળ સંખ્યામાં છે—જોઇએ તે કરતાં વધારે છે. પણ આપણે તો જીવનમાં આસપાસ દેખાતું સૌંદર્ય પિછાને એવા નાગરિકો પ્રગટાવવા છે. પછી એમાંનો કોઇ ભલે ઑફિસનો કારકુન બને કે કોઇ માતા કે ગૃહિણી બને કે કોઇ કારીગર બને; પણ એ બધાંના જીવનમાં કળાતત્ત્વના બહુ અગત્યના સંસ્કાર પડશે.

૧૯૨૬માં પારીસમાં ઉપર વર્ણવી તેવી દેશદેશની બાળકળાનું પ્રદર્શન થયું હતું. તેમાં પ્રો. સીઝૅકની શાળાનાં ચિત્રોથી એક મોટો ખંડ ગોઠવાયો હતો. તે એટલાં સુંદર હતાં કે મોટા મોટા કળાકારો—ફ્રેંચો રશિયનો વગેરે—એ પોતાના ખાનગી કલાસંગ્રહ માટે એ ચિત્રો લેવા ઇચ્છા દર્શાવી હતી અને કેટલાક

વયોવૃદ્ધોએ તો પ્રશ્ન કર્યો હતો કે 'આ ચિત્રો સાચ્ચે જ બાળકોનાં છે? તેમાં શું કોઇની જરા યે મદદ નહિ હોય?' (આવા સવાલો સિઝૅકની શાળા જોવા જનારા પ્રેક્ષકો તો અનેકવાર પુછે છે.) શાળાનું એકેએક ચિત્ર પ્રો. સીઝૅકનો હાથ જરાપણ લાગ્યા વિના જ સર્જાયું હોય છે, અને તે બધાં પ્રપંચરહિત સાદાં બાળસ્વભાવનાં દર્શનો છે.

કેટલીક વાર શિક્ષકો—ખાસ કરીને ચિત્રશિક્ષકો છોકરાંઓનાં કામમાં ભુલો કાઢે છે. પણ પ્રો. સીઝૅક તો તે ભુલો રહેવા દેવા માટે મગરૂબ રહે છે એ જાણી તમે કદાચ હસશો. તે બાળકો પાસે કદિ નહિ કહે કે તમારે તમારી 'પરસ્પૅક્ટિવ' સુધારવી જોઇએ. કારણકે જ્યારે બાળક સાચી પરસ્પૅક્ટિવ બનાવે છે ત્યારે તે તેને ઓછી પ્રતિભાની પાકી નિશાની માને છે. કોઇપણ ચિત્ર કે કળાકૃતિમાં તેના કારીગરની ખરી ઊર્મિ કે આત્મા જ પ્રગટવાં જોઇએ. એટલું જો બરાબર હોય તો તે કૃતિ સારી ગણવી; તે સિવાય તે માત્ર પ્રવીણતા જ માનવી. આ એમનું ધોરણ છે.

ઉપર આપણે જોઇ ગયા કે સીઝૅકની આ બાળકળા શાળાને જુનિયર રેડક્રૉસ સોસાએટીની મદદ છે. એ રેડક્રૉસ મંડળ માટે આ બાળવર્ગે કેટલાંક નાતાલનાં કાર્ડો, ઋતુઓનાં આલેખનો અને મોટા માપનાં ચિત્રો ચીતર્યાં હતાં અને તે એ મંડળના માસિકમાં પ્રગટ થયાં હતાં. ઇંગ્લંડના જગપ્રસિદ્ધ કલાપત્ર સ્ટુડિયો, અને માંચેસ્ટર ગાર્ડિયન તથા ટાઇમ્સ વગેરે પત્રો તેમ જ જર્મન અને ઑસ્ટ્રિયન પત્રોએ પણ તે પ્રગટ કરીને તે પર વિસ્તૃત નોંધો લખી હતી. છેક ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલાંડ સુધી પણ એ શાળાનાં ચિત્રો પહોંચ્યાં છે.

થોડા વખત પહેલાં કેટલાક જર્મન શિક્ષકોનું મંડળ અભ્યાસપર્યટન કરતું આ શાળા જોવા ગએલું. તે વખતે પ્રો. સીઝૅકે તેમને આ પ્રમાણે વાત કરી હતી: આ બાળ કળાશાળા એક પ્રયોગ માટે નિર્માઇ છે તેમાં વિદ્યાર્થીઓ પોતે પ્રયોગ કરનારા છે;... હું તો તેમનામાંથી શીખનારો છું. આ વર્ગ સર્વ પ્રકારની કેળવણી માટે નથી; બાળકો પોતે જ શું કરવું તે નક્કી કરે છે; અમારી શાળામાં કોઇ મોટું કે સત્તાધીશ નથી; કામ જ માત્ર ગુરુ છે... હું બાળકોનો દોસ્ત માત્ર છું તેથી વિશેષ નહિ;... અમે કામમાં રસ લેનારી મિત્રમંડળી છીએ; બાળકો પોતાની મેળે કામ કરવાની રીતો ઘડે છે;... હું તો માત્ર કોઇ નકામી કે ખરાબ બાબતોને પ્રવેશ અટકાવવા પુરતું જ કામ કરું છું.... કળા કોઇ શીખવી શકે નહિ, કળા સ્વયં જન્મે છે.'

આ કળાવર્ગની અસર ઑસ્ટ્રિયાના સમસ્ત કળાશિક્ષણમાં ઉતરી છે અને બહારના દેશોમાં પણ તે પ્રસરી છે. આજ સુધીમાં આ વર્ગની સામે ઘણા અજડ, ઇર્ષ્યાળુ, નિંદાખોર અને બેદરકાર સમુદાયે કાદવ ફેંકવામાં બાકી નથી રાખ્યું. તે સૌની સામે ટક્કર લઇને એ શાળાએ પ્રતિષ્ઠા મેળવી છે. ઈંગ્લંડમાં તો પ્રો. સીઝૅકના એક શિષ્ય મિ. ડબલડેએ આવો વર્ગ પણ ખોલ્યો છે અને ત્યાં પણ બાળકોમાંથી એવાં જ અદ્ભુત પરિણામો ઉતર્યાં છે.

કળાકાર સીઝૅકે ત્રીસ વર્ષથી આ મહાન સાધના આદરી હતી. આજે તેણે બાળકમાં રહેલી સર્જનની ઇચ્છા અને પ્રતિભાની કીમત જગતને સમજાવી છે અને તેને યોગ્ય સ્થાન અપાવ્યું છે; અને હવે તેની કળાશાળામાંથી સમસ્ત જગતના દેશોનાં બાળકોની કેળવણી પર કળાનાં સુવર્ણરંગી કિરણો આનંદ અને રસ રેલવશે. આ બાળવર્ગથી ઑસ્ટ્રિયાએ જગતની પ્રગતિમાં મહામુલો ફાળો આપ્યો છે.

સીઝૅક મહાન શિક્ષણશાસ્ત્રી અને કળાકાર છે. તેની શાળામાંથી કળાશિક્ષણની ઘણી યે નવી રીતો પ્રચાર પામી છે. આપણે પણ આપણા દેશનાં બાળકો માટે એના કળાવર્ગનો સંદેશ દેશમાં પ્રચારીએ.

કુદરતમાંથી સત્ત્વ પામેલાં સર્જકશક્તિનાં બાળકો, અને પઢાવીને તેમની મુળ બુદ્ધિને ગુંગળાવી નાખેલાં બાળકો વચ્ચેનો ભેદ પ્રો. સીઝૅક બહુ સમજે છે. એ કહે છે કે 'બાળકોને પઢાવવાનો દંભ ન કરો. તેઓ આપણા કરતાં કુદરત અને પ્રભુની વધુ સમીપમાં છે. એટલે આપણે તો તેમને પઢાવવા જતાં તેમનો એ સંબંધ બગાડીએ છીએ. બાળકોના મોટાં થવા સાથે એ સંબંધ ઓછો થાય છે. તે વખતે ભલે આપણે આપણી રીતોથી તેમને મદદ કરીએ; પણ જે અવસ્થામાં તેમની ખરી પ્રતિભા ઘડાવાની છે તે વખતે તેમની સ્વતંત્રતા ને નિજાનંદમાં ડખલ ન કરવી જોઇએ. સ્વયંપ્રેરિત સર્જન એ જ બાળકોનો સાચો ગુરુ છે.'

રવિશંકર રાવળ

ખોરાકની ખરી કીમત વાનીઓની સંખ્યા પર નહિ, પણ પાચનક્રિયાની અભિશોષણ શક્તિ પર અવલંબે છે.

વાનીઓ ઓછી જમો

આજે આપણે એકીસાથે જોઇએ તે કરતાં વધુ વાનીઓ જમવાની ટેવ પાડતા થતા જઇએ છીએ. ભાણામાં જેમ વધારે જાતની વાનીઓ પીરસાય તેમ આપણે તેને શોભારૂપ માનતા થયા છીએ. એક તો અનાજની જ ઘણી વાનીઓ હોય; તે સાથે વળી અનેક જાતનાં જુદીજુદી રીતથી બનાવેલાં ભાતભાતનાં કઠોળનાં ફરસાણ, જુદીજુદી જાતનાં શાકભાજી, બેચાર તરેહનાં ખારિયાં, લીંબુ કેરી તથા બીજી જાતનાં મસાલેદાર અથાણાં, એકબે પ્રકારના પાપડ, જુદીજુદી જાતની ચટણી, એકબે જાતનાં રાયતાં તથા બીજી અનેક વસ્તુઓમાંથી એકીસાથે જેમ બને તેમ વધારે વાનીઓ જમવાનો આપણે આગ્રહ રાખતા થયા છીએ. આપણી આ ટેવ દિવસે દિવસે એટલી બધી ઉંડી ઉતરતી જાય છે કે ભાણામાં એકાદ જાતની વાની પીરસવામાં આવી ન હોય તો આખા યે ખોરાક ઉપર અરૂચી છુટે છે. આ શું બતાવે છે?

આપણી પાચનક્રિયા નબળી પડી ગઇ છે. જે અનેક જાતની વાનીઓ આપણે જમીએ છીએ તે પુરેપુરી પાચન થતી નથી, અને ઉલટું નકામા તથા ન જોઈતા અનાજના જથ્થાને બહાર ધકકેલવામાં શરીરની કીમતી જીવનશક્તિ એળે જાય છે. પરિણામ એ આવે છે કે ઉત્તરોત્તર જીવનશક્તિ ઘસાતી જાય છે અને શરીર ક્ષીણ પડતું જાય છે. છેવટે એક યા બીજો રોગ આપણને લાગુ પડે છે. તેનાથી ઉલટું, જેઓ જમવામાં થોડી વાનીઓ લે છે તેમની પાચનશક્તિ સારી હોઇ તેમનાં શરીર વધારે બળવાન, કદાવર અને જીવનશક્તિથી ભરેલાં હોય છે.

અનેક જાતની વાનીઓના ખીચડા ઉપર હોજરીના પાચનરસો પોતાની અસર પુરેપુરી કરી શકતા નથી. ઘણી વખત તો આવી જાતનો ખીચડો હોજરી અને આંતરડામાં બહુ લાંબા વખત સુધી સડયા કરે છે. છેવટે એકાદ બે તીવ્ર જુલાબના બળે જ તે બહાર નીકળે છે. પણ પરિસ્થિતિ કંઇ તેથી સુધરતી નથી. જ્યાં સુધી જમવાની વાનીઓ ઉપર જોઇતો અંકુશ રાખી શકાતો નથી ત્યાં સુધી પેટ અને આંતરડાના અનેક રોગથી દિવસેદિવસે આપણે વધુ પીડાતા જઇએ છીએ. આનાથી ઉલટું ગામડાના ખેડુત અને કોળી ભીલ જેવો મજુરવર્ગ કે જેઓ આર્થિક સ્થિતિના કારણે અને અજાણતાં ઓછી વાનીઓ જમવા પામે છે, તેમનાં શરીર વધારે સશક્ત અને લાંબું આયુષ્ય ભોગવનારાં હોય છે. જુવારના ભડકાને છાશમાં રાંધી ખાનારા અથવા રોટલો અને મરચા ઉપર દિવસ કાઢનારા આ વર્ગની પાચનશક્તિ વધારે સતેજ હોય છે. તેમની પાચનશક્તિ આવા ખોરાકમાંથી પોષણ ખોળી લે છે. ખોરાકની ખરી કીમત વાનીઓની ગણત્રી ઉપર નથી, પણ આપણી પાચનક્રિયાની અભિશોષણ શક્તિ ઉપર અવલંબી રહેલી હોય છે. આથી જ, સરખી ઉમરના અને એકસરખી રીતે ખાનારાઓનાં શરીર પણ સર્વથા એક વજનનાં હોતાં નથી, કારણકે તેમની પાચન તથા અભિશોષણ શક્તિ ભિન્નભિન્ન હોય છે.

જેમ બને તેમ રસકસવાળી પોષણદાયક, ક્ષાર અને પ્રજીવનકોથી ભરેલી ઓછી વાનીઓ જમવાનો હમેશાં આગ્રહ રાખો. એથી તમારીપાચનશક્તિ વધારે સારી રહેશે. આનો સાદો દાખલો ઉપર કહ્યું તેમ ગામડાનો વર્ગ છે. આ વર્ગ ભાગ્યે જ શહેરીઓની જેમ પેટના અનેક રોગથી પીડાતો હોય છે. અલબત્ત ખોરાકના જ્ઞાનના અભાવે તેમનો ખોરાક પૂર્ણ નથી હોતો છતાં તેમની ઘણી ટેવો પ્રેરણા અને સંજોગોને લઇને બંધાએલી હોય છે. તેમાં એમની ઓછી વાનીઓ જમવાની ટેવ તો ખરેખર અનુકરણીય છે. એથી હોજરીના રસો બરાબર છુટી ખોરાકનું પુરેપુરૂં પાચન થાય છે, અને એ જ શરીરને ખરૂં પોષણદાયક છે. એથી જીવનશક્તિનો ક્ષય થતો નથી, ઉલટો સંચય થાય છે. લાંબું આયુષ્ય ભોગવનારાઓના ખોરાક તપાસશો તો એ જ માલુમ પડી આવશે કે તેઓ જેમ બને તેમ એકીસાથે ઓછી વાનીઓ જમવાની ટેવવાળા હતા. આજે આપણે નાનપણમાંથી જ અનેક જાતની તીવ્ર વાનીઓ ખાઇખાઇને હોજરી બગાડી મુકીએ છીએ. પરિણામ એ આવ્યું છે કે જુવાન વયે ઘણાં આકસ્મિક મરણો થાય છે. શરીર ઉપરથી જુવાની દેખાતી હોય પણ તેનાં આંતરિક અવયવો એટલા બધા નબળા પડી ગએલા હોય છે કે એકાદ માંદગીના ઝપાટે તે

ખલાસ થઇ જાય છે.

કોઈ કહેશે એક જ જાતની અમુક વાનીઓ હરહમેશ જમવામાં કંટાળો ન આવે? આ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. આવે વખતે શરીરને પ્રેરણા થઇ આવે છે કે તેને જોઈતાં કેટલાંક દ્રવ્યો ચાલુ ખોરાકમાંથી મળતાં હોતાં નથી. આવા સંજોગોમાં વાનીઓમાં યથાયોગ્ય ફેરફાર કરવો જરૂરી હોય છે. આવી રીતે પ્રેરણાથી ખોરાકમાં કરેલા ફેરફારથી પાચનશક્તિ જળવાઇ રહે છે. પણ એ બધું ખાસ પ્રેરણાને લઇને થયું હોવું જોઇએ. ફક્ત બગડી ગએલી સ્વાદવૃત્તિને પોષવા માટે વાનીઓમાં ફેરફાર કરવામાં આવે તે હિતાવહ નથી. પ્રેરણા ને સ્વાદમાં આ જ મહત્ત્વનો ફેર હોય છે. સ્વાદમાં તો પેટમાં લાગેલી જવાળાને ગમે તે ખાઇ શાંત કરવાની વૃત્તિ હોય છે. એવે વખતે આપણે એ જોતા નથી કે ખોરાક પોષણદાયક છે કે નહિ; જ્યારે પ્રેરણામાં શરીરના સ્વાસ્થ્યને વાંધો ન આવે તેવી જાતનો ખોરાક લેવાની આપણી સ્વાભાવિક વૃત્તિ હોય છે.

વાનીઓ ઓછી કરવામાં એ ખાસ લક્ષમાં રાખવું જોઇએ કે કીમતી ક્ષારો અને પ્રજીવનકોનો જથ્થો બરાબર સચવાઇ રહે. આ ઉપયોગી તત્ત્વોના ભોગે ઓછી વાનીઓ જમવી હિતાવહ નથી. આ પ્રાણદાયક તત્ત્વો હમેશાં કુદરતી ખોરાકોમાં પુરતા પ્રમાણમાં રહેલાં હોય છે. જેમ બને તેમ ઓછું રૂપાંતર કરેલી વાનીઓમાં અને દુધ દહીં, શાકભાજી તથા ફળોમાં તે સારી રીતે જળવાઇ રહેલાં હોય છે. એટલે ખોરાકની વાનીઓ એવી રીતે ગોઠવાવી જોઇએ કે સૌથી પહેલાં તો રસકસ વિનાના તેમજ શરીરને નુકસાનકર્તા પદાર્થો ઓછા કરવા જોઇએ. એમ કરતા કરતાં છેવટે શરીરની જરૂરીઆતની ઓછામાં ઓછી વાનીઓ ઉપર સહેજે આવી જવાશે. દરેકની પ્રકૃતિ એકસરખી નહિ હોવાથી બધાને કેટલી વાનીઓ પથ્ય થઇ પડે એ કહેવું મુશ્કેલ છે. પણ સૌએ જાત અખતરાથી જોવું જોઇએ કે પોતાનું સ્વાસ્થ્ય કેટલી અને કઇકઇ વાનીઓ ઉપર જળવાઇ રહે છે; અને કેટલી વાનીઓ તેના ખોરાકમાં બીનજરૂરી છે.

ચુ. ધ. પટેલ




રેડિયો એટલે શું



પશ્ચિમના દેશોમા વિજ્ઞાન એટલી ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે, અને માણસના જીવનમાં એટલું વ્યવહારૂ અને અગત્યનું સ્થાન મેળવતું જાય છે કે તેને મુકાબલે આપણે હજી એક સદી જેટલા પાછળ લાગીએ. ત્યાંનો મોટા ભાગનો જનસમુદાય જ્યારે 'રેડિયો'નો ઘરગથ્થુ ઉપયોગ કરતો થઇ ગયો છે ત્યારે આપણે ત્યાં મોટા ભાગનો જનસમાજ હજી એ શી ચીજ છે તે પણ પુરૂં સમજતો નથી. અમેરિકાના દસદસ બારબાર વર્ષના ચેકુસો પોતાને હાથે પોતપોતાના 'રેડિયો સેટ' બનાવી લે છે, તેમાં અપૂર્વ રસ લે છે અને તેની મઝા માણે છે. જ્યારે આપણે ત્યાંના મોટી વયના વિદ્યાર્થીઓ તેનો પુરો અર્થ પણ સમજતા નથી. રેડિયો એટલે દોરડાં વિના, વિજળીની મદદથી અવાજ પહોંચાડનારૂં યંત્ર,—વાયરલેસને માટે પ્રચલિત શબ્દ.

આજનાં ઘણાંખરાં વર્તમાનપત્રોમાં આપણે એ વિષય બહુ રસપૂર્વક ચર્ચાતો જોઇએ છીએ. મુંબાઇનાં સાંજનાં વર્તમાનપત્રોની સ્થાનિક સમાચારોની યાદીમાં અથવા જાહેરાતોમાં તમે અંગ્રેજી, હિંદી કે ગુજરાતી સંગીતના જલસાનો આકર્ષક કાર્યક્રમ છપાએલો જોશો. એમાં માત્ર સમય જ લખેલો હોય છે; સ્થળ અને દરની માહીતી નથી હોતી. અજાણ્યા માણસો એ વાંચીને નવાઇ પામે કે કયે સ્થળે સાંભળવા જવાનું હશે? પણ જાણીતો માણસ સમજે છે કે જેને ઘેર રેડિયોનું યંત્ર હોય તે, એ મુકરર કરેલ સમયે એ દિશા અને સ્થિતિમાં યંત્ર ચાલુ કરી ઘેર બેઠાં તે સંગીતનો ઉપભોગ કરી શકશે.

એકલું સંગીત જ નહિ, પણ જેને ત્યાં સારી



ચિત્ર ૧-૨માં ધ્વનિને જાડા ને ઠીંગણા માણસ રૂપે કલ્પ્યો છે. તેની ગતિ ધીરી ને મર્યાદિત હોય છે. પણ તેને જોરાવર મનુષ્ય રૂપી વાહન મળતાં, તેની શક્તિનો ઉપયોગ કરીને એ ધારેલે સ્થળે સહેલાઇથી જઇ શકે. 'રેડિયો'માં વિદ્યુત (વિજળી) એ ધ્વનિને લઈ જનારૂં શક્તિવાન વાહન છે.

શક્તિવાળાં ઉંચાં યંત્રો હોય તે યૂરોપ તથા અમેરિકાના વિવિધ દેશોના નામાંકિત નરોનાં વ્યાખ્યાનો, પાદરીઓનાં પ્રવચનો, ગાયનવાદનના જલસા વગેરેનો, અહીં હિંદુસ્તાનમાં બેઠાં, માત્ર એક ક્ષણવારમાં યંત્રને ચાલુ કરવા પુરતી તકલિફ લઇને જ નીરાંતે સાંભળી શકે છે. સાધનસંપન્ન વર્તમાનપત્રો તો દુનિયાના દૂરદૂરના દેશોમાં બનતા બનાવોના અહેવાલો, ભાષણો અને સામાનની જાહેરાતો સુદ્ધાં અહીં રેડિયો દ્વારા આણી તે ને તે જ દિવસે લોકોને ઘેરઘેર પહોંચાડી દે છે.

આજથી ચારપાંચ વર્ષ પહેલાં મુંબાઇના રહીશો આગળ, 'રેડક્રૉસ' સંસ્થાના લાભાર્થે ભરાએલા બજારમાં વાયરલેસનો પ્રયોગ થયો હતો. એક સ્થળે યંત્રમાં બોલેલો સંદેશો તાર વિના માત્ર વિજળીની જ મદદથી બીજા સ્થળે પહોંચાડી ત્યાં ગોઠવેલા યંત્ર મારફતે પ્રેક્ષકોને સંભળાવવામાં આવતો. હિંદુસ્તાનમાં થએલો એ રેડિયોનો સૌથી પહેલો પ્રયોગ. તે પછી આજ—આટલી મુદતમાં—તેનો એટલો પ્રચાર થયો છે કે શક્તિસંપન્ન સંસ્થાઓ ને ઘરોમાં તેનો વાપર વ્યવહારૂ થઇ ગયો છે. તેનો પ્રચાર પ્રજામાં કરવા માટેના પ્રયત્નો પણ થયા કરે છે. મુંબાઇની રેડિયો કંપનીએ મોટા પાયા ઉપર કામ શરૂ કરી આ ઇલાકામાં તેનો ઝડપી પ્રચાર કરવાનું આરંભ્યું છે. ગયે વર્ષે ડિસેમ્બર, જાન્યુઆરી અને ઑગસ્ટ માસમાં મુંબાઇની રૉયલ ઇન્સ્ટીટયૂટ ઑફ સાયન્સે 'રેડિયો'નાં સાધનોનું પ્રદર્શન ભરી પ્રયોગો સાથે લોકોને બીનતારી સંદેશાનું જ્ઞાન આપવાના પ્રયત્નો કર્યા હતા.




ચિત્ર ૩માં ધ્વનિની લહરીઓ વિદ્યુત રૂપી મનુષ્યની પીઠ પર બેસી, બીજાના બળે દુનિયાના કોઇ પણ ખુણામાં પહોંચી જાય છે. કેટલે દૂર એ તો પછી વિદ્યુતની શક્તિ ઉપર આધાર. વિદ્યુત જો ઓછો બળવાન હોય તો ધ્વનિ અમુક જ અંતરે જઇને અટકી જાય. કેટલાંક 'રેડિયો'યંત્રો વડે અમદાવાદમાં માત્ર મુંબાઈ ને કલકત્તાના જ સમાચાર સંભળાય છે, જ્યારે વધુ શક્તિવાળા યંત્રની મદદથી ઠેઠ યૂરોપ—અમેરિકાના સંદેશા હિંદુસ્તાનમાં બેઠા પકડી શકાય છે, તેનું કારણ પણ એ જ. ચિત્ર ૪માં ધ્વનિ ધારેલે સ્થળે પહોંચ્યા પછી, ગરજ થઇ રહી એટલે, સ્વાર્થી માણસ બની વિદ્યુતને સલામ ભરી રસ્તે પડે છે!

છતાં તેનું સંપૂર્ણ જ્ઞાન હજી સમાજમાં બધે ફરી વળ્યું નથી. જનસમુદાયમાં એને વિષે એટલું બધું અજ્ઞાન પ્રવર્તે છે કે એ પદ્ધતિની આખી બાબત ઠેઠ મૂળાક્ષરથી સ્પષ્ટ કરવાની જરૂર છે. રેડિયોની યંત્રરચના વગેરેનો સંપૂર્ણ પરિચય અમે હવેના અંકોમાં એક વિસ્તારી અને સચિત્ર લેખમાળાથી આપવા ઇચ્છીએ છીએ. પણ તે પહેલાં તેનાં મૂળ તત્ત્વો આ લેખમાં સમજી લઇએ.

એક માણસ જ્યારે બીજા સાથે વાત કરે છે ત્યારે એ પોતાના મોઢામાંથી જુદાજુદા અવાજો કાઢે છે, ને સાંભળનારો માણસ પોતાના કાનની મદદથી તે અવાજો ઝીલે છે. એ બે માણસો વચ્ચે કાંઇ તારનું જોડાણ હોતું નથી. બંને વચ્ચે જો અંતર વધુ હોય તો બોલનારને જોરથી બોલવું પડે છે ને સાંભળનારને જે અવાજો કાન ઉપર અથડાય તે અત્યંત સૂક્ષ્મરીતે ગ્રહણ કરવા પડે છે. પણ આ જોરથી બોલવાની તેમજ સાંભળવાની પણ મર્યાદા હોય છે.


સ્થિર પાણીમાં પત્થર નાખીએ તો જે ઠેકાણે તે પડે છે તે ઠેકાણેથી પાણીની સપાટી પર વર્તુળાકારમાં મોજાં થવા માંડે છે, ને તે દૂર સુધી ફેલાતાં જાય છે; પણ અમુક અંતર સુધી ગયા પછી આ



(ચિત્ર નં. ૫) ચિત્રની વચ્ચેની ઘંટડીમાંથી ધ્વનિ ઉત્પન્ન થતાં તેનાં ગોળ મોજાં આખા યે વાતાવરણમાં પ્રસરે છે. (ગોળ ઘુમ્મટ વાળાં મકાનો તથા દેવળોમાં અવાજના પડઘા વધારે સ્પષ્ટ સંભળાય છે તેનું રહસ્ય પણ એ જ છે. ધ્વનિનાં મોજાં ગોળ હોવાથી તે ગોળ ઘુમ્મટ સાથે અથડાતાં તુટતાં નથી, પરંતુ તેવાં ને તેવાં જ પાછાં આવે છે ને કાનના પડદા સાથે અથડાતાં આપણે પડઘો સાંભળીએ છીએ.) વખત જતાં એ કુંડાળાં શક્તિ પ્રમાણે મોટાં ને મોટાં બનતાં જાય છે.

મોજાંઓનું બળ કમી થાય છે ને છેવટે તે નાશ પામે છે. અવાજ વડે હવામાં પણ આવાં જ મોજાં વર્તુળાકારમાં ફેલાય છે, ને અમુક અંતરે ગયા પછી તે પણ આગળ જવાને અશક્ત બને છે. ધ્વનિ સાંભળનાર જો એ મોજાંની મર્યાદામાં હોય તો જ ધ્વનિનું મોજું તેના કાન ઉપર અથડાય છે ને તે સાંભળી શકે છે; પણ જો માણસ તે મર્યાદાની બહાર હોય તો ગમે તેવા તીક્ષ્ણ કાનવાળો પણ સાંભળી શકે નહિ.

આપણાથી વધુ દૂર થનારી વાતો આપણે સાંભળી શકતા નથી, એનું મુખ્ય કારણ એ છે કે અવાજની લહરીઓ અમુક મર્યાદા બહાર જઇ શકતી નથી. નાનું બાળક ચાલવા માંડે છે ત્યારે પહેલાં તો તે ઝડપથી આઠદસ ડગલાં ભરે છે, પણ ત્યાર બાદ થાકી જાય છે તેથી ધીમે ધીમે ચાલે છે, ને છેવટે ચાલી પણ શકતું નથી. એવી જ વસ્થા ધ્વનિની લહરીઓની છે. જેમજેમ અંતર વધે છે તેમતેમ તેની શકિત વધુ ક્ષીણ થતી જાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ધ્વનિની લહરીઓની તીવ્રતા ઓછી ન થતાં તે ખૂબ અંતર સુધી જઇ શકે એવું કરવું હોય તો તેમની માર્ગક્રમણ શકિત વધારવી જોઇએ અવાજની એ માર્ગક્રમણ શકિત વધારનારૂં યંત્ર તે રેડિયો.



(ચિત્ર ૬) ચિત્ર નં. ૫ માં બતાવ્યા પ્રમાણે પૃથ્વીને એક ખુણે ધ્વનિની લહરીઓ ઉત્પન્ન થાય તેનાં મોજાં મોટાં ને મોટાં થતાં જઇ વિદ્યુતની મદદથી દુનિયાને છેક બીજે ખુણે પહોંચી શકે છે, અને ત્યાં મુકેલા યંત્ર સાથે અથડાતાં વેંત યંત્ર તેને પકડીને ફરીવાર તેનું ધ્વનિમાં પરિવર્તન કરી નાખે છે.

દસેક ડગલાં ભરીને થાકી જનારા બાળકને જો એકાદ જોરાવર આદમીના ખભા ઉપર બેસાડવામાં આવે તો એ માણસ જેટલા અંતર સુધી જાય તેટલા અંતર સુધી એ બાળકની બાળલીલાઓ પણ જઇ પહોંચે. ધ્વનિની લહરીઓને પણ આ જ નિયમ લાગુ પડે છે. એ લહરીઓ હવામા જતી હોય છે તે વખતે અમુક અંતર પછી તેમની તીવ્રતા નષ્ટ થતી જાય છે. તેને બદલે જો તેમને પણ, મોટા માણસના ખભા ઉપર બેસાડેલા બાળક પ્રમાણે, બીજા કોઇ તાકાતવાન ને વેગવાન એવા વાહકના ખભા ઉપર ચડાવીએ તો, તે લાંબો પ્રવાસ પણ કરી શકે. પછી તેના એ પ્રવાસની મર્યાદા તેને ખભે ઉચકનાર એ વાહકની શકિત ઉપર અવલંબી રહેશે. આમ આ ધ્વનિતરગ રૂપી બાળકને ખભે બેસાડી, આપણી કર્ણેન્દ્રિયને ગ્રાહ્ય થાય એવી રીતે આપણાં ઘરોમાં લાવી મુકનાર તાકાતવાન પુરુષ તે રેડિયો છે.

આ લેખ સાથેનાં ચિત્રોમાં પણ આ જ બાબત વિગત અને વિસ્તારથી સમજાવી છે. રેડિયોનો આ મૂળભૂમ સિદ્ધાંત સમજાઇ જાય એટલે હવે આપણે તે વિષે વિસ્તારી માહીતી આગળ મેળવી શકીશું.



બંગલી

સ્મૃતિપટમાં સંકેલાએલું એક પ્રભાત સ્મરણમાં આવે છે. નીલા આભમાં સોનેરી રંગે રસાતી એક જ વાદળી! દસે દિશ ફેલાએલા આકાશને કિનારે કેવળ એક જ 'વાદળી! સૃષ્ટિ પર પ્રકાશ પથરાતો જાય છે. વાદળી પુરબહાર માં ચમકે છે. ધીરેધીરે સોનેરી ઉડીને રતાશ ઉપડતી આવે છે. છેવટે રતાશ ફીટીને ઉજ્જવલતા આવે છે. સૂર્યનાં કિરણ પૃથ્વી પર પહોંચે છે. દિન ઉગે છે.

હિલોળા લેતા અરબી સમુદ્રમાંથી ફંટાઇને એક નાનકડી ખાડી શાંત થતી થતી બંદરે આવે છે. તેને બરાબર એક કિનારે ત્રણ માળની નાનીશી ઈમારત ઉભી છે. એકેક ઓરડી તે એકેક માળ! બાળપણનું પ્રિય ધામ તે આ બંગલી.

કયા આકર્ષણથી હું ત્યાં જતો તે કોણ જાણે! લાંબી ખાડીની પટ્ટીના શાંત તરંગો તેની દીવાલોને થાબડતા, અને એ તરંગમાળા નિરખતાં કલાકો વહી જતા. રજાના દિવસોમાં બીજા લેસન કરતા કે રમતા; હું બંગલીની ટિચકુડી અગાસી ઉપર જઇ દૂરના દરિયા પર મીટ માંડી રહીને, છેટે છેટે ક્ષિતિજના બિંદુ આગળ કોઇ સઢની ધોળી ટોચો નિહાળતો અને તેમની પ્રતીક્ષા કરતો. કયારેક નિશ્ચલ બેસી રહીને ઉંચી ઉંચી નાળિયેરીનાં ઝુંડ તરફ અનિમિષ નયને તાકી રહેતો. ફૂંકાતા પવનમાં તેમનાં પાંદડાં વીંઝાતાં ને એ પ્રચંડ વૃક્ષોનાં સીધાં થડ આમથી તેમ ડોલી ઉઠતાં. પવનનું એ સૂસવતું સંગીત અને નાળિયેરીનાં ભીષણ નૃત્ય હૃદયમાં ગૂઢ ભાવો જગવતાં.

બકરીનાં બદુડિયાં બચલાંથી માંડીને નગરશેઠ સુધીના તમામ ત્યાં ફરવા આવતા. ખારવાનાં નાગોડિયાં છોકરાં તેની અગાસી ઉપર નાચતાં અને છેલબટાઉ મિયાંભાઇઓ ત્યાં ઇશ્કની ગઝલો લલકારતા. હાથમાં લાકડી લઇને ઠણુક ઠણુક કરતો કોઇ ડોસો તેની સીડી ચડતો અને તેની નજર ચુકવી છોકરાંઓ તેના ચાળા પાડતા. કોકવાર રખડતી બકરીઓને ત્યાં પુરીને અમે દડોતા. કેટલી યે વાર ગામના અમલદારો ત્યાં દાલચીવડો ઉડાવતા.

સાંજ પડ્યે દરિયાકિનારે બંગલી કાંઠે ઠઠ જામી રહેતી. ખારવા, મુસલમાન, કોળી તથા બ્રાહ્મણ, વાણિયા ને બીજા અનેક લોકો ત્યાં ભેગા થતા. ગામપરગામથી આવેલા ગોડિયા અને નટડા જાતજાતનાં અંગકસરતના ખેલો કરતા. પગે શીંગડાં બાંધીને દોર પરથી નટડા દોડતા; કમરે ખોઇમાં વાંસડો રાખી બાપ દીકરાને બીજે છેડે ચડાવતો અને બેચાર પૈસા માટે તેને ચકરચકર ફેરવ્યા કરતો. પીંછાંવાળું ગોદડું ઓઢી છોકરો બગલો બનતો અને ચાંચ ફાડીને અમને ડરાવવા દોડતો. રીંછ સાથે મદારી કુસ્તી ખેલતા અને માંકડાં રમાડતા. કોઇ બંદરજી લાકડી લઈને લડાઇમાં જતા તો કોઈ રતની વાદરીનું નાક કાપવા સુદી સજતા. ધીમેધીમે સાંજ નમતી જતી. ઘેર જવા પગ ઉપડતા ત્યાં બાવાનું કોક ટોળું તંબુરા ને મંજીરાં લઇને ધામા નાખેલું દેખાતું, ને ભજનની રમઝટ જામતી. ટિલિલિક, ટિલિલિક મંજીરાં ઝણુઝણુતાં. ગાનારા તાનમાં ને તાનમાં અરધા બેહા થઇ જઈ

'ફેર જલમ નહિ પાવેગા'

ગાતાંગાતાં તે ક્ષણ પુરતા તો મુક્ત થઇ જતા. અંધારૂં છવાઇ જતું. અકથ્ય લાગણીઓ અનુભવતો હું ઘેર પહોંચતો.

પુરુષોતમ મહીનામાં મારાં બા દરિયે નહાવા જતાં અને હું તેમની સાથે જતો. હજી તો અંધારૂં હોય ત્યાં અમે દરિયાકિનારે જઇ પહોંચતાં. બસ એ જ, એ જ પેલી બંગલી. પણ કયાં એ સાંજની ભરચક બંગલી અને કયાં અત્યારની શાંત નિર્જન ઇમારત! ભાંડરડાં ને બીજાં સમોવડિયાં તેનાં ઠંડાગાર પગથિયાં પર ધીરેધીરે ચડતાં અને અગાસી ઉપર જઇને દૂરની દીવાદાંડીને એકીટશે જોઇ રહેતાં. માનવી ધ્રુવ શો દીવો દૂર દૂર ટગમગતો અને પલકારા મારતો: નીચે નજર કરતાં, બીજા અગણિત દીવા પડિયામાં બેસીને તેને મળવા જતા દેખાતા. ખાડીની નાનકડી લહરીઓમાં ઉછળતા એ દીવાની હારની હારો દીવાદાંડી તરફ વહેતી અને અંધકારમાં નાચતી એ નાનીનાની જ્યોતો પવનના જોરે કયાંયની કયાંય નીકળી જતી. સમુદ્રનું ધીરૂં ગર્જન, ઝાંખું પ્રભાત, પ્રસન્ન શાંતિ, વહેતા દીવા, સૌમ્ય બંગલી . . .

પણ એટલામાં બા નાહીને બોલાવતાં. ઘસાએલાં પગથિયાં પરથી નીચે ઉતરતાં ચિત્તમાં નિસર્ગની મૂક ગાથાઓ ઉભરાતી.

તનસુખ ભટ્ટ

જ્ઞાનલીલા

દીપોત્સવી અંકની જ્ઞાનલીલાના કુલ ૫૭ જવાબો આવ્યા છે. તેમાંથી બધા સાચા ઉત્તર નીચેના નવ જણના છે. ઇનામો તેમને મોકલાશે. (૧) ડોલરપ્રસાદ કૃષ્ણપ્રસાદ ભટ્ટ (૨) દલીચંદ ચુનીલાલ શાહ (૩) રતિલાલ ઈશ્વરલાલ ઠાકર (૪) જટાશંકર મયાશંકર ભટ્ટ (૫) ત્રીકમલાલ નાગરદાસ પરીખ (૬) ભગવાનદાસ કાશીદાસ વકીલ (૭) કાન્તિલાલ શંકરભાઇ અમીન (૮) ગોપાળજી બાબરભાઇ પટેલ (૯) છોટાલાલ નરસિંહભાઈ પટેલ.

બે જુની સૂચનાઓ ફરીથી: (૧) જ્ઞાનલીલાના જવાબોની જોડે કુમારના બીજા કોઇ વિભાગ સાથે સંબંધ ધરાવતું કાંઇ પણ લખાણ કરવું નહિ, કારણકે જ્ઞાનલીલાના બધા ઉત્તરો એકઠા કરીને પરિણામ નક્કી કરવાના દિવસે જ વાંચવામાં આવે છે. આથી જવાબો મોકલનારાઓએ લખેલી અગત્યની બાબતો એટલા દિવસ સુધી વગરવાંચી જ (અને પરિણામે ધ્યાન અપાયા સિવાય) રહી જાય છે. (૨) જ્ઞાનલીલામાં ગ્રાહક યા વાચક ગમે તે ભાગ લઇ શકે છે; પણ ઇનામનો હક્ક માત્ર ગ્રાહકને જ રહે છે. જેઓએ પોતાનો ગ્રાહકનંબર નહિ લખ્યો હોય તેઓ ગ્રાહક નથી એમ સમજી તેમને ઇનામ મોકલવામાં આવશે નહિ. માટે ગ્રાહકોએ પોતાનો ગ્રાહક નંબર અચુક લખવો. દીવાળી અંકની જ્ઞાનલીલાના ખરા જવાબો નીચે મુજબ છે:

(૧) ગણિત-ગમ્મતઃ સવા પાંચ આના **(૨) છુટા પાડો:** (૧) ઉષા (૨) કરણ ઘેલો (૩) ગુજરાતનો નાથ (૪) સરસ્વતીચંદ્ર (૫) સૌરાષ્ટ્રની રસધાર **(૩) શબ્દ-ગોઠવણી:**


સો	ને	રી
દ	મ	ન
વા	પ	રો
ને	પા	ળ
એ	ર	ણ
ક	થી	ર
હ	રા	વ
વા	ન	ર

પહેલી હારમાં આરોગ્યનું સુવાક્ય: 'સો દવા ને એક હવા.' ૧ થી ૧૦ સુધીના અક્ષરો: 'નળરાયને મનથી વરી.' **(૪) એ શું?** નાક, કાન. **(૫) ગોરા અને હબસી** નીચે મુજબ ગોઠવેલા:

ગો ગો હ ગો ગો ગો હ હ હ હ હ ગો ગો હ હ

ગો ગો ગો ગો હ ગો હ હ હ ગો હ હ ગો ગો હ

(૬) નવ-મીંડાં: બાજુની આકૃતિમાં ઢાંકી બતાવ્યાં છે.



નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત:

$$\begin{array}{r} ૧\ અ \\ \times\ ૩ \\ \hline =અ\ ૧ \end{array}$$

જોડેના દાખલામાં અ એ પાંચ આંકડાથી બનેલી અમુક સંખ્યા સૂચવે છે. હવે અની આગળ ૧ મુકીને પછી એ વધેલી રકમને ત્રણે ગુણવામાં આવે છે ત્યારે જવાબ અ ૧ આવે છે. તો અ એ કઇ રકમ હશે?

(૨) શબ્દ-ગોઠવણ: બાજુએ બતાવેલી રીતે નીચેના અર્થ મુજબના ત્રણ ત્રણ અક્ષરના આઠ ખરા શબ્દો શોધી કાઢશો એટલે તેમાંથી જણાવેલા અંક પ્રમાણે વાંચતાં એક પ્રેરક કવિતાની અર્ધી લીટી તથા તેના રચનારનું નામ નીકળી આવશે: (૧) એક રોગ (૨) એક પ્રાણી (૩) હિંદનું એક શહેર (૪) પડદા પાછળનું (૫) એક દેશની પ્રજા (૬) વહેમી (૭) ભિખારી (૮) ગમન.

૩	*	૮
*	૪	૫
*	૨	૧૪
૬	૭	*
*	૧૦	૯
૧૨	*	*
૧	*	૧૩
*	૧૧	*

(૩) શોધી કાઢો: નીચે એક પ્રશ્ન ગુંચવાઇ ગયો છે. તે ઉકેલીને એનો જવાબ જ લખી મોકલો: **દાખલ બારીના થઇને સિવાય છે થઈ શું બારીમાં છે એવું ફેડચા જ ઘરમાં જે કાચને શકે?**

(૪) જાદુઇ ચોરસ બાજુ ઉપર સોળ આંકડાનો એક ચોરસ આપેલો છે. તેની આડી, ઉભી તથા (સામસામા ખુણાને જોડનારી) કર્ણલીટીઓનો સરવાળો ૩૪ થાય છે. હવે આ જ આંકડાને એવી રીતે ગોઠવો કે છેલ્લા ચાર ખુણાના ખાનામાં ૧,૬,૧૨ ને ૧૫ આવે અને છતાં આડી, ઉભી તથા કર્ણલીટીઓના સરવાળો પહેલાં જેટલો જ રહે.

૧	૧૪	૧૫	૪
૧૨	૭	૬	૯
૮	૧૧	૧૦	૫
૧૩	૨	૩	૧૬

(૫) ઓળખી કાઢો: હું ત્રણ અક્ષરનું એક નામ છું. મારો પહેલો અક્ષર એક સગપણ છે. તેમાં મારો બીજો અક્ષર ઉમેરો તો હું એક પક્ષી બની જાઉં ને ત્રીજો ઉમેરો તો ગરીબોના જીવન માટે અતિ અગત્યની ને પોષક ચીજ બની જાઉં.

(૬) શબ્દ-ફેરવણી: બાજુની આકૃતિમાં પાંચ ખાનાં આપેલાં છે. પહેલા ખાનામાં 'હનુમાન' શબ્દ મુકયો છે. તેમાંથી માત્ર એક જ અક્ષર બદલી નવો શબ્દ બનાવી બીજા ખાનામાં મુકવો. એ પ્રમાણે એક-એક અક્ષરનો ફેરફાર કરતાં છેલ્લા ખાનામાં 'અમીપાત્ર' લાવી દ્યો.

હ	નુ	મા	ન
અ	મી	પા	ત્ર

ગુજરાતી સાહિત્યમાં સૌથી સમૃદ્ધ અને છતાં સૌથી સસ્તું પુસ્તક ...

સ્કાઉટિંગ અને બીજી વાતો...

એક રૂપિયો . . . કુમાર કાર્યાલય



‘ લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ ’

એક કઠિયારો હતો. તેને ગળે મોટી રસોળી નીકળેલી હતી. તે રોજ જંગલમાં જઇ લાકડાં કાપી લાવે ને ગામમાં જઇ ભારી વેચીને તેમાંથી પોતાનું ગુજરાન ચલાવે. એક દિવસ લાકડાં કાપવા તે ગામ પાસેના એક પહાડ ઉપર જઇ ચડયો. ત્યાં તેને એક મોટું દૈત મરી ગએલું સુકું ઝાડ મળી ગયું. કઠિયારો તો ખુશખુશ થઇ ગયો અને બહુ મોટી ભારી બાંધી. ઘણું મોડું થઇ ગયું તેનું પણ તેને ભાન ન રહ્યું. મોટી પરાણે ઉચકાય તેવી ભારી બાંધેલી એટલે ધીમે ધીમે ઘર તરફ જતો હતો. ત્યાં સાંજ રસ્તામાં જ પડી ગઈ ને એકદમ વાદળાં ચડી આવ્યાં. પવન જોરથી ફૂંકાવા લાગ્યો. ઝાડની ડાળીઓ ઝોલાં ખાવા લાગી અને પાંદડાંઓએ તો ખનખનાટનો એવો શોર મચાવી મુકયો કે કાન પડ્યું સંભળાય નહિ. થોડી વાર થઇ ને વરસાદની ઝડીઓ પડવા માંડી. આવા તોફાનમાં ઘેર શી રીતે જવાય?

એવામાં એક મોટી બખોલવાળું જુનું ઝાડ પેલા કઠિયારાના જોવામાં આવ્યું. એટલે વરસાદ રહે ત્યાં સુધી તેનો આશ્રય લેવાનો વિચાર કરી ભારી નીચે નાખી કઠિયારો તો લપાઈને તેમાં બેસી ગયો. પણ વરસાદ શેનો બંધ રહે? અંધકારના સૈન્યે પર્વતને ઘેરો ઘાલ્યો. કોઇકોઇ વાર વિજળીના ઝબકારા આખા પહાડને જાણે અગ્નિમય કરી દેતા અને પેલા કઠિયારાના હૃદયમાં ભય પેદા કરતા. વિજળીનો એક ભારે ઝબકારો થયો અને તેના અજવાળામાં લોકોનું કોઈ મોટું ટોળું પેલા કઠિયારાને દેખાયું. તે નાચતું કુદતું જ્યાં પોતે બેઠો હતો ત્યાં જ આવતું હતું. કઠિયારો વિચારમાં પડ્યો કે હું ધારતો હતો કે આ વરસાદની ઝડીઓમાં હું જ એકલો પહાડ ઉપર પડ્યો હઇશ, પણ અહીં તો કોઇ બીજા લોકો ય રહેતા હોય એમ લાગે છે ને!

આ લોકો કોણ હશે તે જાણવાની તેને બહુ ઉત્કંઠા થઇ. બરાબર જોવા માટે બખોલમાંથી ડોકું બહાર કાઢ્યું તો પેલું ટોળું તો સામે જ આવી પહોંચેલું દેખાયું. કઠિયારો તો ગભરાયો. મનુષ્ય લોક આવાં તો ન હોય. કોઇને એક આંખ તો કોઇને ત્રણ; કોઈનું મોં માથામાં તો કોઇનું પેટમાં; કોઇ કોઇને તો પગ જ નહિ, અને મોં, નાક, આંખો બધું પેટમાં! એમ કહોને કે શરીરમાં માત્ર પેટ જ. તે દડાની માફક રગડતાં રગડતાં ચાલે. કોઇ રંગે કાળાં તો કોઈ લીલાં; કોઇ પીળાં તો કોઇ લાલ, અને બધાં જ ખડખડાટ હસતાં હતાં. અવાજ એવો વિચિત્ર અને ભયંકર કે કઠિયારો તો જ્યાં બેઠો હતો ત્યાં ને ત્યાં બીકનો માર્યો ઠરી જ ગયો.

તેમણે એક કુંડ બનાવી તેમાં અગ્નિ પ્રગટ કર્યો. દરેક જણે અંદર એકએક ચીજ નાખવા માંડી. વરસાદનું જોર ઓછું થયું હતું, ઝરમર ઝરમર છાંટી

પડતી હતી. છતાં અગ્નિ તો ભડભડાટ સળગી ઉઠ્યો અને તેના પ્રકાશથી તો આખા પહાડ ઉપર જાણે દિવસ જ થઇ ગયો. કઠિયારાને ચોક્કસ લાગ્યું કે આ ભૂત અથવા પ્રેત હોવાં જોઇએ. નાસવાનો માર્ગ તો હતો નહિ, એટલે જે થવાનું હશે તે થશે એમ નિરાશાની હીંમત લાવી એ તે શું થાય છે એ જોતો બેઠો.

પેલા ભૂતડાં તો અગ્નિકુંડની ચારે તરફ ગોળ કુંડાળું કરીને બેઠાં. મદ્ય, માંસ અને લોહીનું તેમનું ખાવાનું કાઢ્યું અને ઠઠ્ઠામશ્કરી, ગાળાગાળી તથા મારામારી કરતાં ખાવા લાગ્યાં. એકનું બીજો ખાઇ જાય; વળી પોતાનું ખાધેલું બીજા ઉપર ફેંકે. એમ કરતાં તેમણે તેમની આ ઉજાણી પુરી કરી. પછી પગ વગરના એક ભૂતે દરખાસ્ત કરી કે 'હવે આપણો નાચ શરૂ થવો જોઇએ.' એમ કહીને એ તો કુદુક કુદુક નાચવા માંડ્યો.

બીજાએ કહ્યું, 'જોયો તારો નાચ; પગ તો છે નહિ.' એમ કહીને એને જે લાત મારી તે પેલા ભૂગોળ જેવા ગોળ શરીરધારી ભૂતભાઈ તો ઉછળીને પડ્યા જ્યાં કઠિયારો લપાઇને બેઠો હતો ત્યાં. કઠિયારો તો કાંપી ઉઠ્યો. પેલા ભૂતે આ કોણ હશે એ જોવા સારૂ એને પ્રકાશમાં આણ્યો ત્યાં તો ઘણાં ભૂત બોલી ઉઠ્યાં: 'અરે! આ તો માણસ, માણસ! આહા! ઘણા દિવસ થયાં માણસનું માંસ અને લોહી મળ્યું ન હતું; ઠીક મઝા પડશે.' એટલે એક જરા ડાહ્યું ભૂત બોલ્યું, 'હમણાં તો ગળા સુધી ગળચ્યું છે; પેટ તો તડાતુમ થઇને ફાટુંફાટું થઇ રહ્યાં છે. હવે તો આપણે નાચવું જ જોઇએ. અને ઘણા દિવસથી માણસનો નાચ નથી જોયો માટે આ માણસનો નાચ જોઇશું.'

બધાં ભૂતને આ વાત પસંદ પડી ને કઠિયારાને નાચવાનો હુકમ થયો. ન નાચે તો ભૂત ખાઇ જાય એટલે જીવ બચાવવાનો પેલા કઠિયારાને આ જ માત્ર ઉપાય જણાયો. લથડતે પગે તેણે નાચ શરૂ કર્યો અને ભૂતો તો તે જોઇ રાજીરાજી થઇ ગયાં. પેલા કઠિયારાને પણ હામત આવી અને પોતામાં જેટલી આવડત હતી તેટલી બતાવી. એટલે ભૂતના રાજાએ તેને શાબાશી આપી. એટલામાં સવાર થવા આવી. સૂર્ય તો ભૂતોનો શત્રુ. તે આવે તે પહેલાં તો પોતાની ગુપ્ત ગુફાઓમાં તેમણે ભરાઇ જ જવું જોઇએ, એટલે જવાની તૈયારી ચાલી રહી. પણ ભૂતોને વિચાર થયો કે રોજ આવો નાચ જોવાનો મળે તો કેવું સારૂં! ભૂતના રાજાએ પેલા કઠિયારાને હુકમ કર્યો, 'કાલે પણ તારે આ જ જગ્યાએ આવવું, જા.' પેલા કઠિયારાને થયું કે હાશ, છુટચા. ન લેવા રહ્યો એની ભારી કે ન જોવા રહ્યો કાંઇ આડું અવળું. તેણે તો ત્યાંથી રસ્તો જ માપવા માંડ્યો. એક ડાહ્યા ભૂતે ભૂતપતિને સલાહ આપી કે 'આપે પેલા માણસને જવાની રજા તો આપી, પણ કાલે આવશે તેની શી ખાતરી? તેને પાછો બોલાવો અને તેની પાસેથી આવવાના બાનામાં તેની કાંઇ ચીજ રાખો.' ભૂતપતિને થયું કે સાચી વાત છે. એણે કઠિયારાને પાછો બોલાવ્યો એટલે તેના હૈયામાં તો ધ્રાસ્કો પડ્યો. ભૂતપતિએ તેને કહ્યું, 'તું કાલે આવશે તેની ખાતરી શી? તારી કોઇ ચીજ અહીં મુકતો જા.' કોઈ ભૂતે સૂચવ્યું કે એના પગ લઇ લ્યો. પણ પગ લઇ લે તો એ ચાલીને આવી શી રીતે શકે? આંખ લઈ લે તો દેખે શી રીતે?

આમ વિચાર ચાલતો હતો એટલામાં એક ભૂતની નજર તેની રસોળી પર પડી. એણે કહ્યું કે, 'આ લઇ લ્યો. ઠીક પોચી પોચી ને ગોળ છે.' કઠિયારાની રસોળી કાઢી લેવામાં આવી અને ભૂતોએ મંત્રથી એવું કરી દીધું કે તેને લોહી પણ ન નીકળ્યું અને દુ:ખ પણ ન થયું.

કઠિયારાને તો થયું કે હાશ, પીડા મટી. ઘણા ઘણા ઉપાય કર્યા પણ

પીળું પીળું ફુલડું ને પીળું પતંગિયું

સૂરજ ડુબ્યો ને વ્યોમ પીળું પ્રકાશતું,
પીળી કો તારલી ચમકી રહી;
મારી વાડીમાં સખિ! પીળું ફુલ ખીલ્યું,
પીળી એની પાંદડી પમરી રહી.
ઉડી પધાર્યું કોઈ પીળું પતંગિયું,
પીળી પીળી પાંખ એની ફરકી રહી;
પીળું પીળું ફુલડું ને પીળું પતંગિયું,
પીળુડા રંગમાં પોઢી ગયાં.

કૃષ્ણલાલ સિધરાણી

રસોળી મટતી જ ન હતી તે આ સ્હેજમાં ગઇ.

ગામમાં પહોંચ્યો ત્યારે આમ એકાએક રસોળી અદશ્ય થએલી જોઇ, સૌ લોક આશ્ચર્ય પામી તેને પુછવા લાગ્યાં. પણ બીકનો માર્યો કઠિયારો ગમે તેમ ઉત્તર આપી તેમને સમજાવી પાછા કાઢતો.

કોઇ ચમત્કારથી પેલા કઠિયારાની રસોળી એક રાતમાં મટી ગઇ એ વાત તો વાની જેમ ગામમાં ફેલાઇ. એક વાણિયાને આ કઠિયારા કરતાં પણ મોટી રસોળી હતી. તે પેલા કઠિયારા પાસે આવ્યો અને તેને મટવાનો ઉપાય પુછવા લાગ્યો. પહેલાં તો કઠિયારાએ વાત ઉડાવવા માંડી, પણ પેલાએ બહુ કલાવાલા કર્યા એટલે કહ્યું કે આપણા ગામની પાસે પહાડ છે ત્યાંના જંગલમાં કેટલાંક ભૂત રહે છે. તેમની આગળ તમે નાચો તો તેઓ તમારી રસોળી લઇ લે ને તમને કાંઇ ઇજાએ ન થાય. મારી રસોળી એમણે જ લઇ લીધી છે. પહાડ ઉપરનું જંગલ ને ભૂતની વાત સાંભળી વાણિયાભાઇ તો ઠંડાગાર થઇ ગયા, પણ પેલા કઠિયારાએ હાંમત આપી. પોતે જે ઝાડની બખોલમાં ભરાઇ બેઠો હતો ત્યાં જ બેસવાનું સમજાવ્યું.

કેમ ગમે?

ધરતીને પટે પગલે પગલે
મુઠી ધાન વિના નાનાં બાળ મરે,
પ્રભુહીન આકાશેથી આગ ઝરે,
અહોરાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે:
ત્યારે હાય રે હાય કવિ! તુંને સંધ્યાના રંગ તણાં શેણે ગીત ગમે?

લથડી લથડી ડગલાં ભરતી,
લાખો નાર ગલી ગલીએ ફરતી,
સારી રાત ભુખી મજુરી કરતી;
'મારાં બાળ પરોઢિયે જાગીને માગશે ભાત' વિચારી એ દેહ દમે:
ત્યારે હાય રે હાય કવિ! તુંને પંખી ને પાણી તણાં શેણે ગીત ગમે?

લાખો મીલ-મજુરોની આંખ મહીં
ઘુમે મૃત્યુની છાંય, શું દીઠી નહિ?
એની યંત્રોમાં કાય પિસાઇ રહી,
એની જિંદગી સારી રૂધિરભીની કથની સમી કેમ સુઝે ન તને!
અને હાય રે હાય કવિ! તુંને કુંજો ને કોકિલાનાં શેણે ગીત ગમે?

મન! છોડ નિહાળવા તારલિયા,
કાળાં કેદખાનાં કેરા જો સળિયા!
એનાં ક્રંદન તેં નથી સાંભળિયાં?
એની ભીતર મૌન એકાકી રીબાઇ રીબાઇ હજારોના પ્રાણ શમે:
ત્યારે હાય રે હાય કવિ! તુંને સાગરતીર કેરાં શેણે ગીત ગમે?

મહા રોગ ને મૃત્યુના સાગરમાં,
લાખો ચીસ નિઃસાસ ભર્યા જગમાં,
સિતમે સળગંત ધરા-તલમાં,
રસ સુંદરતા કેરી શાયરી છે બધી જાળ સોનેરી ભુખ્યાં જનને:
ત્યારે હાય રે હાય કવિ! તુંને શબ્દોની ચાતુરી ગુંથવી કેમ ગમે?

દિનરાત જેઓની નસેનસમાં
પડે ઘોષ ભયંકર યંત્ર તણા,
પિયે ઝેરી હવા જે દમેદમમાં,
એને શાયર શું? કવિતા શું? ફુલો અને તારલિયામાં એ કેમ રમે?
ત્યારે હાય રે હાય કવિ! તુંને કૃષ્ણ કનૈયાની બંસરી શેણે ગમે?

સારા વિશ્વની જે દિ' ક્ષુધા શમશે,
ભુખ્યાં બાળુડાં પેટ ભરી જમશે,
પુરી રોટી પ્રતિ જનને જડશે,
કવિ! તે દિન નીલ આકાશ તારા કેરી સુંદરતા સહુ સાર્થ બને:
તારાં કૂજન આજ જલાવી દે પ્રાણ! રે દંભ ગાવા તને કેમ ગમે?

હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય

('સૌરાષ્ટ્ર')

[ગયા અંકમાં આવવું રહી ગએલું શ્રી ચટ્ટોપાધ્યાયનું કાવ્ય]

વિના ખર્ચે અને વિના દુઃખે રસોળી મટશે એ લોભે વાણિયાભાઇ લોભાયા અને મનમાં બીતા છતાં બહારથી હાંમત પકડીને તૈયાર થયા ને કઠિયારાના કહેવા પ્રમાણે ઝાડની બખોલમાં ભરાઇને બેઠા. મધરાત થઇ અને ભૂતનું મોટું ટોળું ત્યાં આવી લાગ્યું. તેમનો ભયાનક દેખાવ જોઇને જ વાણિયાના તો હાંજા ગગડી ગયા. મને વળી અહીં આવવાનું ક્યાંથી સુઝયું; એમ મનમાં ને મનમાં વિમાસવા લાગ્યો. ભૂત લોકોએ પોતાની ઉજાણી પુરી કરી એટલે તેમને મનુષ્યનો નાચ સાંભર્યો. એક ભૂતે બુમ પાડી: 'અરે, કાલ વાળો પેલો માણસ આવ્યો છે કે? જોઈએ તો ખરા.' બીજું ભૂત દોડયું ને ઝાડની બખોલમાંથી પેલા વાણિયાને ઉપાડી લાવ્યું. ગઈ કાલ જેવો મનુષ્યનો નાચ જોવાને મળશે એમ માની બધાં ભૂતડાં રાજીરાજી થઇ ગયાં. ભૂતપતિએ પેલા વાણિયાને નાચવાનું ફરમાવ્યું. પણ વાણિયો શું કરે? એ તો ભયથી થરથર ધ્રુજતો હતો. ઉભા થવાના પણ એનામાં હોશ નહોતા રહ્યા તો નાચે ક્યાંથી? ચારપાંચ ભૂતોએ તેને

પકડીને નાચવા ઉભો કર્યો. પણ વાણિયો બીચારો નાચવા જાય તે પહેલાં તો પડી જાય. આથી ભૂતો બહુ ચીડાયાં ને એમના રાજાના ગુસ્સાનો તો પાર રહ્યો નહિ. તેણે હુકમ કર્યો કે આપણે વળી માણસ જાતની દોસ્તી શી? કાલે પેલી એની ગાંઠ લઇ લીધી છે તે આપી દો એને પાછી, અને કહો કે ફરી આ પહાડ પર આવ્યો છે તો જીવતો જવા નહિ પામે. કાઢી મુકો એને.'


પેલા વાણિયાને એક તરફ તો મોટી રસોળી હતી જ. હવે બીજી તરફ કઠિયારાની રસોળી ભૂતોએ ચોંટાડી દીધી અને ધક્કા મારીને ત્યાંથી કાઢી મુકયો. ગળાની બે બાજુ રસોળી થઈ એટલે તો એકે તરફ ડોક પણ ન ફેરવાય. વીલે મોંએ વાણિયાભાઇ પેલા કઠિયારાને ગાળો દેતા ઘેર પહોંચ્યા. **નરહરિ દ્વા. પરીખ**

દુનિયાનો નવો નકશો

આપણે નિશાળના નકશાઓનો અભ્યાસ કરીને માનીએ છીએ કે આપણને ભૂગોળની સાચી માહિતી મળી ચુકી. પણ અત્યારે નિશાળોમાં ચાલે છે તે નકશા ભુલ વાળા છે, અને તે ઉપરથી ઘણાખરા દેશોના ક્ષેત્રફળની અને દેશદેશના પરસ્પર ભૌગોલિક સંબંધની સાચી માહિતી નથી મળતી એ જાણીને સૌને આશ્ચર્ય થશે! ઇ. સ. ૧૫૩૮માં જેરાદસ મર્કેટરે સપાટ ભોંય પર દુનિયાનો નકશો ચીતરી બતાવ્યો; અને વહાણવટીઓને તે બહુ ઉપયોગી નીવડયો એટલે એનો ખુબ પ્રચાર થયો. આજનો નકશો તે એ. પણ એ રીતે 'ભૂ-ગોળ'નો સાચો ખ્યાલ આવતો નથી. યુનાઇટેડ સ્ટેટસ, ખરી ગણતરીએ બ્રાઝીલ કરતાં નાનો છે, છતાં નકશામાં તે બમણો મોટો દેખાય છે! ઉત્તર એમેરિકા અને દક્ષિણ અમેરિકા ક્ષેત્રફળમાં લગભગ સરખા છે, છતાં નકશામાં ઉત્તર અમેરિકા દક્ષિણ અમેરિકાથી બમણો મોટો દેખાય છે! ગ્રીનલૅંડ કરતાં ઑસ્ટ્રેલિયા ત્રણ ગણો છે, છતાં નકશામાં ઑસ્ટ્રેલિયા કરતાં ગ્રીનલૅંડ મોટો દેખાય છે! આજના નકશા પરથી આપણને ભૂગોળની આવી સાચી (?) માહિતી મળે છે!

અમેરિકાના ભૂગોળના નિષ્ણાતોએ પાંચ વરસની મહેનત પછી આજે આપણને સપાટ ભોંય પર ખ્યાલ આપે એવો સાચો નકશો આપ્યો છે.

મર્કેટરે તો માત્ર વહાણવટીઓને ઉપયોગી નીવડે એ હેતુથી નકશો ચીતર્યો હતો—નિશાળીઆઓને ભૂગોળનું સાચું જ્ઞાન આપવાને નહિ! એ નકશો આપણને ઉપયોગી નથી તે નીચેના ઉદાહરણથી સમજાશે: એક બલુનના રમકડા ઉપર દુનિયાનો નકશો ચીતરો એટલે ભૂગોળનો સાચો ખ્યાલ તો આવશે. હવે એ ગોળાકાર નકશાનો સપાટ ખ્યાલ લાવવા માટે સામાન્ય રીતે બલુનના ઉભા ચીરા કરીને તેને લંબચોરસ આકારે ખેંચીએ એટલે ભોંય પર નકશો નજરે પડે. પણ ચીરા કરવાની એ રીત ખોટી છે, કેમકે તેથી ઉપલો ને નીચલો ભાગ વધારે ખેંચવો પડશે અને વચલો ભાગ-વિષુવવૃત્ત—જેમનો તેમ રહેશે. પરિણામે વચલા પ્રદેશોનો આકાર બરાબર રહેશે, પણ ઉત્તર અને દક્ષિણ છેડાના પ્રદેશોનાં કદ પ્રમાણ બહાર વધી જશે.



અમેરિકન કુદરતદોએ નવો નકશો કર્યો છે તો લગભગ એ જ સિદ્ધાન્ત ઉપર; પણ બલુનના રબ્બરને ખેંચીખેંચીને લંબચોરસ બનાવવાને બદલે તેમણે ચીરા મુકવાની ચતુરાઈભરી રીત શોધી કાઢી. પાસિફિક અને આટલાંટિકમાં ગોળાકારે ઉપર નીચે બબ્બે ચીરા એવી રીતે કરીને નકશો પાથર્યો કે બલુનના રબરને જરા પણ 'આલ' આપ્યા વિના સ્વાભાવિક ખરા સ્વરૂપે જ નકશો સપાટ આકારે જમીન પર પથરાઇ રહે સાથેના ચિત્રમાં નીચેના ભાગમાં આપેલો નકશો એ પ્રમાણેનો સાચો નકશો છે. તેની સાથે, હવે ઉપરનો આજે નિશાળમાં ચાલતો નકશો સરખાવી જુઓ

ભૂગોળના નિષ્ણાતોએ આ નવો નકશો તપાસી જોયો છે અને આગાહી ઉચ્ચારી છે કે જુના નકશાને બદલે તે જ પ્રચલિત થશે. કદાચ વહાણવટીઓ તે નહિ સ્વીકારે!



માધુકરી

પૂર્વ મહીં ઉગ્યો નવ ભાનુ,
ભેદાયો જગ ઘન તમ-સાનુ, પલટાઇ પૃથ્વી ભરપુર,
રગરગમાં ચેતનની છોળો, ઉછળે માનવ ઉર અખૂટ:
આવ્યાં ઓ! યૌવનનાં પૂર.

મંદગતિમાં એ નવ માને,
ફરી વળે રવિતેજ પ્રમાણે, ટાળે ઘોર મલિન વિગૂઢ,
યૌવનનાં અજવાળાંથી એ પ્રગટાવે પરિણામ વિશુદ્ધ:
આવ્યાં ઓ યૌવનનાં પૂર.

—હીરાચંદ ક. ઝવેરી (ગાંડીવ)

આમની સભાના પિતા

૧૮મી નવેમ્બરે ઇંગ્લંડની પાર્લામેન્ટની આમની સભા—હાઉસ ઑફ કૉમન્સના એક વૃદ્ધ ને જુનામાં જુના 'આમની સભાના પિતા' તરીકે ઓળખાતા સભ્યનું અવસાન થયું. એમનું નામ હતું ટૉમસ પાવર ઓ'કોનોર. અવસાન વેળાએ એમની ઉમર ૮૧ વરસની હતી. ૧૮૮૫થી પાર્લામેન્ટમાં એ બિરાજતા આવ્યા હતા. એમના જીવનમાં અનેક બોધપ્રદ હકીકતો સમાએલી છે.

મિ. ટી. પી. ઓ'કોનોરનો જન્મ ૧૮૪૮ની સાલમાં ઑક્ટોબર માસની ૫મી તારીખે આયર્લૅંડમાં એથલોન નામના ગામમાં થયો હતો. એમનો બાલ્યકાળ એ જ ગામમાં વીત્યો. અઢાર વરસની ઉમરે એમણે એમ. એ. ની પરીક્ષા પસાર કરી અને તરત જ ડબ્લિનથી પ્રગટ થતા 'સૉન્ડર્સ ન્યુસ લેટર' નામના પત્રના રીપોર્ટરની નોકરી સ્વીકારી. એ પત્ર કૉન્ઝરવેટીવ પક્ષનું હતું; મિ. 'ટી. પી.' આઇરિશ રાષ્ટ્રીય પક્ષના હતા. પરિણામે એ પત્રની નોકરી એમણે માત્ર ૩ વરસ કરીને પોતાનું ભાગ્ય અજમાવવા લંડન તરફ પ્રયાણ કર્યું.

પરંતુ 'સૉન્ડર્સ ન્યુસ લેટર' સાથેના સંબંધને પરિણામે મિ. ઓ'કોનોરને જે લાભ થયો એનો અહીં ઉલ્લેખ કર્યા વિના રહી ન શકાય. એ ત્રણ વરસ દરમ્યાન એમને બધા પ્રકારના રીપોર્ટો લખવા પડતા: ક્યારેક પોલિસ કોર્ટમાં તો કોઇક દિવસ કોરોનરની કોર્ટ, વળી કયારેક ઘોડાઓનું પ્રદર્શન તો કોઇ દિવસ ચિત્રપ્રદર્શન—સારાંશ કે મિ. 'ટી. પી.'ને પ્રકાર પ્રકારની પ્રવૃત્તિઓ અને જગ્યાઓના રીપોર્ટો લખવા પડતા. બીજા શબ્દોમાં કહીએ તો એ રીપોર્ટર તરીકે 'સબ બંદરકા વેપારી' જેવા હતા. અને આ સર્વદેશીય રીપોર્ટરને પગાર કેટલો મળતો એ પણ જાણવા જેવું છે. પહેલા વરસ દરમ્યાન એમને દર અઠવાડિયે વીસ શિલિંગ (એટલે હિંદી ચલણમાં માસિક ૬૦ રૂપિયા) અને બીજા વરસથી એ કરતાં બમણી રકમ પગાર પેટે એમને મળતી. ત્રણ વરસ સુધી 'સૉન્ડર્સ ન્યુસ લેટર'ના રીપોર્ટર તરીકે નોકરી કર્યા પછી, ૧૮૭૦ના વરસમાં, મિ. 'ટી. પી.' નોકરી શોધતા લંડન જઇ ચડ્યા.

લંડન જેવું વિશાળ શહેર, અને એવડા વિશાળ શહેરમાં પોતાનું કોઈ નહિ! લંડનમાં પ્રવેશતાં જ પોતાને જે લાગણી થઇ એ વર્ણવતાં મિ. ઓ'કોનોર કહે છે: '૧૮૭૦ના વરસની એક સવારે પાંચ વાગ્યે હું લંડનમાં આવી પહોંચ્યો. આશરે પાંચ છ કલાક સુધી શહેરમાં ભટક્યો. પગ દુખવા લાગ્યા. આ વિશાળ શહેરમાં હું ખીસામાં ચાર પાઉંડની રકમ લઇને આવેલો! મારૂં ભાવિ અનિશ્ચિત હતું. હું સ્વાભાવિક રીતે મુંઝાયો—ડર્યો—પસ્તાયો. લંડનમાં મારે એક જ માણસ સાથે પરિચય હતો—એ માણસ લિસ્યમ થિયેટરનો દરવાન! પાંચ છ કલાકની રખડપટ્ટી છતાં હું એને મળી શક્યો નહોતો—મારો ગભરાટ સ્વાભાવિક હતો.'

યુવાન ઓ'કોનોર રખડતો ભટકતો એક નાનકડા ફુવારા પાસે આવી પહોંચ્યો અને ફુવારાની આસપાસના હોજની પાળ પર બેઠો. ત્યાંના ઠંડા પવને એના મન પર અદ્ભુત અસર કરી. એનું વર્ણન એના જ શબ્દોમાં આપીએ: 'હું બધું ભુલી ગયો—ગરમી, ધુળ, થાક, વર્તમાનકાળની મારી દુ:ખદશા અને ભવિષ્યની નિરાશાજનક કલ્પના બધું ભુલી ગયો.

લંડનના વિશાળ—પહોળા રસ્તાઓ પરની મિ. 'ટી. પી.'ની રખડપટ્ટી ચાલુ રહી; ખરચ પણ ચાલુ રહ્યો! અંતે એના ખીસામાં છેલ્લો શિલિંગ રહ્યો હતો એવા સમયે એ 'ડેઇલી ટેલિગ્રાફ'ની ઑફિસમાં દાખલ થઈ શક્યો. એનું ફ્રેન્ચ અને જર્મન ભાષાઓનું જ્ઞાન આ કટોકટીને પ્રસંગે બહુ ઉપયોગી

નીવડ્યું. 'ડેઈલી ટેલિગ્રાફ'ના વિદેશ સમાચાર વિભાગના મદદનીશ તરીકે એને રાખવામાં આવ્યો. આ નોકરી મળવાથી ઓ'કોનોર ભુખમરાથી બચ્યો એકાદ બે વરસ સુધી એણે એ પત્રની ઑફિસમાં નિયમિત હાજરી આપી; સાંજે છ વાગ્યે ઑફિસમાં આવે અને સવારના ચાર વાગ્યા સુધી સતત કામ કરે. કામ પુરૂં થતાં એ ચુપચાપ પોતાના કાતરિયા જેવા ઘરમાં ચાલ્યો જાય.

થોડા જ સમયમાં 'ડેઇલી ટેલિગ્રાફ'ના વ્યવસ્થાપનમાં ફેરફાર થયો. અને મિ. 'ટી. પી.'ને એ પત્રની ઑફિસમાંથી પાણીચું મળ્યું. ખરી રીતે તો આ તો એની કસોટી હતી. સંભવ છે કે જો એ 'ડેઇલી ટેલિગ્રાફ'ના મદદનીશ તરીકે ચાલુ રહ્યો હોત તો એ ડરપોક, ગદ્ધાવૈતરૂં કરનાર પત્રકાર જ રહેત. પરંતુ એ તો કોઈ મહદ્ કર્તવ્ય માટે સર્જાયો હતો; અને ભાગ્યદેવી એને ફટકા મારીમારીને એ કર્તવ્ય તરફ ધકેલતી હતી. આ વિષયમાં પણ એના પોતાના શબ્દો જ રસિક થઇ પડશે: 'જ્યાં સુધી મારી ચાલુ—'આરામ'ની નોકરી રહી, ત્યાં સુધી હું કોઇના પરિચયમાં ન આવી શકયો. એ નોકરી ગઇ અને અનેક વરસો સુધી મારે અનિશ્ચિત નોકરીઓ કરવી પડી, દુ:ખો વેઠવાં પડયાં, ત્યારે જ હું મારા સહકારી થાય એવા માણસોના પરિચયમાં આવી શકયો. એ 'સહકારીઓ' કોણ હતા ? ફ્લીટ સ્ટ્રીટનો પત્રકારસમૂહ. તેઓ ઘણા સરસ માણસો હતા. પરંતુ મને તેઓ હમેશાં શોક-નિમગ્ન અને ક્ષુધાપીડિત દેખાતા. એ સમૂહ પ્રતિ હું આકર્ષાયો. જીવનમાં પહેલી જ વાર મને જણાયું કે હું પોતે ધારતો હતો એ નથી; જીવનની અનેકવિધ પીડાઓનું મને હવે ભાન થયું, હું દુર્ભાગી દુ:ખપીડિત લોકોના સમૂહમાંનો એક છું એમ મને જણાયું. મારાં લખાણોમાં કે ભાષણોમાં જો ગરીબો પ્રત્યે કંઇપણ દિલસોજી દેખાતી હોય, તો એનું કારણ માત્ર એ છે કે મને પોતાને દારિદ્રને અંગે વેઠવાં પડતાં દુ:ખોનો અનુભવ થયો છે.'

આગળ જતાં 'ટી. પી.' અનેક ડિબેટીંગ સોસાએટીઓ (ચર્ચા સભાઓ)માં ભાગ લેતો થયો; અને છટાદાર વક્તા તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી. એ અરસામાં પણ આજીવિકા પ્રાપ્તિ માટે એ પ્રકારપ્રકારની લેખનપ્રવૃત્તિ તો કરતો જ રહ્યો.

થોડા સમય પછી એ 'ન્યુ યૉર્ક હેરલ્ડ' પત્રની લંડનની ઑફિસમાં ગયો. ત્યાં એને નોકરી મળી ખરી, પરંતુ એ અલ્પ સમયમાં જ પાછો બેકાર થયો—અને એ પછીનાં ત્રણ વરસ બેકારીમાં વીતાડયાં. એ અરસામાં એને જે કંઇ કામ મળતું એ કરતો અને 'પાઇ પાઇ કરીને' પૈસા મેળવતો. એવામાં સદ્ભાગ્યે એને 'મૉર્નિંગ એકો' નામના એક પત્રના ઉપતંત્રીની નોકરી મળી; પણ 'નસીબ બે ડગલાં આગળનું આગળ' જ હતું! થોડા જ સમયમાં એ પત્ર બંધ થયું—૧૮૭૫માં. આ વરસથી ઓ'કોનોરની સાહિત્યપ્રવૃત્તિનો આરંભ થયો. એણે 'લૉર્ડ બેકન્સફીલ્ડનું જીવન ચરિત્ર' લખ્યું. લૉર્ડ બેકન્સફિલ્ડે પોતે એ પુસ્તકનાં મુક્તકંઠે વખાણ કરેલાં.

૧૮૮૦માં ટી. પી. ઓ'કોનોર પાર્લામેન્ટમાં દાખલ થયા અને થોડા સમય સુધી 'પૉલમૉલ ગેઝેટ'ના પાર્લામેન્ટરી ખબરપત્રી તરીકે કામ કર્યું. એ પત્રો 'ટી. પી.' છુપે નામે લખતા અને એ પત્રોએ વાંચક તેમ જ પાર્લામેન્ટરી જનતાનું ખુબ ધ્યાન ખેંચ્યું. અનેક લોકોએ એ લખનારનું નામ જાણવા ખાંખાખોળા કરી પણ 'ગેઝેટ'ના સંચાલકોએ બહુ કાળજી રાખી ટી. પી.નું નામ બહાર ન આવવા દીધું.

એ સમયમાં આયર્લંડનું નેતૃત્વ પારનેલને મળ્યું હતું. ટી. પીએ પારનેલના પક્ષમાં ભળીને એ પક્ષના પ્રચારકાર્ય માટે યુનાઇટેડ સ્ટેટ્સમાં વ્યાખ્યાનો આપ્યાં. સાત મહીના સુધી દરરોજ રાત્રે એ વ્યાખ્યાન આપતો રહ્યો. એ વખતે અમેરિકામાં મળેલી પ્રતિષ્ઠાને પ્રતાપે એને 'ન્યૂયૉર્ક સન' નામના પત્રના લંડનના ખબરપત્રીની જગ્યા મળી.

ટી. પી. ઓ'કોનોરને એના મિત્રો અને સ્નેહીઓ 'ટે પે'ને નામે ઓળખતા. એણે પોતાની ઘણીખરી શક્તિ પત્રકારિત્વની સેવામાં ખરચી. એ જુદાંજુદાં પત્રો માટેના પોતાના લખાણો ટાઇપરાઇટર વડે લખતા. ટાઇપ રાઇટિંગમાં એમની ઝડપ જબરી હતી.

'ટે. પે.'ના પત્રકારિત્વ પ્રત્યે નિર્દેષ કરતાં એના વર્તમાનપત્રના આદર્શ વિષેના શબ્દો યાદ આવે છે: 'વર્તમાનપત્રનો મારો આદર્શ એ છે કે એની પ્રત્યેક લીટી વાંચવાથી રસ પડે એવી હોવી જોઇએ: એનાં લખાણમાં મુદ્દાને વળગી રહેવાની નેમ અને દરેક બાબતની યથાસ્થિતતા તેમ જ મનુષ્યસ્વભાવને અનુકૂળ થવાનો ગુણ હોવો જોઇએ. સૌથી વધુ મહત્ત્વની વાત તો એ છે કે વર્તમાનપત્રે લોકોના સંકટ નિવારણ તેમજ તેઓની સ્વતંત્રતાનો આશય રાખવો જોઇએ. અને મનુષ્યજાતિ વધારે સુખી અને સમૃદ્ધ બને એ માટે અવિરત લડત કરવી જોઇએ! હું પોતે વર્તમાનપત્રને એટલા પુરતું આકર્ષક માનું છું કે એથી હું જે સિદ્ધાંતોને સત્ય ગણું છું એ સિદ્ધાંતોનો પ્રચાર કરવાની મને તક મળે છે.'

ટી. પી. ઓ'કોનોર રાજનીતિજ્ઞ હતો, પત્રકાર હતો, વક્તા હતો અને સાહિત્યસેવક હતો. ઇંગ્લંડમાં આયર્લંડની સ્વતંત્રતાની લડતનો એ ભૂતપૂર્વ સુકાની હતો. એના અવસાનથી પાર્લામેન્ટની જુનામાં જુની બેઠક ખાલી પડી છે.

(બે ઘડી મોજ)

એડિસનનો વારસદાર

ચિત્રકાર થવા માટે એકાદ જુવાન કોઈ મશહૂર ચિતારાનો અંતેવાસી બને, રંગની મેળવણી શીખે અને બીજાં પરચુરણ કામ કરી ઉસ્તાદને રીઝવે; અને ત્યારે કળાનું જ્ઞાન પામે. કોઈ મહંતને વારસ શોધવો હોય તો એકાદ જુવાનને નિકટનો શિષ્ય બનાવી પ્રસંગેપ્રસંગે તેના ચારિત્ર્યને કસોટીએ



એડિસન અને તેનો વારસ વિલ્બર

ચઢાવે. મુત્સદ્દીઓ કોઇ ચાલાક વિદ્યાર્થીને પોતાનો ખાનગી કારભારી બનાવી તેને રાજરમતની આંટીઘુંટીઓ શીખવે. જુના જમાનામાં શેઠિયા વણોતરને શાકપાન લેવા મોકલી તેની સોદાગીરીની કસોટી કરતા. પણ આ જમાનાના વિદ્યુતના પ્રીમિયાગર પેલા એડિસનને આ જુગજુની પ્રથા કેમ રૂચે ? એને પુત્ર નથી; એટલે પોતાની પાછળ પોતાનું કામ અખંડ જારી રાખે એવો પોતાના જ્ઞાનનો વારસદાર પોતાના દેશપુત્રોમાંથી ચુંટીને એને દત્તક લેવો પડયો. એ ચુંટણી માટે એણે તો ચાલાકમાં ચાલાક વિદ્યાર્થીની બુદ્ધિશક્તિની પણ કસોટી કરે એવી પ્રશ્નાવલિ રજુ કરી. યુનાઇટેડ સ્ટેટ્સના પ્રાંતેપ્રાંતમાંથી ચુનંદામાં ચુનંદા ૪૯ વિદ્યાર્થીઓ એ પરીક્ષામાં બેઠેલા. તેમાંથી સીએટલ પ્રાંતના ૧૯ વર્ષના કુમાર વિલ્બર હસ્ટનને એ વિદ્યુત જાદુગર (એડિસન)ના વારસદાર થવાની લાયકાત મળી છે. હવે એડિસનને ખર્ચે તેને અમેરિકાની સારામાં સારી વૈજ્ઞાનિક સંસ્થામાં અભ્યાસ અને તાલીમ આપવામાં આવશે.

વિલ્બરને શિષ્ટ સાહિત્યમાં રસ પડતો નહિ તેથી એના વડિલોને એનો ઉપયોગ સમજાતો નહિ! પણ અત્યારે આ શરમાળ છોકરો અમેરિકામાં સૌથી હોશિયાર યુવક ગણાય છે. વિલ્બર એડિસનની કસોટીમાંથી પસાર થયો ત્યારે જ સૌને ખબર પડી કે સફળતા મેળવવાને ગમે તેટલી સગવડનો ભોગ આપવાને એ તૈયાર છે; પણ સફળતા મેળવવાને તે ખાનદાની ચુકે નહિ, તંદુરસ્તી બગાડે નહિ, પ્રસન્નચિત્ત મટે નહિ; અને આબરૂ, દોલત તથા પ્રેમને ભોગે સફળતા મળતી હોય તો તે સ્વીકારે નહિ. વિલ્બર જીવનચરિત્રોનો બહુ રસિયો છે. વળી ચાર માસિકો નિયમિત વાંચ્યા વિના એને ચેન પડતું નથી. તરવાનો તથા ટેનિસ અને તલવારબાજી ખેલવાનો તેને બહુ શોખ છે. ઓટ વેળા દરિયાના ભાઠામાં રખડવું અને છીપ, શંખલા તથા બીજી દરિયાઇ ચીજોનો સંઘરો કરવો એ તેનો પ્રિય વિનોદ છે.

એડિસનના પ્રશ્નપત્રકમાં એક સવાલ આ હતો: 'તમારી નિશાળમાં બુદ્ધિ અને ચારિત્ર્યમાં તમારાથી ચઢિયાતો હોય એવા વિદ્યાર્થીનું નામ આપો.' વિલ્બર એવો સાચાબોલો છે કે તેણે આ સવાલનો જવાબ આપ્યો જ નહિ!

અને 'કોઇ પણ ધંધામાં સફળતા પામવાને અતિ અગત્યના ચાર ગુણ તમે કયા ગણો છો ?' એનો વિલ્બરે આપેલો જવાબ દુનિયાભરના કુમારોએ નોંધી લેવા જેવો છે: 'મહત્વાકાંક્ષા, કર્મણ્યતા—કામ કરવાની ધગશ, તાલીમ અને ખડતલપણું.'

એડિસનની પ્રશ્નાવલિમાંથી બીજી થોડી વાનગી: (૧) મુડીદારોનું મજુરો તરફનું અત્યારનું વર્તન ન્યાયભર્યું છે? (૨) કઇ શોધખોળ માનવમાત્રને વધુમાંવધુ લાભદાયી નીવડશે? (૩) આવતે વર્ષે તમને ત્રીસ લાખનો વારસો મળે તો તમે શું કરો? (૪) તમારો કોઇ ઓળખીતો તમારા પર ખોટું આળ મુકે કે તમે એને છેતર્યો છે, તો તમે કેવાં પગલાં લ્યો? આવા આવા પ્રશ્નોનોના ચબરાક અને બુદ્ધિદર્શક ઉત્તરો આપીને વિલ્બર અમેરિકાના કુમારોના કિરીટ તરીકે બહાર તરી આવ્યો છે.

સ્વરાજ્યની આશા ?

હિંદી પ્રજાને બ્રિટિશ સરકારની શુદ્ધબુદ્ધિમાં હવે શ્રદ્ધા નથી રહી. પાર્લામેંટે હિંદી પ્રજાના બહુમતી વિરોધ છતાં સાયમન કમિશનને રાજવહીવટની તપાસ કરવા હિંદમાં મોકલ્યું અને પરિણામે હિંદના રાજદ્વારીઓમાં એકતા પ્રગટી. સાબરમતીને તીરે ભારતના ભીષ્મપિતામહ સમા ગાંધીજી પોતાનો પ્રયોગ ફરીથી આદરે તો સફળ થાય એવું વાતાવરણ લાગ્યું. તેણે અજબ મુત્સદ્દીગીરીથી પંડિત જવાહરલાલને મહાસભાના પ્રમુખ ચુંટાવા દીધા ને વસ્તુસ્થિતિનો જાતે અભ્યાસ કરવા પોતે ઉત્તર હિંદના પ્રવાસે નીકળ્યા. અને એક મંગલ પ્રસંગે મેરઠમાં એકરાર કર્યો કે આ સાલને અંતે બ્રિટિશ સરકાર પોતાની સાફ દાનતની સક્રિય કબુલત નહિ આપે તો હું આવતી સાલના પહેલા પહોરથી સંપૂર્ણ સ્વાધીનતાની રણભેરી ગજાવીશ.

વાદળ ઘેરાતાં જોઇ ઈંગ્લંડના શાસનકર્તાઓ સાથે મસલત કરવા વાઇસરૉય વિલાયત સિધાવ્યા અને દીવાળીની બોણીમાં હિંદી પ્રજાને બ્રિટિશ સરકારની સાફ દાનતનો ખ્યાલ આપ્યો તથા જવાબદાર શાસન—એટલે સાંસ્થાનિક સ્વરાજ્ય-હિંદને મળશે એવી આશા બતાવી. બાળક રમકડાની આશાએ રાચે તેમ હિંદભરના મુત્સદ્દીઓ આ ઉચ્ચારણાથી ખુશખુશ થઇ ગયા. માત્ર સુભાષ બોઝ અને બીજા થોડા નેતાઓએ સાવધાન રહેવાનો બસૂરો સૂર કાઢયો! ગાંધીજી, મોતીલાલ નેહરૂ અને બીજા આગેવાનોએ સાવચેત રહી વાઇસરૉયને અભિનંદન આપ્યાં ને બ્રિટિશ સરકારનો હૃદયપલટો પુરવાર કરવા માટે તમામ રાજદ્વારી કેદીઓની મુક્તિનું તથા સાયમન

કમિશનના અહેવાલ પર મંત્રણા કરવા ગોળમેજી પરિષદમાં મહાસભાના પક્ષકારોની બહુમતિ રહે એવું કહેણ મોકલ્યું.

પાર્લામેંટમાં વાઇસરૉયના આ ઢંઢેરા વિષે ગરમાગરમ ચર્ચા ચાલી. પરિણામે હિંદીઓમાં બ્રિટિશ સરકારની શુદ્ધબુદ્ધિ વિષે અશ્રદ્ધા પ્રગટી. પણ વિલાયતના હિંદહિતેચ્છુ બ્રિટિશ મિત્રોએ ખાતરી આપી કે અત્યારે મજુર સરકાર પર બ્રિટનની પ્રજા ખુશ છે; સ્નોડન અત્યારે બ્રિટનના તારણહાર તરીકે પૂજાય છે; મૅકડોનલ્ડે રશિયાની દોસ્તી સાંધી છે ને યુનાઇટેડ સ્ટેટ્સનો સદ્ભાવ મેળવ્યો છે; એટલે મજુર સરકાર આ વખતે તો જરૂર હિંદના સવાલનું નિરાકરણ કરી નાખશે. ૧૯૧૭ની નીતિમાં ફેરફાર કરવામાં પાર્લામેંટની સંમતિ જોઇએ, માટે સાયમન કમિશનના અહેવાલની પ્રસિદ્ધિ પછી એ નીતિમાં ફેરફાર કરવા માટે મજુર પ્રધાન મંડળ પ્રયત્ન કરશે. આવી ખાતરીથી હાલ તો વાતાવરણ ઘડીભર શાન્ત થયું છે. આ માસની આખરે લાહોરની મહાસભા શું કરે છે તે પર હવે આગળ જોવાનું રહ્યું.

સ્ત્રીશિક્ષણનો અગ્નિહોત્રી

જનેતા જ માનવના સંસ્કાર સર્જે છે અને પોષે છે એટલી સીધી સાદી વાત બહુ થોડા સમજે છે. અને સમજે છે તેમાંથી યે સ્ત્રીશિક્ષણને પોતાનું જીવન ધ્યેય બનાવી પ્રજાના સંસ્કારનો અગ્નિહોત્ર અખંડ સાચવવા અવિશ્રાન્ત ઉદ્યોગ સેવે એવા તો બહુ જ વિરલ છે. ભાઇ અમૃતલાલ દાણી સ્ત્રીશિક્ષણના એવા સત્યનિષ્ઠ અગ્નિહોત્રી હતા. સમાજમાં સંસ્કારિતા પ્રગટાવવા માટે સ્ત્રીશિક્ષણ ઘરોઘર પસરવું જોઇએ એ વાત તેમને કૉલેજ જીવનમાંથી જ સમજાઇ ગઇ અને ગ્રૅજ્યુએટ થઇ તરત તે સુરતના વનિતાવિશ્રામમાં જોડાયા. પોતાની અર્ધાંગના આ કાર્યમાં સહચરી બને એવી રીતે એને પણ શિક્ષણ આપ્યું અને છેવટે ભાવનગરમાં મહિલા વિદ્યાલય સ્થાપીને જીવનનું તમામ હીર સ્ત્રીશિક્ષણના ચિંતનમાં અને કાર્યમાં ખરચી નાખ્યું. ગયા નવેમ્બરે કર્વેની ગુજરાતી આવૃત્તિ સમા ભાઇ અમૃતલાલ દાણીનો દેહ વિલય થયો. પરમસત્તા તેમના આત્માને શાન્તિ આપો અને સ્ત્રીશિક્ષણનો તેમનો અગ્નિહોત્ર અખંડ પ્રજ્વલિત રાખો.

ગર્ભશ્રીમંત સાહિત્યપ્રચારી

બીજા વિષયોમાં તેમ પુસ્તકો પ્રકાશવાના તથા વેચવાના ધંધાને પણ આજે, નવા યુગના ગુજરાતમાં, સંસ્કારી અને સાહિત્યના ખરા શોખીન યુવાનોની ઘણી જરૂર છે. આવા કાર્યકરોનો વર્ગ હજી તો આપણે ત્યાં શરૂ પણ હવે થાય છે. તેવા વખતમાં, મુંબાઇના તરુણ ગ્રૅજ્યુએટ બુકસેલર અને પ્રકાશક ભાઇ ગટુલાલ દામોદરદાસ બરફીવાળાનું ગયા નવેંબરમાં થએલું અવસાન ઘણું ખેદજનક છે. જેમને બજારૂ નહિ પણ ઉંચા પ્રકારના અંગ્રેજી સાહિત્યનાં પુસ્તકોનો ખપ વારંવાર પડે છે, તેઓ ભાઈ ગટુલાલને, તેવાં પુસ્તકો માત્ર સત્વર જ નહિ, બીજા બુકસેલરો કરતાં સારા વળતરથી પણ મેળવી આપનાર તરીકે ઓળખતા. સામાન્ય રીતે ગર્ભશ્રીમંત યુવાનોની લક્ષ્મી કવખતે અને કુમાર્ગે વેડફાઇ જાય છે, પણ ભાઇ ગટુલાલે તો તેને ઉંચા તથા સસ્તા સાહિત્ય દ્વારા સરસ્વતીની એકનિષ્ઠ સેવામાં વાપરવાનું ઉચિત ધાર્યું. સાહિત્યસેવાના ફંડફાળામાં પણ તેમનો હિસ્સો ઉમંગથી અને ઉદારતાથી તેટલો જ વિવેકથી અનેક વાર ભરાતો. ઉપરાંત, ગઇ દીવાળીના 'નવચેતન'માં છપાએલી એમની સુંદર અનુવાદ—વાર્તા 'મારૂં ઘર' પરથી આપણે જોઇ શકીએ છીએ કે તેઓ જીવ્યા હોત તો કલાત્મક અનુવાદોના આપણા દરિદ્ર સાહિત્યને તેમણે અવશ્ય ઠીક પ્રમાણમાં સમૃદ્ધ બનાવ્યું હોત.

પ્રભુ ભાવિ ગુજરાતમાં અનેક ગટુભાઇઓ જન્માવો.

જીવન સંજીવની

આબેહયાત કીમિયો શોધવાની ધૂન અસલી કીમિયાગરોને જ હતી એમ નથી. અત્યારે પણ અમૃતકૂપી મેળવવા કેટલાયે વૈજ્ઞાનિકો અખતરા કરી રહ્યા છે. ઑસ્ટ્રેલિયાના સિડનીના એક ડાક્તરે મુરદાંને સજીવન કરે એવી વિજળિક સોય બનાવી છે. ઘરની વિજળીની સ્વિચના પ્લગ સાથે આ સોય જોડી દ્યો અને મડદાને તેનો સ્પર્શ થતાં જ તેના શ્વાસોચ્છ્વાસ ચાલુ થશે. મરેલા અવતરેલા બાળક પર પા કલાક પછી આ સોયનો પ્રયોગ કરી જોયો અને બાળક સજીવન થયું! પુખ્ત ઉમરના માણસને મરણ પછી દસબાર મિનિટ આ સોય કાંઇ ફાયદો નથી કરતી પણ આ શોધથી જીવનદોરી ખુબ લંબાવી શકાશે એવી આશા છે.

પણ એથી યે વધુ અગત્યની અને ઉપકારક શોધ તો સર જગદીશ બોઝે કરી છે. આ પુણ્યનામ વૈજ્ઞાનિકે હિમાલયના પ્રદેશોમાંથી કોઇ જડીબુટ્ટી શોધી કાઢી અને તેનો જલદ અર્ક ખેંચ્યો. આ અર્ક તેણે ઝેર પાઈ લગભગ મરણ તોલ કરેલા છોડવાઓમાં સીંચીને દાખલ કર્યો અને બે મિનિટમાં તો એ તમામ છોડવા પહેલાં જેવા તાજા થઈ ગયા! બીજો સફળ પ્રયોગ તેણે ઝેરથી મરી ગએલા દેડકા પર કરી જોયો. પિચકારી વડે આ બુટ્ટીના સત્વનાં થોડા ટીપાં દેડકાના શરીરમાં સિંચ્યાં. દેડકાનું હૈયું પહેલાં કરતાંય વધારે જોરથી ધડકવા લાગ્યું અને દેડકાભાઇ નવો અવતાર પામ્યા. આ પ્રયોગના થાકની જરા યે અસર તેના દિદાર પર દેખાતી નહોતી. 'સ્ટ્રેપ્ટોકોકલ' ચેપથી સપડાએલા અને પરિણામે હૃદય બંધ પડી જવાથી મરણ પામે એવા દરદીઓ પર આ દવા અજમાવી જોવામાં આવી છે, પ્રાણીજ સત્વ (ઍનિમલ સિરપ) કરતાં આ વનસ્પતિનું સત્વ અનેક રીતે વધુ ઉપયોગી નીવડશે; કેમકે પ્રાણીજ સત્વ લેવાથી, જે પ્રાણીનું સત્વ હોય તેની ખરાબ અસર થવાનો સંભવ જ્યારે આ વનસ્પતિ જન્ય સત્વ નૈસર્ગિક અને શુદ્ધ હોવાની ખાતરી રાખી શકાય.

બાળલગ્નનિષેધ કાયદો (શારદા બિલ)



શ્રી હરવિલાસ શારદા

બ્રિટિશ હિંદમાં હજુ સુધી લગ્નની વય નક્કી કરનારો કોઇ કાયદો ન હતો. માત્ર કેટલાંક દેશી રાજ્યોનાં દફતર ઉપર લગ્નવયની હદ નોંધેલી જણાતી. પણ ગયા સપ્ટેમ્બર માસમાં હિંદુસ્તાનભરને માટે વડી ધારાસભાએ રાવ સાહેબ હરવિલાસ શારદાનો બાળલગ્ન નિષેધનો ખરડો પસાર કર્યો છે. તેને લીધે જે સરસ પરિણામો આવશે તેની કીમત અત્યારે થઈ શકે નહિ. ચૌદ સામે અડસઠ જેટલા સભ્યોએ આ ખરડાની મોટી તરફેણ કરી પસાર કર્યો છે. પણ છતાં જે થોડા ચુસ્ત ધર્માગ્રહી હિંદુ અને મુસલમાનોએ તેનો સામનો કર્યો તે પરથી લાગે છે કે હજુ સમાજ ઘણો પાછળ છે. સરકારી અને કેળવાએલા માણસોએ તે પસંદ કર્યો છે. પણ કેટલાય જુના મતવાદી ગૃહસ્થો અને ગામડાંની વસ્તી તેનો અમલ થવા દેવામાં ભારે આડ કરશે એમ લાગવાથી ધારા સભાના સરકારી સભ્યોએ પણ તેની તરફેણમાં ખુબ વજન આપીને તેનો માગ સરળ કરી આપ્યો છે.

સભા આગળ આ ખરડો હતો તે વખતે કેટલીયે નવી જાણવાજેવી વિગતો બહાર આવી હતી. તેમાંની એક તો એ કે, માત્ર હિંદુ કોમમાં જ બાળલગ્ન પ્રચલિત છે એ સમજણથી આ કાયદો તેને માટે જ રજુ થયો હતો. પણ બાળલગ્ન તો મુસલમાન કોમમાં પણ પ્રચલિત છે એ વાત તે વખતે બહાર આવી. ઘણા મોવડી મુસલમાનોને પણ આ વાત જાણબહાર હતી. અને તેમાંના જેઓ કેળવાએલા હતા તે બધાએ આ બિલને ટેકો આપ્યો છે.

હવે તો તે ખરડો પસાર થયો છે અને બધી કોમને એકસરખો લાગુ પડે છે. ખરડાનું બળ કમી કરવાને ઘણાએ ૧૩, ૧૨ અને ૧૧ વર્ષ સુધીની વય લાવવા સુધારા રજુ કર્યા હતા. કેટલાકે ૧૬ વર્ષ સુધી વધારવાનું સૂચવ્યું હતું તો કેટલાકે મુસલમાન જેવી કોમને છુટ આપવાનું કહ્યું હતું. પરંતુ એક પણ સુધારો સ્વીકારાયો નહિ અને આખો ય ખરડો તેના અસલ રૂપમાં કાયદા તરીકે મંજુર થયો તેની રૂએ લગ્ન માટે છોકરીનું વય ૧૪ વર્ષનું અને છોકરાનું ૧૮ વર્ષનું ઓછામાં ઓછું હોવું જોઇએ. આવતા વર્ષના એપ્રિલ માસથી તે કાયદો અમલમાં આવશે.

આ બિલ પસાર થવામાં મહાત્મા ગાંધીજી, પંડિત મોતીલાલ નહેરૂ અને મી. જીનાના સબળ ટેકાને ઘણો જશ ઘટે છે. દેશના કેળવાએલા વર્ગમાં આ ઠરાવથી સર્વત્ર ભારે સંતોષ દેખાયો છે, અને સૌ કહે છે કે સ્વાતંત્ર્યના પ્રયાસમાં આ એક અગત્યનું પગલું લેવાયું છે. આ કાયદાથી કન્યાને અભ્યાસ અને તાલીમ માટે વધુ સમય મળશે અને તેથી દેશના નારીજીવનમાં વધુ બુદ્ધિબળ વાતાવરણમાં આવશે. માત્ર મુશ્કેલી એ થશે કે પંદર વર્ષ સુધી કન્યાને તાલીમ અને શિક્ષણ આપવાને દેશમાં સંસ્થાઓ પુરી પાડવી પડશે. અને દરેક માબાપ કન્યાને યોગ્ય રીતે કેળવણી લેવાની સવડ અને તક આપે એ પ્રકારે સમજુતી ફેલાવવી જોઇશે.

યુવક આશ્રમો

પ્રવાસ કરવાની અને પોતાના દેશનાં રમ્ય સ્થાનો જોવાની ઉત્કંઠા હજારો માણસોને થતી હોય છે, પણ તેમની પાસે રેલવેનું ખર્ચ કે એવે ઠેકાણે ઉતરવાની ગોઠવણ આપે એવા ઓળખીતા મળી આવતા નથી તેથી મન વાળી બેસી રહે છે.

૧૯૧૧ સુધી જર્મનીમાં પગે પ્રવાસ કરતા યુવાનો માટે આવા થોડા આશ્રમસ્થાનો-ઉતારા-હતા. તેને લીધે આજે ત્યાં એ વાતનો રસ એટલો તો વધી ગયો છે કે અસંખ્ય મનુષ્યો જર્મનીના શહેરે શહેરનો પગપાળે પ્રવાસ ખેડે છે. એ બધાં ઉડતાં પખેરાં તરીકે ઓળખાય છે. તેમનાં ટોળાંમાં દરેક સંપ્રદાયનાં-ગરીબ કે તવંગર—વર્ગનાં કન્યાઓ અને છોકરાઓ હોય છે. તેમની જરૂરની ચીજો તેઓ જાતે જ ઉપાડી ફરે છે અને દેશનાં બધાં રમ્ય અને આકર્ષક સ્થળોએ ફરી આવે છે. સાંજ પડતાં તેઓને કોઇ ને કોઈ સ્થળે ઉતારો, બિછાનું અને મોઘું ન પડે એવા ભાવે સારૂં ખાવાનું મળી રહે છે.

'યુવાન જર્મન ઇન્સ' નામના એક મંડળની દેખરેખ નીચે લગભગ ત્રણલાખ પગપાળા પ્રવાસીઓની જોગવાઇ સાચવતા આશ્રમો જર્મનીમાં ઠેરઠેર વ્યવસ્થિત રીતે નભી રહ્યા છે. આ મંડળની લોકપ્રિયતા બહુ વધી પડી છે અને એ માત્ર છોકરા છોકરીઓનું જ રહ્યું નથી. યુવાનોની એ સરાઇનો લાભ હવે પુખ્ત વયના માણસોને અને પરદેશીઓને પણ મળે છે. હમણાં વળી ક્રેન્સબર્ગનો પુરાતન કિલ્લો આ મંડળને સોંપી

દેવામાં આવ્યો છે. તેમાં સમારકામ કરી ' ફડતાં પંખેરૂ 'એને એ સોંપી દીધો ત્યારથી એ યુવાનનો ગઢ (કૅસલ ઑફ યુથ)ના નામે જાણીતો થઈ ગયો છે. હવે ત્યાં સરાઈ તરીકે મુસાફરોને આશ્રય તથા રાંધવાનો સરસામાન વગેરે મળી રહે છે.

હિંદુસ્તાનમાં પ્રાચીન કાળથી આવી સંસ્થાઓ નભતી આવતી હતી. પણ હવે સંસ્કારી લોકો તેનો ઉપયોગ નહિ કરતા હોવાથી તે રખડુઓ ને ભામટાઓનાં આશ્રયધામો થઇ પડી છે. યુવાન સાહસિક વિદ્યાર્થીઓનાં જૂથો ધારે તો લોકો અને અમલદારોની મદદથી ગામવાર એ સંસ્થાઓને યોગ્ય મંડળના હાથમાં લાવી શકે તેમ છે.

જીવનનાં ઘડતર (એક પત્ર)

તમને ઘણા વખતે–લગભગ છ મહીને–પત્ર લખીએ છીએ. આળસ અને કામ એ સામાન્ય બહાનાં કાઢીને ક્ષમા માગીને છુટી જવાનું નથી ગમતું. એટલું ખરૂં કે લગભગ હમેશ અમે તમને યાદ કરતા હતા અને અહીં આવીને આજે કાગળ લખીએ છીએ. હવે ટુંકમાં અમે છ માહીનામાં શું શું કર્યું તે તમને જણાવી દઇએ.

અમે ૧૫મી જુને કરાંચી પહોંચ્યા. આ વખતે અમારી કૉલેજે હૉસ્ટેલ માટે ભાડે રાખેલું મકાન પણ કાઢી નાખ્યું હતું એટલે સૌએ જાતે જ મકાનો મેળવવાની સગવડ કરવાની હતી. અમારી કૉલેજ દિવસેદિવસે ગરીબ થતી જાય છે અને આમ લાંબુ ચાલશે તો થોડા વરસ પછી બંધ થવાની દહેશત પણ રહે છે... (પણ અમે ઇચ્છીએ છીએ કે એવું નહિ બને.) એટલે અમારી કૉલેજ ઘણી રીતે દેશી છે. અને ઓછાં સાધનોથી ઉચ્ચ શિક્ષણ લેવામાં, અમે, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ જેટલું અભિમાન લેવાય તેટલું લઇએ છીએ... અમે કૉલેજની નજીક એક મકાન રાખ્યું છે. સંખ્યામાં થોડા જણ રહીએ છીએ એટલે હૉસ્ટેલ કરતાં ચોકખાઈ વધારે રહે છે.

બે ત્રણ પૂનમની રાત્રિએ અમે ક્લિફટનને દરિયે નહાવા ગયા હતા. એક વખત મનોરા અને એક દિવસ કરાંચીની નજીક–૧૪ માઈલ–મલીરની ઉજાણીએ ગયા હતા. મલીરમાંથી કરાંચીનાં શાકભાજી અને ફળફળાદિ આવે છે. કરાંચીની આસપાસ મલીર એ જ એક લીલો ટુકડો છે. તેને કરાંચીનું નંદનવન કહીએ તો ચાલે.

અમારી કૉલેજની નજીક જ દયાશ્રમ કરી એક સંસ્થા છે. તેમાં આચાર્ય ગિદવાણીએ લલિત કળાઓની શાળા શરૂ કરી છે તેની વાત અમે તમને કરી હશે. સિંધમાં અને ખાસ કરી કરાંચીમાં આવી સંસ્થાની બહુ જરૂર હતી. તેમાં હાલ તો સંગીત, ચિત્રકળા અને માટીનાં પુતળાં બનાવવાનું શિક્ષણ અપાય છે. હમણાં તો છોકરાઓ માટે જ આ શાળામાં પ્રવેશ છે. અહીં ચિત્રકળા માટે શાંતિનિકેતનમાં શીખેલા એક યુવાન ચિત્રકાર અર્ધેન્દ્રનાથ બૅનરજી છે. તે કનુભાઇને સારી રીતે જાણે છે, કારણકે તેઓ ત્યાં સાથે હતા. અમારે તેમની સાથે ઠીક પરિચય થયો છે. એ ઉપરાંત ગયા ઉનાળાથી તો આચાર્યજીએ અહીં બાલમંદિર પણ શરૂ કર્યું છે. તેમાં કૉલેજમાં ગયે વરસે પાસ થએલા એક ગ્રૅજ્યુએટ કન્યા અને એક બીજા શિક્ષક કામ કરે છે. ગિદવાણીજી પણ ત્યાં હાજર હોય જ. અમને જ્યારેત્યારે આવવા તેઓ બહુ આગ્રહ કરે છે. પણ એટલો વખત કયાંથી મળે?

અમને અનુકૂળ વાતાવરણ કરાંચીમાં પણ મળી રહ્યું ખરૂં! આચાર્યજીના વધારે પરિચયમાં આવ્યા એટલે તેમની પ્રેરણાથી અને પ્રોત્સાહનથી અમે હમણાં જ 'યૂથ કૉંગ્રેસ' શરૂ કરી છે. કરાંચીમાં 'વિદ્યાર્થી સમાગમ' વગેરે બીજી વિદ્યાર્થીઓની સભાઓ છે, પણ યૂથ કૉંગ્રેસનો મુળ ઉદ્દેશ તો કૉલેજના છોકરાઓમાં મહાસભા વિષે જાગૃતિ લાવવાનો અને તેમને રાજકીય બાબતોમાં રસ લેતા કરવાનો છે. કૉલેજના છોકરાઓ ઠીકઠીક સંખ્યામાં એના સભ્યો થયા છે. પણ હજી તેમાં મોટે ભાગે ગુજરાતીઓ જ છે!

યૂથ કૉંગ્રેસ સ્થપાયા પછી ચાર પાંચ દિવસે જ ગાંધીજીનો મણિમહોત્સવ આવતો હતો. તે ઉજવવાનું પહેલું કામ હાથ ધર્યું. બંને કૉલેજોમાં રજા પડાવવાનું કામ પણ વિલક્ષણ રીતે પાર પડયું. આર્ટસ અને એન્જિનિયરિંગ બંને કૉલેજોના પ્રિન્સિપાલોને નમ્ર વિનંતિ કરી કે ગાંધીજીની જયંતિ દેશભરમાં ઉજવાય છે, ઉપરાંત કરાંચીની મ્યૂનિસિપાલિટી પણ ઑફિસો અને નિશાળોમાં રજા પાળે છે તો અમને પણ રજા આપો. આ અરજીમાં લગભગ એકેએક વિદ્યાર્થીએ સહી કરી. અરજી પ્રિન્સિપાલો પાસે જતાં આર્ટસ કૉલેજના પ્રિન્સિપાલે લાચારી બતાવી કે એ તેના હાથની વાત નથી. અમારા પ્રિન્સિપાલ ગોખલેએ કહ્યું કે 'હું રજામાં માનતો નથી; રજા પાળવાથી શું? તમે નકામી હોહા કરશો એટલું જ'! અમે કહ્યું, 'ત્યારે ગણેશ જયંતિ કે એમ્પાયર ડે જેવી રજાઓ શા માટે'? આમ સપડાયા એટલે એમણે બીજું કારણ શોધી કાઢયું: 'ગાંધીજીનો સંદેશો ઝીલવા તો કોઇ કાંઇ તૈયાર નથી. તમારામાંથી અરધો ડઝન છોકરા પણ એવા નીકળે કે જે હમેશાં ગાંધીજીને નામે અરધો કલાક કાંતે તો હું રાજીખુશીથી રજા આપીશ!' એમની દલીલ તદ્દન સાચી હતી પણ તેમના બોલવામાં આ વાતને અશક્ય માનીને આહ્વાન દીધું હોય તેવો ધ્વનિ હતો. ગોખલે દેશભક્ત છે ખરા, પણ 'લિબરલ' મતના; અને કૉંગ્રેસના નામની તો તેમને સૂગ પણ ખરી: કારણકે થીઑસૉફિસ્ટ રહ્યા ને?...

પણ અમે ૨૪ કલાકની અંદર ૧૦ જણાની સહી સાથે કાંતવા તૈયાર થયા અને વચન પ્રમાણે રજા આપવા કહ્યું. ગોખલેએ વચન પાળ્યું. ખુશી થયા (કહો કે ખુશી થવું પડયું) અને રજા પાડવી પડી. ગોખલેએ રજાની નોટિસ મુકી એટલે આર્ટસ કૉલેજના છોકરાઓ ફરી તેમના પ્રિન્સિપાલ પાસે ગયા. તેમણે પણ ગોખલેની સંમતિ લઈ રજા પાડી અને અમારા

૧૦ જણાને લીધે બંને કૉલેજના ૧૦૦૦ છોકરાઓને રજા મળી એટલે અમને પણ ઉંડો સંતોષ થયો.

ગાંધીજીની જયંતિ અમે નીચે મુજબ ઉજવી: સવારે ચાર વાગ્યે ઉઠી, અમારી અગાશીમાં સાડા પાંચ સુધી પ્રાર્થના કરી (ઉપર નીચે મળી અમે ૧૬ છોકરાઓ સાથે રહીએ છીએ). સાડા સાત વાગ્યે મ્યૂનિસિપલ બાગમાં રાષ્ટ્ર-ધ્વજ ફરકાવવાની ક્રિયા આચાર્યજીને હાથે થઇ.

નવ વાગ્યે કૉલેજના લેકચર થીએટરમાં સભા હતી. તેમાં પ્રોફેસરોનાં ગાંધીજી ઉપર વ્યાખ્યાન થયાં. તેમાં ગોખલેએ તો ભારે કરી. ગાંધીજીની છબી સામે મારી હીમત અંગ્રેજીમાં બોલવાની નથી થતી એમ કહી હિંદીમાં ભાષણ કર્યું. ૧૦ છોકરાઓની વાત કરી. સ્વદેશી વસ્તુઓ વાપરવાનાં વ્રત લેવાનો આગ્રહ કર્યો. સભા બે કલાક ચાલી. બપોરે દયાશ્રમમાં કાંતવાની હરીફાઇ હતી. બપોરના ભાગમાં અમે તકલી ઉપર કાંતવાનું શીખી લીધું.

સાંજે શહેરમાં ખાદી પ્રદર્શન અને જાહેર સભા હતી, પણ અમે નહોતા ગયા. અમે સાંજે મ્યૂનિસિપલ બાગમાં ગયા હતા. ત્યાં ગામનાં છોકરા છોકરીઓની નિશાળનો મોટો મેળો થાય છે. એ વખતે આખા વરસની સારી હાજરી વાળી બે નિશાળોને (એક છોકરાઓની અને એક છોકરીઓની) મ્યૂનિસિપાલિટી તરફથી ગાંધીજીનાં તૈલચિત્રો ભેટ મળે છે. તે સિવાય સારામાં સારાં સૂત્રો લખીને તેનું પ્રદર્શન કરે તે નિશાળોને પણ ઈનામ અપાય છે. આ બધું ગિદવાણીજીને આભારી છે.

રાત્રે ફરીથી અમારી અગાશીમાં રાષ્ટ્રગીતોનો જલસો હતો. वंदेमातरम् કરી વિખરાયા. ઘણે વખતે ઉમળકાથી અમે આ ઉત્સવ ઉજવ્યો.

તે પછી તરત રજા પડી અને અમે અહીં ગ્વાલીઅર આવ્યા. અભ્યાસનું થોડુંઘણું વાંચન ચાલે છે. દિવસે સહેજ ગરમી રહે છે પણ ચાંદની હોવાથી રાત્રિઓ અતિ મોહક અને શીતળ હોય છે. —અનંત-ઉપે.દ્ર

બોલતાં સીનેમા વડે વાઢકાપશાસ્ત્રનું શિક્ષણ

સીનેમા વડે અનેક વિદ્યાઓ શિખવાય છે એ વાત તો જાણીતી છે. વાઢકાપશાસ્ત્ર એ એટલું ચોકસાઈવાળું અને જોખમભર્યું શાસ્ત્ર છે કે તેમાં કાપ મુકવાના સ્થળની કે ક્રિયાની જરાપણ ભુલ થાય તો ઘણું નુકસાન થઇ બેસે. થોડા સમય પર એ શાસ્ત્ર સીનેમા વડે શીખવવાનું શરૂ થયું હતું. તેમાં ચોકસાઈ સારીપેઠે સચવાતી. હવે 'ટૉકીઝ'—બોલતાં સીનેમા—શરૂ થવાથી એમાં વધારે ચોકસાઇ આવશે. પ્રોફેસરનો અવાજ તથા ક્રિયા બંનેનો લાભ વિદ્યાર્થીઓને એથી મળી જશે.

આવી એક શસ્ત્રક્રિયાનો બોલતા સીનેમા દ્વારા કરાવેલા પરિચયનો અખતરો હમણાં લંડનમાં કરવામાં આવ્યો હતો. તેમાં, દરદીના કેસનાં કાગળિયાંથી શરૂઆત કરીને ઑપરેશન પુરૂં કરી દરદીને પાછો સુવાડી લઈ જવામાં આવે ત્યાં સુધીની બધી ક્રિયા સર્જનના વિવેચનાત્મક ભાષણ સાથે રજુ કરવામાં આવી હતી. આ પદ્ધતિ વાઢકાપના શિક્ષણમાં અતિશય ઉપયોગી નીવડવાની. તેનો એક બીજો ફાયદો એ છે કે ફિલ્મના ગમે તે ભાગને સ્થિર કરીને ગમે તે ક્રિયાને બારીકાઈથી, વિદ્યાર્થી ચાહે તેટલા લાંબા સમય સુધી પોતે જોઇને સમજી શકે.

ક્યારે સુવું?

એકાદ દિવસ આપણને ઉંઘ આવતી નથી તો તરત જ બીજે દિવસે આખું શરીર દુ:ખવા માંડે છે, બરડો ફાટવા લાગે છે, આંખો ઘેરાય છે, સુસ્તી ચડી આવે છે અને જાણે આખી યે ક્રિયા અસ્તવ્યસ્ત થઈ ગઇ હોય તેમ કામ કરવાની ઇચ્છા થતી નથી. અને આ બધું ફક્ત એક જ રાત્રિના ઉંઘના અભાવથી. આ ઉપરથી આપણને જણાશે કે ઉંઘ શરીરને કેટલી ઉપયોગી છે. એના સિવાય શરીરમાં સ્ફૂર્તિ રહેતી નથી. જેઓ પુરતી ઉંઘ મેળવી શકતા નથી તેઓનાં શરીર ખાસ અપવાદ સિવાય વહેલાં ઘસાઈ જાય છે. ચીન દેશના ભયંકર કાયદાની તો સૌને જાણ હશે. એ દેશમાં કેદીઓને મોતની સજા અઠવાડિયા સુધી અનિમિષ આંખે ઉંઘ્યા વિના રાખીને કરતા. આપણને આ કદાચ સામાન્ય લાગશે, પણ એ ભયંકરમાં ભયંકર આકરી સજા છે. અઠવાડિયા સુધી આંખનું પોપચું પણ બંધ કર્યા સિવાય ટગર ટગર આંખે જાગતા રહેવામાં આખા શરીરની શક્તિ નીચોવાઈ જતી અને કશી જ અનુયળી સિવાય અઠવાડિયાને અંતે–અથવા તે પહેલાં કેદીનું મોત જ થતું હતું. ખોરાક સિવાય અઠવાડિયાંનાં અઠવાડિયાં કાઢી શકાય, પણ ઉંઘ સિવાયની એકાદ રાત્રિ પણ વસમી થઇ પડે છે. ખોરાકનું અભિશોષણ ઉંઘ સિવાય થઇ શકતું નથી; અને જ્યાં આ અગત્યની ક્રિયા બંધ પડી, કે ઘસાઇ ગએલા પરમાણુઓની જગ્યા લેનાર કોઈ રહેતું નથી. એટલે આખી યે ક્રિયામાં મળ એકઠો થવા માંડે છે અને તેના જમાવથી તથા નવા પરમાણુઓના અભાવથી શરીર ખતમ થાય છે.

આમ ઉંઘ તો શરીરને ખોરાક કરતાં પણ ઉપયોગી છે; અને તેમાં યે થોડી પણ અસ્ખલિત ગાઢ નિદ્રાથી શરીરને જેટલો આરામ મળે છે તેટલો આરામ આખી રાત્રિની કાચી ઉંઘથી મળતો નથી. સારૂં સ્વાસ્થ્ય ધરાવતાં માણસો હમેશાં આવી અસ્ખલિત ગાઢ નિદ્રા ભોગવતા હોય છે. તેઓ થોડું ઉંઘતા હશે, પણ તેટલા વખતમાં તેઓને જોઇતો આરામ મળી રહે છે; જ્યારે બીજા આખી રાત્રિ પાસાં ફેરવતાં ઘડી ઘડી જાગીને ફરી ઉંઘવામાં જોઇતો આરામ મેળવી શકતા નથી. એટલે દરેકે આવી ગાઢ નિદ્રા લેવાની જરૂર છે અને એવી નિદ્રા લેવાની ખાસ ટેવ પાડવી જોઇએ.

આવી અસ્ખલિત નિદ્રા લેવાનો સમય હમેશાં આગલી રાતનો છે. સામાન્ય રીતે ૧૦ થી ૪ વાગ્યાનો રાતનો સમય

આ માટે ઉત્તમોત્તમ છે એમ કહી શકાય. તેમાં યે જેમ આગલી રાતમાં વહેલી ઉંઘ આવી જાય તેમ વધુ આરામ મળે છે. આપણને સામાન્ય રીતે અનુભવ હોય છે કે આપણી પહેલી ઉંઘ ભરનિદ્રા કહેવાય છે. આવી નિદ્રામાં પડેલાને ઉઠાડવો મુશ્કેલ થઈ પડે છે, જ્યારે પાછલી રાતમાં માત્ર એકાદ અવાજ પુરતો થઇ પડે છે. આગલી રાતની પહેલી અને ભર ઉંઘમાં શરીરના ઘસારાને પહોંચી વળવાનું કામ ઘણી ઝડપથી થતું હોય છે. આ કામ ધીમેધીમે ઓછું થતું જાય છે અને પાછલી રાત થતાં તો તે લગભગ પુરૂં થયું હોય છે. એટલે જ આપણામાં માન્યતા છે કે પાછલી રાતનો ઉજાગરો આગલી રાતના ઉજાગરા જેટલો વસમો પડતો નથી. પાછલી રાતમાં આપણી આંખ એની મેળે ઉઘડી જાય છે.

રાતના ૧૦ વાગ્યે સુઇ ૪ વાગ્યે ઉઠો અને પરોઢના ૫ વાગ્યે સુઇ દહાડો ચડતાં ૧૧ વાગ્યે ઉઠો, તો પહેલામાં તમને પુરતો આરામ મળ્યો લાગ્યો લાગશે, જ્યારે બીજામાં ઉજાગરો થયો લાગશે. ખેડુતો, કારીગરવર્ગ અને બીજો ગ્રામ્યવર્ગ સામાન્ય રીતે વહેલા સુઇ વહેલા ઉઠવાની ટેવ રાખે છે.

માટે હમેશાં આગલી રાત્રે જ સુવાની ટેવ રાખો. ખાસ કારણ સિવાય મોડે સુધી જાગો નહિ. અભ્યાસનું અગર બીજું કામ હોય તો પાછલી રાત્રે વહેલા ઉઠીને કરવાનું રાખો. એથી શરીરને પુરતો આરામ મળવાની સાથે તમારૂં કામ સારી રીતે કરી શકશો. દિવસે ખાસ ઉંઘવાની ટેવ હોય તો કાઢી નાખો. રાત્રે પણ વહેલી ઉંઘ ન આવતી હોય તો લેતા હો તેના કરતાં વધારે શારીરિક શ્રમ લ્યો. સુતી વખતે હાથપગ ગરમ પાણીથી ધુઓ. રાત્રે ગરમ પીણું પીઓ નહિ મગજ ઉશ્કેરાઇ જાય તેવી હલકી વાર્તાઓ વાંચો નહિ. માથું બીજા ભાગો કરતાં સહેજ ઉંચું રહે તેમ સુઓ. આ બધાથી મગજમાંનું લોહી ઠંડું પડશે. આ અને એવા બીજા કુદરતી ઉપાયો શોધી વહેલા સુવાની ટેવ કેળવો. એ તમને ઘણી તાજગી આપશે. —ચુનીભાઈ ધ. પટેલ (નવચેતન)

આપણાં પ્રાણીમિત્રો

દુનિયાની શરૂઆતમાં માણસજાત પ્રાણી તરફ બહુ માયા રાખતી. ખેતરનાં પશુનો ને હવાનાં પંખીનો માણસ દયાળુ રાજા હતો. પ્રાણીની પ્રજાને એનાથી ડરવાની લગારે જરૂર નહોતી પડતી. પૃથ્વીના રસાળ પાકમાંથી માનવજાત પોતાની મેળે પ્રાણીનો ભાગ કાઢી આપતી. સૌ એકબીજાનાં હોય એમ હેતથી રહેતાં. પણ આ સુવર્ણ સમય લાંબો ન ચાલ્યો. માણસ સ્વાર્થી થતો ગયો તેમતેમ પ્રાણી વચ્ચેનો એનો સંબંધ દિવસે દિવસે શિથિલ થતો ચાલ્યો. પ્રાણીઓ આ જુદાઇ સમજી ગયાં ને માનવજાતથી જુદાં પડી વસ્યાં.

છતાં પણ કોઇ મહાન આફત માનવજાતને તથા પશુજાતને ગભરાવી મુકતી ત્યારે એ જુનો સંબંધ યાદ આવતો ને પ્રાણીઓ પોતાના રક્ષણ માટે માનવજાતની સોડમાં લપાતાં. ને આજ આટલાં અસંખ્ય વર્ષો પછી પણ આપણે જોઇએ છીએ કે એ પૂર્વનો સ્નેહ સાવ નથી વિસરાયો. પાણીના મોટા પૂરના તથા ભયંકર પૃથ્વીકંપના સમયમાં બીકનાં માર્યાં એ જંગલી પશુઓ પોતાની છુપાવાની જગ્યા છોડી રક્ષણ માટે માનવ વસ્તીના પ્રદેશમાં દોડયાં આવે છે. આશ્રયની જરૂરિયાતમાં બધી દુશ્મનાવટ ને ભીતિ વિસરી જવાય છે ને મુળ સંબંધ આવી મળે છે.

ધ્રુવના શોધકો કહે છે કે જે પ્રદેશમાં માણસનાં પગલાં નથી પડયાં ત્યાં પશુ ને પક્ષીઓ માણસથી બીતાં નથી. ત્યાંનાં પ્રાણીઓ માણસને પોતાના કરતાં જુદી જાતનાં જીવંત પ્રાણી લેખે છે ને એ પોતાને કાંઈ ઇજા નહિ કરે એવી કુદરતી શ્રદ્ધાને લીધે એનાથી ડરતાં નથી

આ પ્રીતિ-નાશનું મુખ્ય કારણ શિકારી છે. માનવ ને પશુ વચ્ચેનો સ્નેહદીપ એણે બુઝવી નાખ્યો છે. તો પણ જગતની શરૂઆતમાં જે પ્રાણીઓ માણસની જમીન ને ઘરમાં ભાગીદાર તરીકે વસતાં ને એની સેવા ઉઠાવતાં તેમના અંતરમાંથી માણસ પ્રત્યેનો સ્નેહભાવ હજુ ઘટયો નથી. ખોરાક ને રક્ષણ માટે માણસજાત પર આધાર રાખતો કુતરો હજી માણસ પ્રત્યે પૂજ્યભાવ ધરાવે છે; તે એની મોન પ્રશંસા કરે છે. ઓછી બુદ્ધિ ને નબળી યાદદાસ્ત વાળો ઘોડો પણ માણસ માટે સ્નેહ ધરાવે છે. ને બિલાડી, જે માનવકુટુંબમાં વસવા માટે સૌથી મોડી આવી મનાય છે તે માનવ પ્રત્યેની પ્રીતિ ને પોતાની કુદરતી જંગલી વૃત્તિઓની ખેંચાખેંચીમાં દુ:ખી થાય છે.

છતાં બધાં પ્રાણીઓ અથવા લગભગ બધાં માણસજાતને સ્નેહના બદલામાં સ્નેહ આપે છે જ ને આપણે નામ ગણાવ્યાં એ ત્રણ, કુતરો ઘોડો ને બિલાડી તો માણસને ચરણે પ્રેમના બદલામાં માત્ર પ્રેમ જ નહિ પરંતુ સર્વસ્વ અર્પણ કરી દે છે. કુદરતનો એક ઇતિહાસકાર પ્રાણીઓની લાગણીના બહુ જ વિચિત્ર છતાં તદ્દન સાચા એવા થોડાક દાખલા આ નીચે આપે છે.

આપણે ઘણીવાર પ્રાણીઓના સ્નેહની વાત કરીએ છીએ. મોટે ભાગે એ બધી વાતોને આપણે કોમળ દિલનાં માણસો મુંગા પ્રાણીઓ ઉપર જે સ્નેહ ધરાવે છે તેને લગતી સમજીએ છીએ પણ આપણને ઓછો જ ખ્યાલ છે કે પોતાની પ્રત્યે સ્નેહ રાખનાર ને પોતાને આશ્રય આપનાર માણસ ઉપર મુંગા પ્રાણીઓ જે સ્નેહ ધરાવે છે તે માણસના સ્નેહથી પણ અનેકગણો ચડિયાતો છે. બીજાં બધાંની પ્રત્યે બહુ જ જંગલી વર્તન રાખનારાં કુતરાં કે બિલાડીને પણ પોતાના માલિક માટે અત્યંત પ્રેમ ધરાવતાં ને એનું લગભગ પૂજન કરતાં કોણે નથી જોયાં? એક બિલાડીની વાત યાદ આવી જાય છે. કુટુંબનાં બધાં માણસો સાથે એ હળતી મળતી ને બધાંને ચાહતી; પણ એક માણસ માટે તો એ પોતાના

હૈયામાં અનોખું જ સ્થાન રાખતી. એ માણસ બહાર જતો ત્યારે એ બીચારી ભુખી તરસી ને શોક કરતી બારણાંની સામે જ પડેલી એક ખુરસી ઉપર બેસતી જ્યાંથી એ પોતાના માલિકને દૂરથી આવતો જોઈ શકે.

આ બિલાડીને કાંઇક અકસ્માત થયો. થોડા માઈલ દૂર આવેલી ઇસ્પિતાલમાં એને મોકલવી પડી. ચાર દિવસે બિલાડીના માલિકે—મિત્રે એની તબિયતના સમાચાર પુછાવ્યા. ડાક્ટરે જવાબ મોકલ્યો કે 'બિલાડીના ઘા રૂઝાતા જાય છે પણ તમારે માટે એ એટલી બધી તલસે છે કે મને એની ચિંતા થઇ પડી છે. અહીં આવ્યા પછી એણે એક વાર પણ ખાધું નથી. જો તમે અહીં સુધી આવીને એને ખવડાવી જાવ તો ઘડીકમાં એ સાજી થઇ બેઠી થઇ જશે એમાં મને શક નથી.' બિલાડીનો મિત્ર આ શબ્દો સાંભળી દોડતો એની ખબર કાઢવા ઇસ્પિતાલે આવ્યો. એને જોતાં જ આનંદથી બિલાડી ગાંડા જેવી થઈ ગઇ. એના ખોળામાં બેસી તેણે ધરાઇને બે બિલાડી ખાય એટલો ખોરાક લીધો ને સાજી થઇને તરતમાં જ એ પાછી ઘેર જતી રહી.

ઘોડાના સ્નેહની એક કરુણ ઘટના થોડાં વરસ પહેલાં લડાઇના સમયમાં બની ગઈ. ખુનખાર લડાઈના ક્ષેત્ર ઉપર જ એ પ્રસંગ બનેલો. લુઝની લડાઈ વખતે ખાઈમાં ઉભેલા માણસોએ દુશ્મનોના તોપ ગોળા જે માર્ગે થઇને આવતા તે જ માર્ગે એક સવાર વિનાના ઘોડાને ઉભેલો જોયો ત્યારે એમના અચંબાનો પાર રહ્યો નહિ. બે દિવસ ને બે રાત સુધી એ વફાદાર સ્નેહાળ પ્રાણી એને એ જગ્યાએ ઉભું રહ્યું. છેવટે થોડાક માણસો ખાઈમાંથી નીકળી એની પાસે ગયા ઘોડાને જરાકે ઇજા નહોતી થઇ. ઘવાયાને લીધે કે બીજી કાંઇ ઇજાથી એ ત્યાં ઉભો હતો એમ નહોતું. ત્યારે? તે એના માલિકની ચોકી કરતો હતો. જે બહાદુર સવાર એના પર બેસી લડતો હતો તે મૃત્યુ પામીને એના પગ આગળ પડ્યો હતો ને મશીન-ગન, બૉમ્બગોળા ને છરીઓના વરસાદ આ સ્નેહાળ પ્રાણીને પોતાના માલિકથી એક ડગલું પણ દૂર ચલાવી શકયા નહોતા. એનો સ્નેહ, એનો નિશ્ચય અડગ હતાં.

જે માણસો એની આગળ ગયા હતા તેઓ ગમે એટલો યત્ન કરવા છતાં એને ત્યાંથી ખસેડી શકયા નહિ. તેઓ ખાઈએ પાછા ફર્યા ને બધા સૈનિકોને પ્રાણીના પ્યારની આ રોમાંચક ઘટના જણાવી. ઘોડાનો સ્વભાવ ને એમની પાસેથી કામ લેવાની રીતો જાણનાર કેટલાક સૈનિકો એને ત્યાંથી લઈ આવવા એ ભયંકર માર્ગ વીંધતા એની આગળ ગયા. તેમણે ઘોડાની આંખ ઉપર પાટા બાંધી દીધા. પોતાના પ્યારા માલિકને જોવા જ્યારે તે અશક્ત નીવડયો ત્યારે ગન વાળાને એ ખોરાક ને સલામત જગ્યા માટે ગમે ત્યાં દોરાઇ જવા તૈયાર થયો.

લેફ્ટેનન્ટ સોલ્ટા પાસે એક કુતરો હતો. એ એની સાથે ને સાથે રહેતો. લેફ્ટેનન્ટને સુદાનની લડાઇમાં જવાનો પ્રસંગ આવ્યો. કુતરો પણ સાથે ગયો. લેફ્ટેનન્ટ ઘવાયા ને મરણ પામ્યા. કુતરો અત્યંત ગમગીન ચહેરે શબની પાસે ઉભો. યૂનિફૉર્મ પહેરેલું લેફ્ટેનન્ટનું શબ કબરમાં ઉતારવામાં આવ્યું ત્યારે આ વફાદાર કુતરો ધીમેધીમે કબરની કોર સુધી પહોંચ્યો ને માલિકના શરીર સામું અશ્રુપૂર્ણ નયને પ્યારથી જોઇ રહ્યો. ત્યારે એનું હૈયું વલોવાઇ જતું હોય, અસહ્ય વ્યથા અનુભવતું હૈયું એવી એકેએક નિશાની એના ચહેરા પર ને વર્તનમાં દેખાતી. અરે, એને જીભ હોત તો એ કેટલો કરુણ, માનવને અપરિચિત, એવો અપૂર્વ વિલાપ કરત? પણ કબર પુરી દેવા માટે એ દુઃખી કુતરાનું એટલું આશ્વાસન પણ ઝુંટવી લેવાની ફરજ પડી. એક અમલદાર એને ત્યાંથી ખેંચી લાવવા ગયો ત્યારે તે ચૂપ, સ્થિર, જાણે પાષાણની મૂર્તિ હોય એમ ઉભો રહ્યો. એ પ્રસંગ જોયો હોય એવો કોણ કહી શકે કે પ્રાણીઓમાં માણસજાત કરતાં જરા યે ઓછી લાગણી કે અધુરો સ્નેહ છે? અરે, માનવજાત તો એની વફાદારીને પ્યાર આગળ કશી વિસાતમાં નથી.

થોડાં જ વરસ પહેલાં સ્કેરબરોની બનેલી બીના એક કુતરાની આટલી જ રોમાંચક કથની છે. માલિક અકસ્માતથી ડુબી ગયો છે. કુતરો ખેદ કરતો ને ઉછળતા પાણી સામે તિરસ્કાર ને ક્રોધની નજર ફેંકતો કિનારે ઉભો છે. શબને બહાર કાઢીને કબરમાં લઇ જવામાં આવ્યું. માલિકથી ડગલું યે દૂર રહેવું એ કુતરાને મોતથી યે વધુ કપરૂં લાગ્યું. માલિકની પાછળપાછળ એ કબરસ્તાનમાં ગયો ને થોડા દિવસ પછી પ્યારા માલિકના શરીરની પાસે જ મરણ પામીને સુતો. કેટલો સ્નેહ!

ડૉકટર બેલના ઉપરીપણા નીચેના ડબ્લિનના પ્રાણી સંગ્રહમાંથી નીચેની કરુણ વાત મળી આવે છે.

બબુન જાતના એક વાંદરા પાસે દરરોજ જવું ને સ્નેહથી એની પીઠ થાબડવી ને પંપાળવો એ એની હમેશાની ટેવ હતી. એક દિવસ લૉર્ડ લેફ્ટેનન્ટ બગીચો જોવા આવ્યા ને એમની સાથે ફરીને બધું બતાવવાનું કામ ડૉકટરને માથે આવી પડ્યું. ફરતાં ફરતાં બંને આ વાંદરા પાસે આવી પહોંચ્યા. પરંતુ ઉતાવળમાં તે દિવસે ડૉક્ટર એના પર સ્નેહલ હાથ ફેરવવાનું કે પ્યાર બતાવવાનું ભુલી ગયા. બીજો દિવસ થયો. ડૉકટર તો એના હમેશના નિયમ મુજબ વાંદરાના પાંજરા પાસે આવ્યો. પણ એક દિવસ વિસરાઇ ગએલા વાંદરાએ એના સામું જોયું નહિ ને ડૉકટરે એને પંપાળવા હાથ લંબાવ્યો તે પણ તરછોડી નાખ્યો. એની રીસ ઘણા દિવસ સુધી ચાલી. પરિણામ એ આવ્યું કે એ ગરીબ પ્રાણી દુઃખમાં એટલું બધું નબળું પડી ગયું કે થોડા જ વખતમાં એને ક્ષય લાગુ પડયો. એના બચવાની જરા યે આશા નહોતી. મરવા અગાઉ એક દિવસે એની શક્તિનો છેલ્લો અંશ વાપરીને એ વ્યથિત વાંદરો ધીમેધીમે ખસતો એના પાંજરાના બારણા

સુધી ગયો ને ડૉક્ટર આવ્યા ત્યારે સ્નેહની જાણે સમાધાની કરતો હોય એમ પોતાનો પંજો ડૉક્ટર બેલ તરફ લંબાવીને ધરી રાખ્યો. ભાઇબંધી તુટી ત્યારથી આજ સુધીમાં પહેલી જ વાર એણે આ પ્રમાણે કર્યું હતું.

આ વાતમાં આપણને વાંદરાની તીવ્ર લાગણી દેખાઇ આવે છે. બાળક સમી એની લાગણીપ્રધાનતા, વહાલા ડૉક્ટરનો સ્નેહ સહેજ પણ ઓછો થએલો માલુમ પડતાં અત્યંત વ્યથા અનુભવવી ને રીસાઈ જવું, એ જુદાઇની આગમાં બળી છેવટે માંદગીનો ભોગ થવું ને અંતમાં પોતે હવે સદાને માટે ચાલ્યો જશે એવી ખબરથી માલિકને છેલ્લી વાર સ્નેહથી ભેટી લેવાની પ્રબળ ઇચ્છામાં રીસનું સરી જવું —આ બધું એનો સ્નેહ, કોમળતા, બુદ્ધિમતા ને લાગણીપ્રધાનતા જ બતાવે છે. જે માનવજાત કરતાં જરા યે ઉતરે એમ નથી.

જેમ્સ ફૉર્બ્સ નામનો મુસાફર વાંદરાની એક કરુણ કથની આપણને જણાવે છે. એક વાર એણે એક વાંદરાને ગોળીબારથી ઠાર કર્યો ને એનું શબ લઇ પોતાના તંબુમાં આવ્યો. થોડી જ વારમાં એનો આખો તંબુ વાંદરાંઓથી ભરાઇ ગયો, તંબુની બહાર લટકાવેલ જે બંદુકે એમના જાતભાઇનો પ્રાણ હર્યો હતો તેની આગળ વારેવારે જઇને દાંતિયાં કરવા લાગ્યાં ને જાણે એને પાછો સજીવન કરવા માટે બંદુકને વિનવવા લાગ્યાં. છેવટે એક મોટો વાંદરો તંબુના બારણા આગળ આવ્યો ને પોતાના ગમે એટલા ઝનુનની પણ કાંઇ અસર થતી ન જણાઈ ત્યારે હાથ લંબાવીને, અતિશય અસરકારક હાવભાવથી, વાંદરાનું શરીર પાછું માગતો હોય એમ વિલાપ કરવા લાગ્યો.

છેવટે ફૉર્બ્સથી એ રુદન સામે વધુ વાર થઇ શકાયું નહિ ને એણે પેલા વાંદરાનું શબ આ અરજદારને આપી દીધું. આ મોટા વાંદરાએ શોકગ્રસ્ત ચહેરે શબને પોતાના હાથમાં ઉપાડયું ને રડતો રડતો એના સાથીઓ પાસે ચાલ્યો ગયો. જે જે માણસોએ આ દૃશ્ય જોયું તે બધા પ્રાણીઓની આ જાતની માનવ લાગણીથી અજાયબી પામી ગયા ને તે દિવસથી તેઓએ પણ લીધું કે વાંદરાને કદિ પણ મારવો નહિ.

પ્રાણીઓના નિરીક્ષક પ્રો. સેવાન્સ સાપની મલી લાગણીની આપણને વાત કરે છે. લંડનના એક ઘરમાં થોડાક સાપ પાળવામાં આવ્યા હતા. આ સાપને એક કબાટમાં રહેઠાણ આપવામાં આવ્યું હતું પરંતુ કુટુંબનાં માણસો ઘેર હોય ત્યારે એ બધા કબાટમાંથી બહાર નીકળી આવતા ને કુટુંબનાં માણસો સાથે રમતા. આ કુટુંબમાં બે નાની છોકરીઓ પણ હતી. બોઆ નાગના નાના ઝાડ જેટલો જાડો સાપ તો અતિશય આનંદપૂર્વક એ છોકરીઓ ફરતો કુંડાળાં જ વ્યા કરતો.

હવે બન્યું એવું કે આ કુટુંબને દેશાવર જવાનું થયું. સલામત રક્ષણ માટે બોઆને પ્રાણી-સંગ્રહસ્થાનમાં મુકવામાં આવ્યો. પણ આ હેતાળ સાપે પોતાના મિત્રોના વિરહમાં ખાવાપીવાની સાફ ના પાડી દીધી ને દિવસે દિવસે ભુખથી ને દુઃખથી દુબળો પડવા લાગ્યો. આખરે છ અઠવાડિયાં વીત્યે એના માલિકોએ પાછા આવી એની માગણી કરી ત્યારે એ આનંદથી કુદીને એમની આગળ જતો રહ્યો ને એમની આસપાસ વીંટળાઇ હર્ષનું એકેએક ચિહ્ન બતાવવા લાગ્યો.

આવી ને આથી યે વધુ કરુણ અંતવાળી આપણી વાતો આગળ ને આગળ ચાલી જાય. ભુખથી ને થાકથી મોત આવે ત્યાં સુધી ચોરાઇ ગએલા બાળકનાં પગલાં જોતીજોતી ચાલી જતી હાથણીનાં પ્રેમ ને દર્દની એમાં કરુણ કથની છે. ઇસેક્સની ગાયોના ધણની પણ એક એવી જ વાત છે. ખેતરમાં એક ગાય મરી ગઇ. બધી ગાયોએ તે આખો દિવસ બેચેની, મુંઝવણ ને આપણે કળી શકીએ એવી વ્યથામાં પસાર કર્યો. તેઓ વારેવારે એ મરેલી ગાય પાસે જઈ એનું મોં ચાટવા લાગી. સવારે એ મરેલી ગાયને લઇ જવા ગાડું આવ્યું ત્યારે એમણે છેલ્લી વાર એના શરીરને ચાટી લીધું ને જ્યાં સુધી ગાડું દેખાયું ત્યાં સુધી દુઃખનાં બાંવરડાં મારતી એની પાછળ પાછળ ચાલી. છેવટે નિરાશ થઇ એ દિશામાં નજર માંડી રડતી ઉભી રહી.

આ બધાં દૃષ્ટાંતો ઉપરથી શું આપણને માનવાની ફરજ નથી પડતી કે પ્રાણીઓ પણ આપણા જેવી જ લાગણીઓ અનુભવે છે, આપણી માફક જ ખેદ કરે છે ને દુઃખના આઘાતથી હૈયું ભાંગી મરણ પણ પામે છે? આટઆટલી સાચી વાતો આપણી સામે પડી છે ને દરેક જણ એમાં પોતાનો અનુભવ ઉમેરી શકે છે. પ્રાણીઓના નિકટ પરિચયમાં આવનારા સૌ કહે છે કે સુખના સમયની વાત અલગ રાખીએ, પણ આપત્તિની પળોમાં તો આ મુંગાં પ્રાણીઓ માનવજાતને લગભગ મળતાં જ આવે છે.

આપણે એમની લાગણીઓ સમજીએ, એમના મિત્ર બનીએ ને સુખ આપીએ.

(અંગ્રેજી ઉપરથી) —વ્રજલાલ શાહ

આધુનિક ઠગવિદ્યા

બીજી વિદ્યાઓની જેમ ઠગવિદ્યામાં પણ આજકાલ ખુબ પ્રગતિ થઇ રહી છે. આપણે ત્યાં બહારવટિયા કે બીજા બદમાશો, ખરચી ખુટે ત્યારે કોઇ માલેતુજાર પટેલીઆ કે શેઠીઆને ઝાસાચિઠ્ઠી મોકલે અને રણવગડામાં કોઈ અવાવરૂ વાવ પાસે કે ભાંડવા કુવા પાસે રોકડ નાણાં લઇ હાજર રહેવા ફરમાવે. પણ આ રીતે પકડાઈ જવાનો બહુ ભય હોવાથી હવે સુધરેલા ઠગ લોકોએ નાણાં કઢાવવાની બીજી રીતો શોધી કાઢી છે.

જર્મનીમાં બે બદમાશોએ એક માલમાલિકને ૩,૭૫૦ રૂપિયા માટે ઝાસાચિઠ્ઠી મોકલી અને દમદાટી આપી કે નાણાં નહિ મોકલો તો તમને બદનામ કરશું અને પાયમાલ કરશું. અને નાણાં મોકલવાનું સરનામું આપે એવા તેઓ ઉલ્લુ બદમાશ નહોતા. પોલિસને તેમના રહેઠાણનો પત્તો મળે

નહિ એટલા માટે તેઓ રાત્રે એક પાંજરામાં બે પાળેલાં કબુતર એ મીલમાલિકને આંગણે મુકી ગયા અને નાણાંની નોટોનું બંડલ કબુતરને પગે બાંધીને તેને ઉડાડી મુકવાની સૂચના આપી.

મીલમાલિકે તરત પોલિસને ખબર આપી. પોલિસે એરોપ્લેન મારફત કબુતરનો પીછો પકડવાનો નિરધાર કર્યો. એરોપ્લેન કરતાં કબુતર બહુ ધીમે ઉડે છે અને એટલી ધીમી ગતિએ એરોપ્લેન હાંકવું એ રમત વાત નથી. પણ એક બીજા કબુતરનો પીછો પકડી તેઓએ અખતરો કરી જોયો કે એરોપ્લેનને ચક્રાકારે ચલાવી કબુતરની પાછળ પાછળ જઇ શકાશે.

પછી પેલાં બદમાશો વાળાં કબુતરને છોડી મુકયાં અને પાછળ એરોપ્લેન હાંકયું. કબુતર હેંગ્બર્ગના એક ઘરમાં જઇ બેઠાં અને એરોપ્લેનમાંથી તે ઘરનો ફોટો લેવાઇ ગયો!

આતુર હૈયે બદમાશોએ કબુતરની જડતી લીધી. પણ એકે પક્ષી પાસેથી નાણાં મળ્યાં નહિ તેથી તેઓ ગભરાયા. દરમ્યાન પોલિસ હેંગ્બર્ગ તરફ કુચ કદમ ધસી આવતી હતી. છેવટે બારણું ઠોકાયું અને પોલિસનો વડો આવી પહોંચ્યો!

દસ માઈલ ઉંચે હવામાં

બ્રુસેલ્સના વૈજ્ઞાનિક પ્રોફેસર પિકાર્ડ બલુનમાં ૫૦૦૦૦ ફુટ ઉંચે આકાશમાં ઉડવાનો અખતરો કરે છે. વધુમાં વધુ ઉંચે ઉડવાની હરીફાઇ માટે જ નહિ પણ એટલે ઉંચે હવા ખુબ જ પાતળી અને આછી હોય છે તથા ત્યાંથી પૃથ્વી ઉપર પડતાં સૂર્ય-કિરણોની વધુ સૂક્ષ્મ માહિતી મેળવવા માટે તેણે આ પ્રયોગ આદર્યો છે. વાતાવરણને ભેદીને પૃથ્વી પર અવતાં આ કિરણોને હવાનાં અસંખ્ય કણ સાથે સંઘર્ષણ થાય છે અને તેથી એ કિરણોનું તેજ ઘણું ઓછું થઇ જાય છે.

અમેરિકાના એક વૈજ્ઞાનિકે ઉંચા પર્વતનાં શિખરો પર આ—Cosmic Rais—કિરણોનો પ્રયોગ કરી સિદ્ધ કર્યું છે કે સીસાના કેટલાક ઈંચ જાડા પતરા સોંસરાં અને પાણીના ત્રીસ ફુટના થર સોંસરાં આ કિરણો પસાર થઇ શકે છે. એકસ—રે અગર રેડિયમનાં કિરણો કરતાં ય આ કિરણો વધુ પ્રચંડ હોય છે. પૃથ્વીની સપાટી કરતાં દસ માઈલની ઉંચાઇએ પ્રો. પિકાર્ડનાં સાધનો આ કિરણોની વધુ સૂક્ષ્મ નોંધ લઇ શકશે અને તે કેવી રીતે કયાંથી ઉત્પન્ન થાય છે અને તેનો શું ગુણ છે તેની આપણને ચોક્કસ માહિતી મળશે.

એટલી ઉંચાઇએ હવા એટલી પાતળી હોય છે કે શ્વાસ લઇ શકાતો નથી, તેથી હવા પ્રવેશી શકે નહિ એવું બલુન બનાવવું પડશે અને તેમાં હવાનો પુરતો જથ્થો સંઘરવો પડશે. આજ સુધીમાં આટલે ઉંચે એકે આદમી ઉડયું નથી. રાણી વિકટોરિયાના વખતમાં એક બલુન સાત માઇલ સુધી ઉડયું હતું અને તેમાંનાં તમામ ઉતારૂઓ લગભગ મરણતોલ ઠરીને ઠીંગરું થઇ ગયાં હતાં. કહેવાય છે કે સાત માઈલની ઉંચાઇ પછી આકાશમાં હવા ઠંડી નહિ પણ વધુ ગરમ હોય છે.

સોવીએટ રશિયાનો કેળવણી અને સંસ્કૃતિનો કાર્યક્રમ

હાલની રશિયન સરકાર ગામડાંના જન સમુદાય માટે ખાસ હસ્તી ધરાવે છે તેથી તેણે કેળવણીનું બધું કાર્ય ગામડાંઓને કેંદ્રસ્થાને રાખીને થાય એવી યોજના કરી છે.

ગામડાંઓમાં થતા એ કાર્યથી એક મુખ્ય ઉદ્દેશ તરી આવે છે કે સંસ્કૃતિનું એકેએક તત્ત્વ માત્ર શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોમાં જ નહિ પણ સમસ્ત પ્રજાજીવનમાં ઓતપ્રોત થવું જોઇએ. જેથી સંસ્કૃતિનું માપ સારી યે પ્રજામાં એક સરખું વધે. એમ છતાં સંસ્કૃતિનો અભ્યાસ શહેરમાં વધુ સારો થઇ શકે છે. ત્યાં જ આપણે પુખ્ત ઉમર માટેની અને શાળાજીવન શરૂ થતાં પહેલાંની પારણાની, કિન્ડરગાર્ટનની અને મૈદાની પદ્ધતિઓથી અપાતી અનેકવિધ કેળવણી જોઇ શકીએ છીએ.

પારણાની કેળવણીનું દર્શન કારખાનાંઓમાં થઇ શકે છે. ત્યાં બાળકોની ખુબ સંભાળ લેવાય છે અને દર ત્રણ કલાકે માતાઓને બાળક પાસે આવવા દેવામાં આવે છે. કિન્ડરગાર્ટન પદ્ધતિની મર્યાદા આપણા કરતાં ત્યાં વધુ મોટી છે. ઉંઘ અને આરામના ઓરડાની સાથે ત્યાં રાંધતાં શીખવવાની તથા જાતજાતની હસ્તકળાઓના શિક્ષણની સગવડ હોય છે. જીવનની બધી જાતની પ્રવૃત્તિ ખીલવવાની ત્યાં જોગવાઈ હોય છે.

શહેરમાં અસ્તિત્વ ધરાવતી સામાન્ય સંસ્થાઓ કેળવણી માટે અમુક ફાળો આપે છે તે પણ કેળવણીના પ્રચાર અર્થે મહત્ત્વનું ગણી શકાય. વળી શાળાઓમાં અભ્યાસ કરતા દરેક બાળકે સમાજને ઉપયોગી થઇ પડે એવું કોઇ ને કોઇ કામ કરવું જોઇએ. એ પદ્ધતિ પણ દાખલ થઇ છે. જોકે આ વિચાર અમેરિકાનો છે પણ તેને રશિયાએ જ મૂર્ત સ્વરૂપ આપ્યું છે.

ઉપરાંત શાળાઓમાં શાળાઓનાં ધારાધોરણ તથા સંસ્કારિતાની કેળવણી સાથે સોવીએટોનો રાજ્યકીય અને આર્થિક અભ્યાસ પણ કરાવવામાં આવે છે. કદાચ પાશ્ચાત્ય લોકોને આ વસ્તુ બોલ્શેવિઝમના પ્રચારકાર્ય જેવી લાગે, કારણકે તેમની સંસ્થાઓને રાજ્યકીય બાબતોથી દૂર રાખવામાં આવે છે. પણ જ્યાં પ્રજાસત્તાક રાજ્ય હોય છે ત્યાં આવી જાતનું પ્રચારકાર્ય સ્વાભાવિક હોય છે.

પ્રચલિત ધર્મરુઢિના ખંડનને અર્થે પણ ત્યાં ખુબ જ પ્રચારકાર્ય થઇ રહ્યું છે: મોટાં ભીંતચિત્રો અને કેળવણીની સંસ્થાઓ દ્વારા. અને ભવિષ્યની પ્રજા ઉપર ધર્મની ઓછામાં ઓછી અસર રહે તે માટે ખાસ પ્રયાસ ચાલી રહ્યા છે. કેટલીક રીતે અંધ શ્રદ્ધા, અનારોગ્ય રીતરિવાજ, ધાર્મિક અજ્ઞાનતા એ સર્વને દૂર કરવામાં આ તત્ત્વ ઘણું જ ઉપયોગી થઇ પડયું છે.

આવી ધાર્મિક વસ્તુસ્થિતિ હોવા છતાં ધર્મનાં મૂળ દરેક દેશમાં હોય છે તેટલાં ત્યાં પણ ઉંડાં છે.

ભગવાન બુદ્ધના પૂર્વજન્મની 'જાતક કથાઓ'માંની એક એવી છે કે, બુદ્ધ એક જન્મે બહુ ચતુર બાળક હતા. એક સમયે તેના પિતા પોતાના સદ્ગત પિતાના શોકે દુઃખી થતા હતા. જ્ઞાની પુત્ર આ જોઈ બોલ્યા વિના તુર્ત ઉઠચો. નજીકમાં એક મરેલો પાડો પડયો હતો તેની આગળ ઘાસ નીરીને કહ્યું ખા; પાણી મુકીને કહ્યું પી. શોક કરતા પિતા આ શબ્દો સાંભળીને ડાહ્યા દીકરાનું મૂર્ખાઇભર્યું કામ જોઇ સઘળું સમજ્યા ને શોક ભુલ્યા.

જર્મન પ્રધાન બિસ્માર્ક કહેતો કે 'વચન ન આપવું ને પાળવું તે સોનું છે; આપેલું વચન પાળવું તે રૂપું છે; પણ આપ્યા છતાં વચન ન પાળવું તે બ્રિટાનિક લોઢું છે.'

વીંછી ડંખ મારે કે તરત જ તે જગ્યાએ મીઠું ઘસવાથી વીંછી ચડતો નથી.

શાહીના ડાઘ ન જતા હોય તો રાંધેલા ભાત ઘસીને ધોઇ જોજો.

ગણિતમાં વપરાતું = (બરાબરનું) ચિહ્ન રૉબર્ટ રેકર્ડ નામના માણસે શોધી કાઢયું. ૧૫૫૭માં લખેલા પોતાના બીજગણિતના પુસ્તકમાં તે જણાવે છે કે 'બરાબર' શબ્દ વારંવાર લખવાથી કંટાળી મેં સરખી લંબાઇની બે ટુંકી લીટી લખવાની રીત શોધી. બંને સરખી હોઈ રકમોનું સરખાપણું સૂચવે, અને વળી લેખનમાં સહેલી.

ખુરશીના ઢીલા થએલા નેતરને તંગ કરવા માટે અરીઠાનાં ફીણ ચોળીને સુકાવા દેજો. ત્રણેક વાર આમ કરવું પડશે.

આંકડાની એક ગમ્મત:

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૦ એ આંકડાઓને ઉલટા કરી તેના સરવાળા બાદબાકી વડે જવાબ ૦ લાવી શકાય. આ પ્રમાણે:

	૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૦
ઉલટાવેલી	૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧
બાદબાકી	૨ ૪ ૬ ૯ ૧ ૩ ૫ ૬ ૯
ઉલટાવી	૯ ૬ ૫ ૩ ૧ ૯ ૬ ૪ ૨
સરવાળો	૧ ૨ ૧ ૨ ૨ ૩ ૩ ૨ ૧ ૧
ઉલટાવી	૧ ૧ ૨ ૩ ૩ ૨ ૨ ૧ ૨ ૧
સરવાળો	૨ ૩ ૩ ૫ ૫ ૫ ૫ ૩ ૩ ૨
ઉલટાવી	૨ ૩ ૩ ૫ ૫ ૫ ૫ ૩ ૩ ૨
બાદબાકી	૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦

જે ગાયનું દુધ હોય તેમાં તે જ ગાયનું ઘી નાખીને (થોડી સાકર સાથે) પીએ તે સૌથી પૌષ્ટિક ગણાય છે. શિયાળો આવે છે; સગવડ હોય તે કરી જુએ.


એક વિજ્ઞાનશાસ્ત્રીએ શોધી કાઢયું છે કે જળચર પ્રાણીઓમાં ગંધ કે સ્વાદ પારખવાની શક્તિ હોતી નથી.

ઇરાનીઓ પોતાના છોકરાઓને ઘોડે બેસતાં, સાચું બોલતાં ને ઠંડા પાણીએ હજામત કરતાં પહેલું શીખવે છે.

હનુમાનને તેલ શાથી ચડે છે? દુધ બહુ શક્તિદાયક ગણાય છે; પણ તેલનો માલિશ તેનાથી યે ચડે છે.

ધ્રોનું ચૂર્ણ બુદ્ધિવર્ધક ગણાય છે. બુદ્ધિના દેવતા ગણપતિને ધ્રો ચડે છે.


શિયાળામાં ચપોચપ કરતાં જરા ઢીલાં કપડાં પહેરવાથી હુંફ વધારે રહેશે; કેમકે એમાં હુંફને રહેવાનું સ્થાન મળે છે.



વિજળીની બત્તી શોધાયે પચાસ વર્ષ પુરાં થયાં તેના માનમાં અમેરિકાએ હમણાં તેનો કનકમહોત્સવ ઉજવ્યો. ૧૮૭૯ના ઑક્ટોબરની ૨૧મી તારીખે મેન્લોપાર્ક ગામની નાનકડી પ્રયોગશાળામાં ટૉમસ આલ્વા એડિસને વિજળીની બત્તીનો પહેલો સફળ પ્રયોગ કરીને જગતની સામાજિક ને ઔદ્યોગિક પ્રગતિમાં જે મહામોલું અર્પણ કર્યું, તેની યાદગીરી અમર કરવા અમેરિકન કૉંગ્રેસે તેને એક ચંદ્રક અર્પણ કર્યો, અને તેણે શોધેલી પહેલવહેલી બત્તીનું ચિત્ર દેશની એક આનાની ટપાલની ટિકિટ ઉપર મુકાવ્યું.

એડિસને શોધેલી પદ્ધતિના વિદ્યુત્પ્રવાહ વડે પ્રેરાતા પ્રકાશ અને શક્તિએ અરધી સદીમાં તો દુનિયાની શકલ બદલી નાખી છે. પચાસ વરસ પહેલાં જે દુનિયા ઝાંખા ધીમા ને ધુમાડિયા તેલના દીવા વડે અંધકાર સામે મથતી તે આજે આંગળીના દબાવવા સાથે ઝળાંઝળાં થઇ રહે છે, અને પ્રચંડ સાંચાઓ તથા વાહનો માત્ર હાથના ઇશારા સાથે હજાર ઘોડાના બળથી ધમધમા રહે છે. જગતની પ્રગતિના પંથે પ્રકાશ પ્રેરનાર એ વિભૂતિ પ્રત્યે આદરપૂર્વક ઋણભાવ દર્શાવી અમેરિકન પ્રજા તેનું જે બહુમાન કરે છે તેમાં આપણે આપણી લાગણી ભેળવીએ.

યૂયાર્ક નામના પર્વત પર એક કાંટાવાળું ઝાડ મળી આવ્યું છે, તેના કાંટા એટલા મજબુત છે કે તેનો ઉપયોગ ગ્રામોફોનની રેકર્ડ વગાડવામાં થાય છે! એક કાંટા વડે ૩૦ રેકર્ડ વગાડી શકે છે.



તમારી આંખ વિષે એક નવતર: ઉપલું ચિત્ર તમારી આંખ સામે દસેક ઇંચ છેટે ધરી રાખો. હવે ડાબી આંખ બંધ કરી જમણી આંખ ચોકડી ઉપર સ્થિર કરો, ને પછી ધીમેધીમે ચિત્ર આંખની નજીક લેતા આવો. સાતેક ઇંચે આવતાં એકાએક કાળું ટપકું દેખાતું બંધ થશે. આંખમાં કેટલો દોષ છે તે આ રીતે તપાસાય છે.